


# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08

હિપ ઇજા પછી રશ્મિકા મંદાનાનું દર્દ છલકાયું...



પેજ-09

મેસીની પેનલ્ટી મિસ છતાં ઇન્ટર મિયામીની હાર....




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 27.00 |
| વડોદરા | 31.00 | 27.00 |
| સુરત | 29.00 | 27.00 |


પેજ 5




એન્થ્રોપિકના CEO ડારિયો એમોડેઈનો દાવો: AI રેગ્યુલેશનથી....

17 AUGUST-2026 MONDAY

ડોનાલ્ડ ટ્રમ્પ ત્રીજી વખત લડશે પ્રમુખપદની ચૂંટણી, અમેરિકામાં ચૂંટણી




પેજ 10


**.....સુવિચાર.....**

લોકો હંમેશા તમારાથી થયેલી ભૂલો જ યાદ રાખશે.. પણ તમે એના માટે કરેલા કામ અને મદદ યાદ નહીં રાખે ..!!


વર્ષ-15 । અંક-273 । વિક્રમ સંવત-2082 । શ્રાવણ સુદ - 05 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક



FLAMES OF HOPE
Where Hope Meets Healing

# SOUL GYM

अहम् ब्रह्मास्मि

Daily Mind • Body • Soul Wellness Membership

Just like your body needs daily exercise, your mind, emotions and soul deserve daily care too.

## SILVER

3 MONTHS
WELLNESS JOURNEY

16 Sessions / Month
Total: 48 Live Sessions

₹ 6,000 + 18% GST

DAILY PRACTICES INCLUDE

- Guided Chakra Meditation
- Reiki-Based Relaxation Sessions
- Guided Hypnosis for Relaxation & Positive Mindset
- Theta Healing & Belief Transformation
- Stress Management Techniques
- Emotional Wellness Practices
- Self-Worth & Confidence Building
- Relationship Wellness & Communication
- Focus & Productivity Training
- Guided Water Healing Technique
- Essential Oil Charging & Mindful Usage
- Gratitude & Positive Affirmation Practice
- Breathing & Relaxation Exercises
- Visualization & Goal Setting
- Mindfulness & Inner Peace Sessions
- Yoga for Chakra Balancing
- Yoga for Aura Cleansing & Energy Enhancement
- Energy Protection & Aura Strengthening Practices
- Positive Mindset & Daily Life Transformation Activities

Daily Live Sessions
Supportive Community
Guided Transformation

## GOLD

6 MONTHS
TRANSFORMATION JOURNEY

20 Sessions / Month
Total: 120 Live Sessions

₹12,000 + 18% GST

EVERYTHING IN SILVER PLUS

BONUS #1
1 FREE
Tarot Reading Session

BONUS #2
1 FREE
Personal Wellness Session (1-to-1)

Priority WhatsApp Community Support

Monthly Progress Review

Build Healthy Habits
Improve Emotional Balance
Reduce Stress
Enhance Focus & Productivity
Transform Your Life

## PLATINUM

1 YEAR
COMPLETE WELLNESS JOURNEY

20 Sessions / Month
Total: 240 Live Sessions

₹ 25,000 + 18% GST

EVERYTHING IN GOLD PLUS

BONUS #1
4 FREE Tarot Reading Sessions

BONUS #2
2 FREE Personal Wellness Sessions (1-to-1)

BONUS #3
ULTIMATE CHAKRA HEALING MASTERY VIDEO COURSE
WORTH ₹50,000

- Learn The Science Behind Chakra Healing
- Learn All 7 Chakras in Complete Detail
- Nadis & Energy Flow Systems
- Planetary Associations of Each Chakra
- Crystals, Essential Oils & Chakra Healing
- Hormones, Body Parts & Chakra Connections
- Diseases & Their Possible Chakra Associations
- Chakra Healing Exercises & Affirmations
- Reiki & Chakra Healing
- Sound Therapy, Yoga, Food & Reflexology
- Palmistry & Chakra Associations

+ 3 Additional Bonuses

Lifetime Access • Watch Anytime
Learn at Your Own Pace
No Monthly Fees • No Recurring Charges

- Priority Appointment Booking
- VIP Members WhatsApp Community
- Quarterly Wellness Review
- Exclusive Members-Only Healing Workshops
- Premium Guided Meditation Library
- Priority Support
- Special Discounts on Future Workshops & Advanced Courses

## WHY JOIN SOUL GYM?

Daily Live Guided Sessions | Positive & Supportive Community | Develop Healthy Daily Wellness Habits | Improve Emotional Balance | Build Self Confidence | Learn Powerful Relaxation Techniques | Lifetime Friendships & Community Support

*“ Physical fitness builds the body.
Soul Gym nurtures the mind, emotions and inner well-being.
Because true transformation begins from within. ”*

ENROLL TODAY
+91-8970413579/8050121357
fohhealingschool.com

MIND CALM | EMOTIONS HEAL | ENERGY BALANCE | SOUL AWAKEN | LIFE TRANSFORM

INVEST A FEW HOURS EVERY MONTH... AND A LIFETIME IN YOUR INNER WELL-BEING.

# ચાણસ્મા કન્યા શાળા ખાતે દિવ્યાંગ વિદ્યાર્થિનીના વરદ હસ્તે ધ્વજવંદન કરાયું



નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા કન્યા પ્રા શાળા ખાતે 80મા સ્વાતંત્ર દિવસની ઉજવણીના ભાગરૂપે દિવ્યાંગ વિદ્યાર્થીના વરદ હસ્તે દવજવંદન સમારોહ યોજાયો હતો જેમા શાળાના વિધાર્થિઓ આંગણવાડીના ભુલકાંઓ શાળા પરીવાર આંગણવાડી કાર્યકરો વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા

# દેશભરમાં Gen-Alpha અને Gen-Z શિક્ષણ વ્યવસ્થાને લઈને ચિંતિત, ગુજરાતમાં પણ શિક્ષણની સ્થિતિ ગંભીર: મનોજ સોરઠીયા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ એક અત્યંત મહત્વપૂર્ણ મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે શિક્ષા વ્યવસ્થાની બરબાદીના મુદ્દા પર સમગ્ર દેશમાં Gen-Alpha જનરેશનના બાળકો આંદોલિત છે અને GenZ જનરેશનના યુવાનો પણ શિક્ષા વ્યવસ્થાને લઈને જ ખૂબ જ ચિંતામાં છે. ગુજરાતમાં 30 વર્ષથી ભાજપની સરકાર છે પરંતુ શિક્ષણ વ્યવસ્થા તદ્દન ખાડે ગઈ છે, પ્રાઈવેટ શાળાઓ લૂંટવા સિવાય અને પૈસા ઉઘરાવવા સિવાય બાળકોના વિકાસ પર કોઈ ધ્યાન આપતી નથી. હમણાં PGI 2.0 (કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય)



નો એક સર્વે આવ્યો. આ સર્વેમાં ગુજરાતને 1000 માંથી માત્ર 600 જેટલા પોઈન્ટ મળ્યા છે એટલે કે ગુજરાતનું શિક્ષણનું સ્તર ફક્ત 60 ટકા છે. પાંચ વર્ષ પહેલા ગુજરાતનું સ્તર પાંચમા નંબરે હતું, ત્યાંથી નીચે આવીને હવે ગુજરાતનો નંબર 15 માં સ્થાને આવી ગયો છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, બીજી તરફ આમ આદમી પાર્ટીની પંજાબની સરકારે ફક્ત ચાર વર્ષના ગાળામાં જ નીતિ આયોગના રિપોર્ટમાં જે 26 માં નંબરનું રાજ્ય હતું એ આજે નંબર 1 રાજ્ય બની ગયું છે. જ્યારે સારી નિયત હોય, સાચી નીતિ અપનાવવામાં આવે તો આવા કામ થતા હોય છે. બાળકોને આગળ લઈ જવાનું અને દેશને વિશ્વગુરુ બનાવવાનું સાચા અર્થમાં સપનું સાકાર કરવાનું હોય તો પંજાબ સરકારે જે કરી બતાવ્યું એ ગુજરાત સરકારે પણ કરી બતાવવું જોઈએ. પરંતુ આપણે જાણીએ છીએ કે ગુજરાતમાં માત્રને માત્ર લોકોને લૂંટવામાં આવે છે અને લોકોને ડરાવી ધમકાવીને સત્તા કાયમ રાખવાનું કામ ગુજરાતની સરકાર કરી રહી છે. થોડા દિવસ પહેલા આપણે ડ્રોપ આઉટ રેશિયો પણ જોયો જેમાં ધોરણ 12 સુધી પહોંચીને બાળક પોતાનો અભ્યાસ છોડી દે છે. તો ગુજરાતની આ સ્થિતિ ગંભીર છે, ભાજપને સત્તાનો નશો છે એટલા માટે જ એ લોકોએ ગુજરાતમાં સૌથી મોટું પાપ

# મજુર પરિવારોના 71% બાળકો કુપોષણના શિકાર: હિમાંશુ ઠક્કર

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કરે એક વિડીયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આપને જાણીને આશ્ચર્ય થશે કે 71% બાળકો કુપોષણના શિકાર છે. નાના, મધ્યમ અને ગરીબ પરિવારો જે મજૂરી કરીને આપણા માટે મોટા મોટા બિલ્ડિંગો બનાવે છે, એ મજૂર પરિવારોના બાળકો આજે કુપોષણના શિકાર છે. નથી એમને પૂરતું ખાવાનું મળી રહ્યું કે નથી એમનું આંગણવાડીમાં રજીસ્ટ્રેશન થતું, આ સિવાય જે મોટી મોટી ગ્રાન્ટો અને ફંડ હોય છે એની સહાય પણ આ પરિવારો અને તેના બાળકો સુધી પહોંચતી નથી. આ લોકોને સ્વાસ્થ્યની પણ યોગ્ય સુવિધાઓ નથી મળતી. આવા પરિવારોનો ખૂબ જ મોટો વર્ગ છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા હિમાંશુ ઠક્કરે જણાવ્યું હતું કે, આ મજૂર અને ગરીબ પરિવારના બાળકો જો કુપોષણના શિકાર બનશે તો આવનાર ભવિષ્ય કેવું તૈયાર થશે? અને કઈ રીતે દેશમાં સ્વસ્થ, સશક્ત અને તંદુરસ્ત બાળકો આગળનું ભવિષ્ય બનાવશે? સરકારે આ મુદ્દા પર ગંભીરતાથી વિચાર કરવાની જરૂરત છે. ઝૂંપડામાં અને કાચા મકાનોમાં રહેતા તથા વારંવાર જેમનું સ્થળાંતર થતું હોય છે એવા લોકોની સંખ્યા ખૂબ જ મોટી છે, તો એમના સ્વાસ્થ્ય માટે પણ કંઈક વિચાર થવો જોઈએ. ભ્રષ્ટાચાર ઓછો થવો

# તિરંગાની શાનમાં રતડીયા શાળા ઝળહળી, લોકસહયોગથી શિક્ષણને મળ્યું બળ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

80મા સ્વાતંત્ર્ય પર્વની ગૌરવપૂર્ણ ઉજવણી રતડીયા પ્રાથમિક શાળાના પટાંગણમાં દેશભક્તિના માહોલ વચ્ચે કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ગામના પ્રથમ નાગરિક સરપંચશ્રી સુભાષભાઈ ઠક્કર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. SMC અધ્યક્ષશ્રી ભૂરુભા સોઢા, ઉપસરપંચશ્રી અબ્બાસભાઈ સાટી, પાટીદાર સમાજના પ્રમુખશ્રી વિશ્રામભાઈ ગોરાણી સહિત વિવિધ સમાજના આગેવાનો, ગ્રામ પંચાયતના સભ્યો, SMC સભ્યો, વડીલો, માતાઓ-બહેનો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ પ્રભાતફેરીથી થયો હતો, જેમાં ગામના આગેવાનો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. ત્યારબાદ સરપંચશ્રી સુભાષભાઈ ઠક્કર તથા પાટીદાર સમાજના પ્રમુખશ્રી વિશ્રામભાઈ ગોરાણીના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. ધ્વજારોહણનું સંચાલન ધોરણ-8ના વિદ્યાર્થી પટેલ નીલે કર્યું હતું.સરપંચશ્રી સુભાષભાઈ ઠક્કરે પ્રાસંગિક ઉદબોધન કરી વિદ્યાર્થીઓને શિક્ષણ, સંસ્કાર અને રાષ્ટ્રપ્રેમ સાથે આગળ વધવા પ્રેરણા આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો, જેનું સંચાલન જીયા ચાવડા, કવિતા જોષી અને શિયા પટેલે શિક્ષિકા હેમાલીબેન ગોસાઈના માર્ગદર્શન હેઠળ કર્યું હતું.પ્રતિભાશાળી શિક્ષક તરીકે આચાર્ય અશોકભાઈ પરમારનું ગૌરવ, ્રી રતડીયા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી અશોકભાઈ પરમાર સાહેબને શિક્ષણ વિભાગ, ગુજરાત



રાજ્ય દ્વારા વર્ષ 2026-27 માટે 'પ્રતિભાશાળી શિક્ષક પ્રમાણપત્ર' એનાયત કરવામાં આવ્યું છે. રવાપર ક્લસ્ટરમાં શ્રેષ્ઠ કામગીરી બદલ મળેલું આ સન્માન શાળા પરિવાર માટે ગૌરવની ક્ષણ બની હતી. રૂ.31 હજારના લોકફાળાથી શાળા વિકાસને મળ્યું બળ: સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને માત્ર એક દિવસનો કાર્યક્રમ ન બનાવી, શાળાના વિકાસ સાથે જોડવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. શાળાના વિકાસ માટે ગ્રામજનો દ્વારા રૂ.31,000નો લોકફાળો આપવામાં આવ્યો, જે શિક્ષણ પ્રત્યેના ગ્રામજનોના સહકાર અને શાળા પ્રત્યેની લાગણીનું ઉત્તમ ઉદાહરણ બન્યો છે.વિદ્યાર્થીઓની પ્રતિભાને મળ્યું પ્રોત્સાહન: ધોરણ 3થી 8માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવેલા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ જનરલ નોલેજ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને પણ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. સરપંચશ્રી સુભાષભાઈ ઠક્કર અને પાટીદાર સમાજના પ્રમુખશ્રી વિશ્રામભાઈ ગોરાણી દ્વારા શાળાના તમામ બાળકોને નોટબુક અને બોલપેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. પાટીદાર સમાજના પ્રમુખશ્રી વિશ્રામભાઈ ગોરાણીનું SMC અધ્યક્ષશ્રી ભૂરુભા સોઢા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.અંતે આચાર્યશ્રી અશોકભાઈ પરમાર સાહેબે ઉપસ્થિત તમામ મહાનુભાવો, ગ્રામજનો, વાલીઓ, વડીલો અને શાળા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો. રાષ્ટ્રધ્વજની આન-બાન-શાન સાથે શિક્ષણની પ્રતિભા અને ગ્રામજનોના લોકસહયોગને ઉજાગર કરતી રતડીયા પ્રાથમિક શાળાની આ ઉજવણી સૌ માટે પ્રેરણારૂપ બની રહી હતી.

# "વ્યસન છોડો, પ્રકૃતિ અપનાવો"ના સંકલ્પ સાથે જૂનાગઢથી કીલેશ્વર સુધી બાઈકર્સની ભવ્ય રાઈડ

મહેશ એલ. સોની નખત્રાણા

સ્વાતંત્ર પર્વને યાદગાર બનાવવા અને દેશના યુવાનોને વ્યસનમુક્તિ તથા પ્રકૃતિ સંરક્ષણનો સંદેશ આપવા માટે જૂનાગઢ બાઈકર્સ કોમ્યુનિટી દ્વારા 15 ઓગસ્ટના રોજ ભવ્ય મોટરસાયકલ રાઈડ નું આયોજન કરવામાં આવ્યું હતું. 'વ્યસન છોડો, પ્રકૃતિ અપનાવો' ના પાવન સંદેશ સાથે યોજાયેલી આ રાઈડ જૂનાગઢથી શરૂ થઈને કીલેશ્વર, તા. ભાણવડ સુધી પહોંચી હતી. આ સમગ્ર અભિયાનની આગેવાની જૂનાગઢ સોની



સમાજના અગ્રણી શ્રી નિલેશ મેવચાના સુપુત્ર અને સમાજના યુવા સહસવીર શ્રી જસરાજ મેવચા , શ્રી હાર્દિક કારિયા તથા શ્રી જીતેન્દ્ર પરમાર દ્વારા કરવામાં આવી હતી.આ જનજાગૃતિ રાઈડનું પ્રસ્થાન સવારે 6:00 કલાકે જૂનાગઢના ઐતિહાસિક સરદાર બાગ ખાતેથી કરવામાં આવ્યું હતું. રાઈડને વન વિભાગના ઉચ્ચ અધિકારી IFS શ્રી પ્રશાંત તોમર સાહેબ દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે જૂનાગઢના મોટી સંખ્યામાં બાઈક રાઈડર્સ ઉત્સાહભેર જોડાયા હતા.આ અભિયાનમાં એક ખાસ આકર્ષણ પોરબંદરના વર્લ્ડ ટુર રાઈડર શ્રી નિલેશ પરમાર નું પણ રહ્યું હતું, જેઓ પોતાની SUV કાર સાથે આ રાઈડમાં જોડાયા હતા અને યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા.જૂનાગઢ બાઈકર્સ કોમ્યુનિટી દ્વારા જણાવવામાં આવ્યું કે આ અભિયાનનો મુખ્ય હેતુ આઝાદીના પર્વની ઉજવણી સાથે દેશના યુવાનોને ડ્રગ્સ સહિતના અન્ય વ્યસનોથી દૂર રહેવા અને પ્રકૃતિની નજીક રહી તેનું જતન કરવા પ્રેરિત કરવાનો છે. સમાજમાં નશા મુક્તિ અને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવા માટે આ પ્રકારના અભિયાનો સમયાંતરે યોજવામાં આવશે.ઉલ્લેખનીય છે કે સહસવીર જસરાજ મેવચા અગાઉ પણ અનેક વખત વ્યસન મુક્તિ માટે બાઈક યાત્રાઓ કરી ચૂક્યા છે અને સમાજ માટે પ્રેરણારૂપ બની રહ્યા છે. જૂનાગઢ બાઈકર્સ કોમ્યુનિટી દ્વારા શહેરના તમામ નાગરિકો અને યુવા મિત્રોને નશા મુક્ત તથા પ્રકૃતિ પ્રેમી સમાજના નિર્માણમાં સહભાગી થવા હાર્દિક અપીલ કરવામાં આવી છે.

# કચ્છની સોની સમાજની દીકરી વૈનવી કોટડીયાને અમદાવાદમાં "બેસ્ટ સ્ટુડન્ટ"નો એવોર્ડ અર્પણ કરાયો



મહેશ એલ. સોની નખત્રાણા

કચ્છના છેવાડે આવેલા વર્માનગરની જી.એમ.ડી.સી. સંચાલિત શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા વિધાલયમાં ધોરણ-૮ માં અભ્યાસ કરતી તેજસ્વી વિદ્યાર્થિની કુ. વૈનવી કોટડીયાએ પોતાની ઉત્કૃષ્ટ પ્રતિભાથી સમગ્ર કચ્છનું નામ રોશન કર્યું છે.અમદાવાદ ખાતે આવેલા જી.એમ.ડી.સી. ના મુખ્ય કાર્યાલય ખાતે આયોજિત સમારોહમાં શ્રી શ્યામજી કૃષ્ણ વર્મા વિધાલય માં અભ્યાસ કરતી વૈનવીને 'બેસ્ટ સ્ટુડન્ટ' ના એવોર્ડથી સન્માનિત કરી તેની મહેનત અને સિદ્ધિને બિરદાવવામાં આવી હતી. વૈનવીની આ ઐતિહાસિક સિદ્ધિ થી સમગ્ર શાળા પરિવારમાં આનંદ અને ગૌરવની લાગણી છવાઈ છે. શાળા પરિવારે વૈનવીને ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.સાથે સાથે વૈનવીની આ સફળતા બદલ તેને ઠેર-ઠેરથી અભિનંદન અને શુભેચ્છાઓ નો વરસાદ વરસી રહ્યો છે. કચ્છની આ દીકરીએ સાબિત કરી બતાવ્યું કે મહેનત અને લગન હોય તો ગામની નાની શાળામાંથી પણ મોટી સિદ્ધિ મેળવી શકાય છે.અત્રે ઉલ્લેખનીય છેકે વૈનવી અભ્યાસની સાથે ચિત્રમાં પણ અદભૂત હથરોટી ધરાવે છે તેમજ ચિત્ર સ્પર્ધામાં પણ તાલુકા અને જિલ્લા કક્ષાએ ઝળકી ચૂકી છે.

# અર્ચના સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, નખત્રાણા ખાતે શ્રી નગરપાલીકા નખત્રાણા અને અર્ચના સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ નખત્રાણા ના સંયુક્ત ઉપક્રમે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ગૌરવભેર ઉજવણી

મહેશ એલ સોની નખત્રાણા

અર્ચના સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, નખત્રાણા ખાતે દેશભક્તિ અને રાષ્ટ્રભાવનાથી ઓતપ્રોત વાતાવરણમાં ભારતનો ૮૦મો સ્વાતંત્ર્ય પર્વ હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.આ પ્રસંગે નખત્રાણા નગરપાલિકાના પ્રમુખશ્રી વસંતભાઈ વાઘેલા, ઉપપ્રમુખશ્રી દમયંતીબેન સેંઘાણી, ડાયાભાઈ સેંઘાણી, કારોબારી ચેરમેનશ્રી ચંદનસિંહ રાઠોડ, ચીફ ઓફિસરશ્રી ભાવિનભાઈ, કારોબારી સમિતિના પદાધિકારીશ્રીઓ તથા હોદ્દેદારશ્રીઓ, જનપ્રતિનિધિઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શાળા પરિવાર તરફથી મેનેજર ટ્રસ્ટી સિસ્ટર રાની, પ્રિન્સિપાલ સિસ્ટર સાઈની, વાઈસ પ્રિન્સિપાલ સિસ્ટર ધન્યા, સમગ્ર શિક્ષક પરિવાર, વાલીશ્રીઓ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમનું સંચાલન શાળા ની વિદ્યાર્થીનીઓ સિજુ પ્રિયાંશી અને કેસરાણી આન્યા દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત સંચાલન વિનયભાઈ ગોર (વીનુ મહારાજ) દ્વારા કરવામાં આવ્યું હતું.



ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા દેશપ્રેમ અને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. દેશભક્તિ ગીતો, નૃત્ય, વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ તેમજ કરાટે પ્રદર્શન દ્વારા વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. નગરપાલિકાના પ્રમુખશ્રી વસંતભાઈ વાઘેલાએ પ્રાસંગીક ઉદબોધન માં વિદ્યાર્થીઓના સુંદર પ્રદર્શનને બિરદાવ્યું હતું અને તેમને રાષ્ટ્રપ્રેમ, સંસ્કાર તથા દેશ પ્રત્યેની જવાબદારી નિભાવવાનો સંદેશ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમ માં વાલી ઓએ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે મેનેજર ટ્રસ્ટી સિસ્ટર રાની, પ્રિન્સિપાલ સિસ્ટર સાઈની, વાઈસ પ્રિન્સિપાલ સિસ્ટર ધન્યા તથા સમગ્ર શિક્ષક પરિવારે સુંદર આયોજન અને વ્યવસ્થામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. અંતે આભારવિધિ અશોક મારુ દ્વારા કરવામાં આવી હતી. આમ, અર્ચના સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, નખત્રાણા ખાતે દેશભક્તિ અને રાષ્ટ્રીય ભાવનાના સુંદર માહોલમાં સ્વાતંત્ર્ય પર્વ ની શિસ્ત બધ્ધ રીતે ઉજવણી કરવામાં આવી હતી.

# જળ ભવન, આહવા ખાતે સ્વાતંત્ર્ય પર્વની ભાવસભર ઉજવણી

ડાંગ | સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના ભાગરૂપે કાર્યપાલક ઈજનેરની કચેરી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, "જળ ભવન" આહવા (ડાંગ) ખાતે દેશભક્તિના માહોલ વચ્ચે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.આ



પ્રસંગે કચેરી પરિસરને તિરંગાના રંગોથી શણગારવા સાથે રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માન અને દેશભક્તિની ભાવના સાથે તિરંગો લહેરાવવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં ઉપસ્થિત મિલપાડા પ્રાથમિક શાળાના બાળકો તથા માજીરપાડાન બાળકો, વાલીઓ, અને કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાળકોમાં રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિની ભાવના વધુ પ્રબળ બને તે હેતુથી તેમને તિરંગા સાથે જોડાયેલી વિવિધ પ્રવૃત્તિઓમાં જોડવામાં આવ્યા હતા. આ પ્રસંગે બાળકોને અલ્પાહારનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. તિરંગાના રંગોમાં સજ્જ બાળકોની ઉપસ્થિતિએ સમગ્ર કાર્યક્રમને આકર્ષક અને ભાવસભર બનાવી દીધો હતો.કાર્યક્રમ દરમિયાન કર્મયોગી કમલેશભાઈ પાટીલની આગેવાની હેઠળ સૌએ દેશની એકતા, અખંડિતતા અને ગૌરવ જાળવવા સાથે રાષ્ટ્રના વિકાસમાં પોતાની જવાબદારી નિભાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.આ રીતે જળ ભવન, આહવા ખાતે યોજાયેલી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં દેશભક્તિ, રાષ્ટ્રપ્રેમ અને સામૂહિક સહભાગિતાનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો.

નિતીન ઠાકર ચાણસ્મા

સમસ્ત ચોરાસી કડવા પાટીદાર સમાજ દ્વારા પાટણમાં ગોપી પાર્ટી પ્લોટ ખાતે યુવા ૮૪ યુવાનોનું અધિવેશન યોજાયું જેમાં સમાજના પ્રમુખશ્રી કે.કે.પટેલના નેતૃત્વ હેઠળ વ્યસન મુક્તિ અભિયાન માટે આજે આહવાન થયેલ જેનો આ સંમેલનને



સફળ બનાવવા માટે ઉદાર હાથે પટેલ ગોવિંદભાઈ અંબાલાલ (જીતોડા) મહેસાણા અર્બન બેંક ડિરેકટરશ્રીએ ખૂબ મોટો સહયોગ આપેલ અને આ સમારંભમાં સમાજના શ્રેષ્ઠીઓ પણ ઉપસ્થિત રહેલ અને તેમને યુવાનોને માર્ગદર્શન પૂરું પાડેલ અને બંધારણની સમજ આપેલ જેમાં આજના યુવા પ્રમુખ તરીકે પટેલ આનંદકુમાર દિનેશભાઈ (દાણોદરડા) ઉપપ્રમુખ તરીકે પટેલ હિરેનકુમાર કાંતિલાલ(ખારાધરવા) અને મહામંત્રી તરીકે પટેલ નિપુલકુમાર દિનેશભાઈ(કમલીવાળા) ની સમાજના શ્રેષ્ઠીઓ દ્વારા સર્વાનુમત્તે વરણી કરવામાં આવી અને ત્રણેય હોદેદારોને બુકે અને સાલથી સન્માનિત કરવામાં આવેલ આ કાર્યક્રમમાં સમાજમાંથી આશરે ૨૦૦૦થી વધુ યુવાનો અને સમાજ શ્રેષ્ઠીઓ એ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવેલ.

# મહીસાગર જિલ્લા કક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની વીરપુર તાલુકાના વરધરા ખાતે હર્ષોલ્લાસભેર ઉજવણી





જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લા કક્ષાના ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની શાનદાર ઉજવણી વીરપુર તાલુકાના વરધરા ગામ ખાતે જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. કલેક્ટરશ્રીના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ મંગળ પ્રસંગે પોલીસ જવાનો દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી અને પોલીસ બેન્ડની સુરાવલિઓ સાથે રાષ્ટ્રગીતનું ગાન કરાયું હતું. હર્ષ ધ્વનિ બાદ કલેક્ટરશ્રી દ્વારા ખુલ્લી જીપમાં પરેડ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.આ પાવન અવસરે કલેક્ટરશ્રીએ રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી હતી અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, સરદાર પટેલ સહિતના સ્વાતંત્ર્ય સેનાનીઓને નમન કરી ઉપસ્થિત નાગરિકોને રાષ્ટ્રીય પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં મહીસાગર જિલ્લો 'વિકસિત ભારત - ૨૦૪૭' ના સંકલ્પને સાકાર કરવા કટિબદ્ધ હોવાનું જણાવી જિલ્લા વહીવટી તંત્રની સિદ્ધિઓનો વિસ્તૃત ચિતાર રજૂ કર્યો હતો.જિલ્લાની નોંધપાત્ર સિદ્ધિઓ વર્ણવતા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, આરોગ્ય ક્ષેત્રે જિલ્લામાં કાર્યરત ૨૩૯ જેટલી આરોગ્ય સુવિધાઓ પૈકી ૧૪ સુવિધાઓને નેશનલ ક્વોલિટી એસ્યોરન્સ (NQAS) સર્ટિફિકેટ મળ્યું છે. જ્યારે ૯૧% એટલે કે ૬.૬૭ લાખ નાગરિકોને આયુષ્માન કાર્ડ એનાયત કરી સુરક્ષિત કરવામાં આવ્યા છે. શિક્ષણ ક્ષેત્રે મહીસાગર જિલ્લાએ કેન્દ્રીય શિક્ષણ સર્વેમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ઐતિહાસિક અને અપ્રતિમ સિદ્ધિ હાંસલ કરી છે.ખેડૂતો અને પશુપાલકોની આર્થિક સુખાકારી અંગે માહિતી આપતાં તેમણે ઉમેર્યું હતું કે, પીએમ કિસાન સમ્માન નિધિ હેઠળ ૨.૩૧ લાખ ખેડૂતોને ૭૧૪.૮૮ કરોડની સહાય ડીબીટીના માધ્યમથી ચૂકવવામાં આવી છે. જમીનની ફળદ્રુપતા બચાવવા ૧૭,૦૦૦ જેટલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવામાં આવ્યા છે. પશુપાલન ક્ષેત્રે શ્વેત ક્રાંતિ લાવવા ૨૦૮ મેગા પશુ આરોગ્ય મેળા યોજી ૪૩,૦૦૦ પશુઓને નિઃશુલ્ક સારવાર પૂરી પાડવામાં આવી છે. ગ્રામ્ય વિકાસ હેઠળ પીએમ આવાસ યોજના (ગ્રામીણ) માં ૧૬,૮૧૮ આવાસોનું નિર્માણ પૂર્ણ કરી ગરીબ પરિવારોના સ્વપ્નને સાકાર કરાયા છે.માળખાગત અને કાયદાકીય સુવિધાઓની વાત કરતા તેમણે જણાવ્યું કે, માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૧૬૭ કિ.મી. લંબાઈના રસ્તાઓ પહોળા અને મજબૂત કરવા ૧,૫૮,૭૯૧ લાખના કામો મંજૂર કરાયા છે. પોલીસ વિભાગ દ્વારા સાયબર ક્રાઈમના આંતરરાજ્ય ગુનાઓ ઉકેલી ૪૮ આરોપીઓ ઝડપી પડાયા છે અને બાળલગ્ન (અપરિપક્વ લગ્ન) અટકાવવા સઘન ઝુંબેશ ચલાવાઈ છે. પર્યાવરણની જાળવણી માટે 'એક પેડ માં કે નામ ૩.૦' અંતર્ગત સમગ્ર જિલ્લામાં વિક્રમજનક ૨૨.૯૮ લાખ રોપાઓનું વિતરણ અને વાવેતર કરાયું છે તથા આરટીઓ (RTO) સેવાઓને ડિજિટલ અને સંપૂર્ણ ફેસલેસ બનાવવામાં આવી છે.સામાજિક કલ્યાણ, મહિલા વિકાસ અને બાળ પોષણ ક્ષેત્રે સરકારની વિવિધ યોજનાઓના સફળ અમલીકરણની માહિતી આપતાં કલેક્ટરશ્રીએ અંતમાં ખાતરી આપી હતી કે, સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર નાગરિકોની સુખાકારી, પ્રગતિ અને સુરક્ષા માટે સતત કાર્યરત રહેશે. તેમણે છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓના લાભો પહોંચાડવાની પ્રતિબદ્ધતા દોહરાવી, સૌને અમૃતકાળમાં 'વિકસિત ભારત ૨૦૪૭' ના નિર્માણમાં પોતાનું સર્વશ્રેષ્ઠ યોગદાન આપવા આહ્વાન કર્યું હતું.આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિથી તરબોળ મનમોહક સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

# ખારોલ પ્રાથમિક શાળામાં કોઠંબા તાલુકા કક્ષાના ૮૦ મા સ્વાતંત્ર્ય દિવસની ગૌરવભેર ઉજવણી....

જગદીશ ત્રિવેદી | મહીસાગર

તા. 15 ઓગસ્ટ 2026 ના રોજ ખારોલ પ્રાથમિક શાળા ખાતે કોઠંબા તાલુકા કક્ષાના 80મા સ્વાતંત્ર્ય દિવસની ગૌરવભેર અને હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી.કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રધ્વજ ફરકાવીને તથા રાષ્ટ્રગાન સાથે કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ શહીદો અને સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી દેશની એકતા, અખંડિતતા અને પ્રગતિ માટે સૌને સંકલ્પબદ્ધ થવા આહ્વાન કર્યું હતું.આ પ્રસંગે વિવિધ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતો, સાંસ્કૃતિક કાર્યક્રમો, વક્તવ્ય અને અન્ય આકર્ષક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓની દેશભક્તિ અને ઉત્સાહભરી રજૂઆતથી સમગ્ર કાર્યક્રમ દેશભક્તિના રંગે રંગાઈ ગયો હતો.કાર્યક્રમ દરમિયાન શિક્ષણ, રમતગમત તથા વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે રાષ્ટ્રનિર્માણમાં સક્રિય યોગદાન આપવા પ્રેરણા



આપી હતી.સમગ્ર કાર્યક્રમનું આયોજન ખારોલ પ્રાથમિક શાળા પરિવાર તથા કોઠંબા તાલુકાના મામલતદાર વિભાગના સહયોગથી સુવ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહેમાનો, વાલીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા ગ્રામજનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. "દેશ પ્રત્યેની નિષ્ઠા, એકતા અને કર્તવ્યભાવના સાથે વિકસિત ભારતના નિર્માણમાં સૌ સહભાગી બનીએ." ખારોલ પ્રાથમિક શાળા ના વિધ્યાર્થીઓ દ્વારા ખારોલ ગામમાં રેલી પણ કાઢવામાં આવી હતી. શાળા માં તેમજ ગામમાં આ પ્રકારે યોજવામાં આવતા તાલુકા કક્ષાના કાર્યક્રમ થી લોકો માં જાગૃતિ આવી શકે છે શાળા ના તમામ વિધ્યાર્થીઓ માં દેશભાવના ની પ્રબળ જાગૃતિ જોવા મળી હતી. સ્વાતંત્ર્ય દિવસ ની ઉજવણી નિમિતે શાળા માં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું ખારોલ પ્રાથમિક શાળા ખાતે યોજવામાં આવેલા આ કાર્યક્રમ દરમિયાન યોજવામાં આવેલ વિવિધ સંસ્કૃતિ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત અધિકારીઓ તેમજ મહેમાનોએ વિધાર્થીઓની ઉત્સુકતા વધારવા માટે રોકડ પુરસ્કાર આપીને વિવિધ કાર્યક્રમ માં ભાગ લેનાર ટીમને સન્માનિત પણ કર્યા હતા. આમ ખારોલ પ્રાથમિક શાળા ખાતે ખૂબ જ આન, બાન અને શાન થી કોઠંબા તાલુકા કક્ષાના ૮૦ માં સ્વાતંત્ર્ય દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી.

# GBSના શંકાસ્પદ કેસોને પગલે લુણાવાડા નગરપાલિકાનું સઘન ચેકિંગ: ૭ સ્થળોએથી રૂ. ૫,૦૦૦નો દંડ વસૂલાયો

જગદીશ ત્રિવેદી | મહીસાગર

તાજેતરમાં નોંધાયેલા GBSના શંકાસ્પદ કેસોને પગલે જાહેર જનતાના આરોગ્ય અને સુખાકારીને ધ્યાનમાં રાખીને, આજરોજ લુણાવાડા નગરપાલિકાની ટીમ દ્વારા નગરપાલિકા વિસ્તારમાં સઘન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. રોગચાળાને અટકાવવા અને નાગરિકોને શુદ્ધ તેમજ સ્વચ્છ ખાદ્યપદાર્થો મળી રહે તે સુનિશ્ચિત કરવાના ભાગરૂપે નગરપાલિકાની ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલ રેસ્ટોરન્ટ, પાણીપુરીની લારીઓ તથા અન્ય ફૂડ સ્ટોલ ખાતે આકસ્મિક ચકાસણી કરવામાં આવી હતી.આ ચકાસણી દરમિયાન અધિકારીઓ દ્વારા મુખ્યત્વે ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતા, વેચાણ સ્થળ અને તેની આસપાસની સાફ-સફાઈ તેમજ જાહેર આરોગ્યલક્ષી બાબતો અંગે ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. આ આકસ્મિક તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે કેટલાક સંચાલકો દ્વારા સ્વચ્છતાના નિયમોની અનદેખી કરવામાં આવી રહી છે. તપાસમાં નિયમોનું પાલન ન કરતા અને ગંદકી ફેલાવતા કુલ ૭ જેટલા સ્થળો સામે નગરપાલિકા દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી અંતર્ગત સંબંધિત રેસ્ટોરન્ટ અને ફૂડ સ્ટોલ સંચાલકો પાસેથી કુલ રૂ. ૫,૦૦૦/- નો દંડ વસૂલવામાં આવ્યો હતો.આ કામગીરી દરમિયાન તમામ ખાદ્યપદાર્થ વિક્રેતાઓને કડક ચેતવણી આપવામાં આવી છે કે નાગરિકોના સ્વાસ્થ્ય સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં અને ભવિષ્યમાં જો સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન થતું જણાશે, તો વધુ કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# શ્રાવણ માસ અંતર્ગત શ્રી કષ્ટભજનદેવ દાદાને એમ્બ્રોઈડરી વર્કવાળા વાઘા એવં દક્ષિણ ભારતીય મંદિર શૈલીની થીમ પર શણગાર સાથે સુખડીનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભગવાન શિવજીની આરાધનાના પર્વ એવાં પવિત્ર શ્રાવણ માસ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ ધામ સંચાલિત સુપ્રસિદ્ધ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તારીખ:16-08-2026ને રવિવારના રોજ શ્રીકષ્ટભજનદેવ દાદાને એમ્બ્રોઈડરી વર્કવાળા વાઘા એવં દક્ષિણ ભારતીય મંદિર શૈલીની થીમનો શણગાર



સાથે દાદાના સિંહસને લાલ-સફેદ-ગુલાબી ગુલાબ વિવિધ પુષ્પોના ભવ્ય તોરણો અને માળાઓથી શણગારવામાં આવ્યું છે. સવારે 5:45 કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. દાદાને સુખડીનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. મંદિર યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. અનેક ભક્તો દ્વારા ધજા ચઢાવવામાં આવી હતી. આજે રવિવારે સાંજે 4:45 કલાકે દાદાનું દિવ્ય રાજોપચાર પૂજનનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે 7:00 કલાકે સંધ્યા આરતી કરવામાં આવશે. પવિત્ર શ્રાવણ માસના પાવન અવસરે શ્રીહરિ મંદિરમાં ભવ્ય તથા દિવ્ય હિંડોળા દર્શનનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. શ્રીહરી, શ્રી રાધા-કૃષ્ણ દેવના હિંડોળા દર્શન તેમજ ભગવાનના ચરણારવિંદની વિશેષ દર્શનની કલા સજાવટ અને મૂર્તિઓ નિહારી સૌ કોઈ ભક્તો પ્રભાવિત અને ભાવવિભોર થયા હતા, પવિત્ર શ્રાવણ માસ દરમિયાન પ.પૂ.શ્રી નારાયણમુની સ્વામી દિવ્ય કથાનું રસપાન કરવાશે. જેનો સમય દરરોજ સાંજે 5:00 થી 6:30 કલાકનો રહેશે.

પશ્ચિમ રેલવે
અમદાવાદ મંડળ
ઓછા કરંટ રેટિંગવાળા આઈસોલેટરને બદલવા
ઈ-ટેન્ડર – નોટિસ નં.: Sr.DEE/TRD/ADI/29 (2026-27), તા. 14.08.2026 ટેન્ડર નં.: TRD-ADI-T-29-2026-27 કામનું નામ: અમદાવાદ ડિવિઝનમાં ઓછા કરંટ રેટિંગવાળા આઈસોલેટરને વધુ કરંટ રેટિંગવાળા આઈસોલેટરથી બદલવાનું કામ. અંદાજિત કિંમત: રૂ. 2,76,64,178/- અર્નેસ્ટ મની : રૂ. 5,53,300/- બિડ/ટેન્ડર સબમિશનની તારીખ અને સમય: 11.09.2026ના રોજ 15:00 કલાક સુધી. ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 11.09.2026ના રોજ 15:30 કલાકે. કચેરીનું સરનામું: વરિષ્ઠ મંડળ વિદ્યુત એન્જિનિયર, ડી.આર.એમ. કચેરી (પ. રે.), ચામુંડા બ્રિજ પાસે,G.C.S.હોસ્પિટલની સામે,નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345. વેબસાઈટ: www.ireps.gov.in
ADI 138
અમને લાઈક કરો: facebook.com/WesternRly

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# અખંડ ભારત સંકલ્પ દિન નિમિત્તે દેશભક્તિના સુમધુર ગીતોથી જૂનાગઢ ગુંજ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ

આઝાદીની પૂર્વ સંધ્યાએ અખંડ ભારત સંકલ્પ દિન નિમિત્તે શ્રી કેશવ સ્મારક પ્રતિષ્ઠાન, જૂનાગઢ દ્વારા પટેલ કેળવણી મંડળ, કોલેજ રોડ, જૂનાગઢ ખાતે દેશભક્તિના સુમધુર ગીતોનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જૂનાગઢશહેર ના નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી દેશભક્તિ અને રાષ્ટ્રભાવનાથી ઓતપ્રોત વાતાવરણમાં દેશભક્તિ ગીતોનો આનંદ માણ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ડો. મહેશ વારા, શ્રી જય પાટક તથા શ્રી રશ્મિબેન વ્યાસ અને તેમની ટીમ દ્વારા રજૂ કરવામાં આવેલા દેશભક્તિના ગીતોએ ઉપસ્થિત શ્રોતાઓમાં રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ પ્રબળ બનાવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત નગરજનો દ્વારા દેશભક્તિના ગીતોને તાળીઓથી ઉષ્માભેર વધાવી લેવામાં આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા કાર્યવાહશ્રી મિતુલભાઈ દેસાઈએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, "અખંડ ભારત માત્ર ભૌગોલિક કલ્પના નથી, પરંતુ ભારતની એકતા, અખંડિતતા, સાંસ્કૃતિક વારસા અને રાષ્ટ્રીય ચેતનાનું પ્રતીક છે. આપણા પૂર્વજોએ જે અખંડ ભારતનું સ્વપ્ન જોયું હતું, તે સ્વપ્ન સાકાર થાય તે માટે સમાજમાં રાષ્ટ્રીય એકતા, સાંસ્કૃતિક જાગૃતિ અને રાષ્ટ્રભાવના વધુ મજબૂત બનાવવાની જરૂર છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારતની વૈવિધ્યસભર સંસ્કૃતિને એકતાના તાંતણે બાંધવાની જવાબદારી દરેક નાગરિકની છે. "આપણે સૌ આપણા કર્તવ્યોનું નિષ્ઠાપૂર્વક પાલન કરી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા ને મજબૂત બનાવીએ તો અખંડ ભારતનો સંકલ્પ નિશ્ચિતપણે સાકાર થશે," એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. દેશભક્તિ ના ગીતો સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં નગરજનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમ રાષ્ટ્રપ્રેમ, એકતા અને સાંસ્કૃતિક ચેતનાનો સંદેશ આપતો બની રહ્યો હતો.

# પ્રજ્ઞાચક્ષુ ચેરી. ટ્રસ્ટ સંચાલિત અંધ કન્યા છાત્રાલય તેમજ સત્યમ સેવા યુવક મંડળ-જુનાગઢ ના સંયુક્ત ઉપક્રમે ૮૦માં સ્વાતંત્ર દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

અંધ કન્યા છાત્રાલય તેમજ સત્યમ સેવા યુવક મંડળના સંયુક્ત ઉપક્રમે જવાહર રોડ, સેજની ટાંકી પાસે, અંધ કન્યા છાત્રાલયના હોલ ખાતે ૮૦માં સ્વાતંત્ર્ય દિવસની અંધ દીકરીઓ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સત્યમ સેવા યુવક મંડળ ના પ્રમુખશ્રી મનસુખભાઈ વાજા, અંધ કન્યા છાત્રાલયના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી મુકેશભાઈ એસ. મેઘનાથી, શ્રીબટુક બાપુ, શ્રી અરવિંદભાઈ મારડિયા, શ્રી શાંતાબેન બેસ, શ્રી ચંપકભાઈ જેઠવા અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમાં અંધ દીકરીઓ દ્વારા દેશભક્તિના ગીતો ગાવામાં આવ્યા હતા. અંધ કન્યા છત્રાલયના હોલને દેશભક્તિમય માહોલમાં રંગી દેવામા આવ્યો હતો. આભાર વિધિ કરતાં સંસ્થાના પ્રમુખશ્રી મનસુખભાઈ વાજાએ જણાવ્યું હતું કે નોર્મલ સમાજ પણ આજે સ્વતંત્ર દિનની ઉજવણી કરી રહ્યો છે તો આ સંસ્થાની લાભાર્થી અંધ દીકરીઓ પણ પોતાના અંતર ચક્ષુઓથી દેશપ્રેમ ઉજાગર કરી ઉજવી શકે અને દેશ પ્રેમ વ્યક્ત કરી શકે તે હેતુસર આ કાર્યક્રમ ખાસ યોજવામાં આવ્યો હતો.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.માં પીએચ.ડીનાં અભ્યાસ માટે એન્ટ્રસ એકઝામ યોજાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ

ગિરીવર ગિરનારની લીલીછમ્મ વનરાઈઓ વચ્ચે ભક્તકકવિ નરસિંહ મહેતાનાં નામથી કાર્યરત્ત યુનિવર્સિટી ખાતે પીએચ.ડીનાં અભ્યાસમાં જોડાવા માટે નવા શૈક્ષણીક વર્ષ દરમ્યાન કૂલ ૮૩૫ વિદ્યાર્થીઓએ નામાંક કરાવ્યુ હતુ. ઉલ્લેખનિય છે કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહણ વિદ્યાર્થીઓની કારકિર્દીને નવી ઉંચાઈઓ સુધી પહોંચાડવા જોઈતી શૈક્ષણીક સવલત અને માળખાગત વ્યવસ્થાઓ વધુ સારી કેવી રીતે આપી શકાય તે દિશામાં હમેંશા કટીબ્ધ્ધ રહ્યા છે. યુનિ. દ્વારા ૨૧ જેટલા વિવિધ વિષયોમાં શોધક્ષેત્રે પોતાનું અભ્યાસ સંધાન કરવા ઈચ્છુક સોરઠ, ગીર, બરડો, આલેચ, કાઠીયાવાડ અને નાઘેર પ્રદેશનાં અંતરીયાળા નાં ગ્રામિણ યુવા ભાઈ-બહેનો ઉચ્ચ અભ્યાસ ને વચ્ચેથી છોડે નહીં અને તેમની યુવાનો માટે ગયા વર્ષે બે વાર પીએચ.ડી પ્રવેશ પરીક્ષા યોજી મહત્તમ યુવાનોને પીએચ.ડી.નાં અભ્યાસની તકોનું નિર્માણ કર્યુ હતુ. તેવી જ રીતે આ વર્ષે પણ વધુ માં વધુ વિદ્યાર્થીઓ પીએચ.ડી કરી શકે તે દિશામાં પ્રો. પ્રતાપસિંહજીએ આ વખતે એકી સાથે સાડીછસો થી વધુ વિદ્યાર્થિની પરીક્ષા યોજી આ જ દિવસે પરીણામ આપી એક નવી પહેલ કરી છે. અનેક ગ્રામિણ ભાઇ બહેનો શોધકાર્ય સાથે યુનિ.નાં પીએચ.ડીનાં વિદ્યાર્થી તરીકે અભ્યાસમાં જોડાવા પરીક્ષા આપી છે. આ યોજાયેલ પ્રવેશ પરીક્ષામાં પરીક્ષાકક્ષમાં ઉપસ્થિત પરીક્ષાર્થી વિદ્યાર્થીઓને પ્રો. પ્રતાપસિંહજી ચૌહણે વ્યક્તિગત મળી પરીક્ષામાં મનોવાંચ્છીત સફળતા મેળવો એવી શુભકામના પાઠવી, દરેક વિદ્યાર્થીને પરીક્ષા પધ્ધતિ, પરીક્ષાની પારદર્શિતા, અને તટસ્થ મુલ્યાંકન કોમ્પ્યુટર સિસ્ટમથી અવગત કર્યા હતા. આ તકે પ્રો. પ્રતાપસિંહજીએ જણાવ્યુ હતુ કે જીવનમાં સ્પર્ધાત્મક પરીક્ષા એ માત્ર કારકિર્દી બનાવવાનું સાધન નથી, પણ તે વિદ્યાર્થીમાં સખત મહેનત, અનુશાસન અને ધીરજ કેળવવાનો એક બોધપાઠ છે. તે જીવનમાં મુશ્કેલીઓ સામે લડીને આગળ વધવાની સાચી પ્રેરણા આપે છે. સફળતા એકાએક નથી મળતી, નિયમિત અભ્યાસ જરૂરી છે. મર્યાદિત સમયમાં સચોટ જવાબ આપવાની આવડત કેળવાય છે. નાપાસ થવાથી નિરાશ થયા વગર વધુ મજબૂત બનીને ફરી પ્રયાસ કરવો. અઘરી સ્પર્ધા વચ્ચે પોતાની જાતને શ્રેષ્ઠ સાબિત કરવાનો વિશ્વાસ ઉત્પન્ન થાય છે. આજની પીએચ.ડી એન્ટ્રસ પરીક્ષાની સઘળી વ્યવસ્થાઓ ડો.ઓમ જોષી, રાહુલ ચૌહાણ અને સાથી કર્મયોગીઓ દ્વારા નિયોજીત કરવામાં આવેલ હતી. પરીક્ષા કાર્યમાં યુનિ.નાં રજીસ્ટ્રાર ડો. આર.જી. પરમારનાં માર્ગદર્શનમાં હિસાબી અધિકારી ડો.કિર્તીબા વાઘેલા, પરીક્ષા નિયામક ડો. ડી.એચ. સુખડીયા, ડો.હમીર મોઢવાડીયા, ડો.મયંક સોની, વિવિધ વિભાગાધ્યક્ષશ્રીઓ, અધ્યાપકશ્રીઓ યુનિ.નાં શૈક્ષણિક અને વહીવટી સંવર્ગનાં અધિકારી કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે ડો. આર.પી. ભટ્ટ, ડો.બલરામ ચાવડા, એકઝુક્યુટીવ મેમ્બર દિનાબેન લોઢીયા, ડો. જેસીંગભાઈ વાજા, ડો.મેરગસિંહ યાદવ, ડો.અજય સોની, ડો.રાણસરીયા ડો. અશ્વિન સોલંકી,સહિત વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. (ડૉ.) પ્રતાપસિંહ ચૌહાણે અર્પણ શૈક્ષણિક સંકુલ પરિસરમાં વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણ જતનનો સંદેશો આપ્યો



નરેન્દ્ર દવે જૂનાગઢ

પર્યાવરણ જતન અને હરિયાળા ભવિષ્યના ઉમદા હેતુથી અર્પણ શૈક્ષણિક સંકુલ ખાતે વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પર્યાવરણની ખેવના કરતા વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢના કુલપતિશ્રી પ્રો. (ડૉ.) પ્રતાપસિંહ ચૌહાણ, અને જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સુબોધ ઓડેદરાએ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કરી સંકુલને હરિયાળું બનાવવાનો સુંદર સંદેશ આપ્યો હતો. કુલપતિશ્રીએ ઉપસ્થિત અર્પણ સંકુલના ટ્રસ્ટી ગણ સ્થાનિક લોકો, શિક્ષકો અને સ્ટાફગણ સાથે વાતચિત કરતા જણાવ્યુ હતુ કે વૃક્ષો એ માત્ર પર્યાવરણની શોભા નથી પરંતુ માનવ જીવનના અસ્તિત્વ નો આધાર છે. પ્રત્યેક વિદ્યાર્થી અને નાગરિકે માત્ર વૃક્ષ વાવવું જ નહીં, પરંતુ તેનું બાળક ની જેમ જતન કરી તેને મોટું કરવાની જવાબદારી પણ સ્વીકારવી જોઈએ.' તેમણે સંસ્થાના આ હરિયાળા અભિગમની પ્રશંસા કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓ, શિક્ષણવિદોએ સંકુલના પ્રાંગણમાં વડ, પીપળો, લીમડો, ગુલમોહર તેમજ વિવિધ ઔષધીય અને ફળદાઉ છોડવાનું વાવેતર કરી પર્યાવરણ જતનની સંકલ્પ લઈ પર્યાવરણનું રક્ષણ કરવા અને વાવેલા છોડનું નિયમિત જતન અને ઉછેર કરવાની નેમ વ્યક્ત કરી હતી.

# ચાંદગઢ સીમમાં સિંહણનો અચાનક હુમલો: ટ્રેકર ઘાયલ, માનવ વસાહત તરફ સિંહોની વધતી હિલચાલથી ચિંતા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલીના ચાંદગઢ સીમ વિસ્તારમાં વનવિભાગની રૂટીન કામગીરી દરમિયાન સિંહણ દ્વારા ટ્રેકર પર અચાનક હુમલો કરવામાં આવતા એક ટ્રેકર ઘાયલ થયો હોવાની ઘટના સામે આવી





છે. ત્રણ ટ્રેકરોની ટીમ વિસ્તારમાં નિયમિત સ્કેનિંગ અને ટ્રેકિંગની કામગીરી કરી રહી હતી, તે દરમિયાન અચાનક સિંહણ સામે આવી જતા તેણે ટ્રેકર ઘોસાભાઈ પર હુમલો કર્યો હતો. હુમલામાં ઘોસાભાઈને ઈજાઓ પહોંચતા તાત્કાલિક અમરેલીની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.મળતી માહિતી મુજબ, ચાંદગઢના સીમ વિસ્તારમાં સિંહોની હિલચાલ પર નજર રાખવા માટે ટ્રેકરોની ટીમ રુટીન કામગીરીમાં હતી. સ્કેનિંગ દરમિયાન અચાનક સિંહણનો સામનો થતા સિંહણે ટ્રેકર પર હુમલો કર્યો હતો. સ્થાનિક માહિતી પ્રમાણે આ સિંહણ શેત્રુંજી નદી પાર કરીને પોતાના વિસ્તારમાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.આ ઘટનાએ ફરી એક વખત સિંહોના રહેણાંક વિસ્તારથી માનવ વસાહતો તરફ વધતી હિલચાલ અને વનકર્મીઓ તથા સ્થાનિક લોકોની સુરક્ષાનો મુદ્દો ગંભીર બનાવ્યો છે. સિંહોના સતત મૂવમેન્ટને પગલે સીમ વિસ્તારમાં રહેતા ખેડૂતો અને ગ્રામજનોમાં પણ ચિંતા જોવા મળી રહી છે. વનવિભાગ દ્વારા સિંહણની હિલચાલ પર નજર રાખી વધુ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સઘન મોનિટરિંગ હાથ ધરવામાં આવે તેવી જરૂરિયાત ઊભી થઈ છે.સિંહણના હુમલામાં ઘાયલ થયેલા ટ્રેકર ઘોસાભાઈને હાલ અમરેલીની ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.

# આણંદપર યક્ષ શાળામાં ઉત્કૃષ્ટ સેવા આપનાર ગામની દીકરી અને શિક્ષિકા અનીતાબેન સોનીનું વિશેષ સન્માન કરાયું

મહેશ એલ.સોની નખત્રાણા

૧૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ૮૦મા આઝાદી દિવસની ઉત્સાહભેર ઉજવણી દરમિયાન આણંદપર યક્ષ ગામની શાળામાં એક વિશેષ અને પ્રેરણાદાયી સન્માન કાર્યક્રમ યોજાયો હતો.ગામના વડીલ ભગવતીબેન મોહનભાઈ મહેશ્વરી (ફુલીયા) દ્વારા ગામની જ દીકરી અને એ જ શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા અનીતાબેન રમેશભાઈ સોનીનું સાલ ઓઢાડીને ભાવભીનં સન્માન કરવામાં આવ્યં હતં. સન્માન દરમિયાન ભગવતીબેને



અનીતાબેનને આશીર્વાદ આપતા જણાવ્યું હતું કે 'જે શાળામાં ગામની દીકરી પોતે ભણીને મોટી થઈ આજે એ જ શાળામાં ગામના બાળકોને ઉત્તમોત્તમ શિક્ષણ આપી રહી છે તે સમગ્ર ગામ માટે અત્યંત ગર્વની બાબત છે.' તેમણે વધુમાં ઉમેર્યું હતું કે અનીતાબેન બાળકોને માત્ર ભણતર જ નહીં પરંતુ વિવિધ ઈતર પ્રવૃત્તિઓ કરાવીને તેમનો સર્વાંગી વિકાસ કરી રહ્યા છે. બાળકો પ્રત્યેની તેમની નિષ્ઠા અને ઉમદા કાર્ય પદ્ધતિ સરાહનીય છે. અંતમાં તેમણે અનીતાબેન શિક્ષણ ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરી ગામ,શાળા અને પરિવારનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.અનીતાબેન સોનીએ ભગવતીબેન નો આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજુલા શ્રીમતી એચ. બી. સંઘવી મહિલા કોલેજ ખાતે સ્વાતંત્ર્યદિન ની માનવ સાંકળ રચી સ્વાતંત્ર્યદિન ની ઉજવણી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન શ્રીમતી એચ. બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ, રાજુલા ખાતે સ્વાતંત્ર્યદિન ની ઉજવણી કરવામાં આવેલ. આ સમારંભ માં કોલેજ કેમ્પસ મેનેજર શ્રી રવિભાઈ વ્યાસ સેક્રેટરીશ્રી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી તથા કેમ્પસ ડાયરેક્ટર ડો.જીગ્નેશભાઈ વાજા ની ઉપસ્થિતિ



રહેલ. સૌ પ્રથમ વિદ્યાર્થીની જી. એસ. તથા પ્રતિનિધિ બહેનો ના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. ત્યારબાદ પરેડ દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવેલ.ત્યારબાદ બહેનો દ્વારા માનવ સાંકળ બનાવીને રાષ્ટ્રીય એકતાનો પ્રેરક સંદેશ આપવામાં આવેલ.ત્યારબાદ કોલેજ પ્રિન્સિપાલ દ્વારા રાષ્ટ્રીય પર્વ સ્વતંત્રતા દિવસના સાંસ્કૃતિક સમારંભ માં ઉપસ્થિત મહેમાનો હોદ્દેદાર સર્વશ્રી નું સ્વાગત કરવામાં આવ્યું અને પ્રાસંગિક પર્વ ની ઉજવણી નો હેતુ તથા આઝાદી ની લડત માં નામી અનામી શહીદોને શ્રધાંજલિ પાઠવવામાં આવી .શહીદો ને નમન કરેલ. રાષ્ટ્રીયક્રાંતિ માં મહિલાઓનું યોગદાન માં તમામ ક્રાંતિકારી મહિલા દળ ના નેતૃત્વ ને યાદ કરવામાં આવેલ.આ પર્વ રાષ્ટ્રીય એકતાનું પ્રતીક સમાન ગણાવવામાં આવ્યું.અખંડ રાષ્ટ્ર વિશ્વ ના દેશોમાં વિશ્વગુરુના પદે રહેશે. અનેકતામાં એકતા એ ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ બતાવી બાદ ગષ્ટ્રીયપર્વ નાવિશ્વગુરુના પદે રહેશે. અનેકતામાં એકતા એ ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ બતાવી.બાદ રાષ્ટ્રીયપર્વ ના રંગો થી સજ્જ નાનકડો કાર્યક્રમ યોજવામાં આવ્યો.જેમાં વિદ્યાર્થીની બહેનો એ દેશભક્તિ સભર ગીત, નાટક સોલો ડાન્સ, સ્પીચ, વગેરે રજૂ કરી શ્રોતાઓને મુગ્ધ કરેલ. સમગ્ર કાર્યક્રમ ને મહેમાનો દ્વારા અભિનદન પાઠવવામાં આવ્યા. આભાર દર્શન એન. એસ. એસ.પ્રોગ્રામ ઓફિસર ભગવતીબેન વડીયા એ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. ડૉ. મિતલબેન નાયી એ કરેલ. એન. એસ. એસ પ્રોગ્રામ ઓફિસર શ્રી જાગૃતિબેન તેરૈયા તથા ભગવતીબેન વડીયા તથા સમગ્ર સ્ટાફ મેમ્બર અને એન. એસ. એસ. ની ટીમ જહેમત ઉઠાવી હતી.

# બાલારામ મહાદેવ મંદિર નજીક ૧૦ હેક્ટરમાં મહા વન કવચનું નિર્માણ કરાશે: મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને યોજાશે વૃક્ષારોપણ કાર્યક્રમ

માહિતી બ્યુરો, પાલનપુર

બાલારામની ધરતી પર પ્રકૃતિ સંરક્ષણ, પર્યાવરણીય પુનઃસ્થાપન, જૈવવિવિધતાના સંવર્ધન અને વન્યજીવો માટે અનુકૂળ રહેઠાણના વિકાસના ઉદ્દેશ્ય સાથે બનાસકાંઠા વન્યજીવ વિભાગ દ્વારા 'મહા વન કવચ' વિકસાવવામાં આવશે. રાજ્યના વન અને પર્યાવરણ રાજ્ય મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીના અધ્યક્ષસ્થાને તથા પાલનપુરના ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકરની પ્રેરક ઉપસ્થિતિમાં તા. ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ કલાકે બાલારામ ખાતે વિશાળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાશે. બાલારામ મહાદેવ મંદિરની પવિત્ર ધરતી નજીક આશરે ૧૦ હેક્ટર વિસ્તારમાં આ વિશિષ્ટ 'મહા વન કવચ' વિકસાવવામાં આવશે. તેમાં સ્થાનિક આબોહવા, જમીન અને પર્યાવરણીય પરિસ્થિતિને અનુરૂપ ૭૫થી વધુ સ્થાનિક તથા પર્યાવરણીય દૃષ્ટિએ મહત્વપૂર્ણ વૃક્ષ પ્રજાતિઓનું વાવેતર કરવામાં આવશે. વિવિધ પ્રકારની સ્થાનિક વનસ્પતિના વાવેતરથી વિસ્તારની હરિયાળીમાં વધારો થશે અને પક્ષીઓ, નાના વન્યજીવો, જીવજંતુઓ તથા અન્ય સ્થાનિક જીવસૃષ્ટિ માટે અનુકૂળ કુદરતી રહેઠાણ વિકસાવવામાં મદદ મળશે. આ પહેલ લાંબા ગાળે વિસ્તારના પર્યાવરણીય સંતુલન અને જૈવવિવિધતાના સંવર્ધનમાં પણ ઉપયોગી બનશે.'મહા વન કવચ'ની વિશેષતા એ રહેશે કે, તેમાં પ્રકૃતિ સાથે આધ્યાત્મિક આસ્થાનો પણ સુંદર સમન્વય કરવામાં આવશે. મહાદેવના શિવલિંગ સાથે ભવ્ય ત્રિશૂળ અને બિલીપત્રની પ્રતિકૃતિના સ્વરૂપમાં હરિયાળીનું આયોજન કરવામાં આવશે. તેના માધ્યમથી વૃક્ષો અને પ્રકૃતિ પ્રત્યે આપણી પરંપરાગત આસ્થા તથા પર્યાવરણ સંરક્ષણનો આધુનિક સંદેશ એકસાથે રજૂ થશે. આમ, 'મહા વન કવચ' માત્ર વૃક્ષારોપણ પૂરતું સીમિત ન રહેતાં પ્રકૃતિ, શ્રદ્ધા અને સંરક્ષણના અનોખા સંગમ તરીકે વિકસશે.બાલારામ વિસ્તાર તેની કુદરતી સૌંદર્યસંપદા, વન વિસ્તાર અને વન્યજીવ વૈવિધ્ય માટે વિશેષ મહત્વ ધરાવે છે. આ વિસ્તારમાં મોટા પાયે સ્થાનિક પ્રજાતિઓના વૃક્ષોનું વાવેતર અને તેનું યોગ્ય સંવર્ધન થવાથી જમીન અને ભેજના સંરક્ષણ, સ્થાનિક હરિયાળીના વિસ્તરણ તથા પર્યાવરણીય ગુણવત્તામાં સુધારો કરવામાં મદદ મળશે. સાથે જ 'મહા વન કવચ' આગામી પેઢીને પ્રકૃતિ અને વન્યજીવ સંરક્ષણ પ્રત્યે જાગૃત કરતું એક પ્રેરણાદાયી હરિત ક્ષેત્ર બની રહે તે દિશામાં બનાસકાંઠા વન્યજીવ વિભાગ દ્વારા પ્રયાસ કરવામાં આવશે.શ્રાવણ માસના પાવન સોમવારના દિવસે મહાદેવની પવિત્ર ભૂમિ પર યોજાનારો આ વૃક્ષારોપણ કાર્યક્રમ પર્યાવરણ પ્રત્યેની સામૂહિક જવાબદારીનો સંદેશ આપશે. વૃક્ષારોપણની સાથે રોપાયેલા છોડનું જતન અને સંવર્ધન થાય તથા હરિયાળીનું કાયમી સર્જન થાય તે દિશામાં પણ વિશેષ ભાર મૂકવામાં આવશે. 'મહા વન કવચ'ના માધ્યમથી જનભાગીદારી સાથે પ્રકૃતિ સંરક્ષણની ભાવનાને વધુ મજબૂત કરવાનો પ્રયાસ કરવામાં આવશે.વન અને વન્યજીવ સંરક્ષણના આ હરિત સંકલ્પને વ્યાપક જનસહભાગિતાથી વધુ મજબૂત બનાવવા નાગરિકો, યુવાનો, સ્થાનિક આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ, પર્યાવરણપ્રેમીઓ અને પ્રકૃતિપ્રેમીઓને તા. ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ કલાકે બાલારામ ખાતે યોજાનારા 'મહા વન કવચ' વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી થવા બનાસકાંઠા વન્યજીવ વિભાગ દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સુરત ખાતે કારગિલ યુદ્ધનાં અગ્રણી વીર યોધ્ધા કર્નલ લલિત રાય (વીર ચક્ર) સાથે આત્મીય મુલાકાત

## કર્નલ લલિત રાય જીએ ગુજરાતના ડાંગ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ વિશે મેળવી વિશેષ માહિતી..

ડાંગ | ગુજરાતનાં સુરતના પાલ સ્થિત હોટલ મોન્ટી સેફ્રોન ખાતે એક અત્યંત પ્રેરણાદાયી અને આત્મીય શુભેચ્છા મુલાકાત યોજાઈ હતી.ડાંગ જીલ્લા ભાજપાનાં પૂર્વ મહામંત્રી ગિરીશભાઈ મોદી, પૂર્વ ભાજપા પ્રમુખ રમેશભાઈ ચૌધરી,ભાજપા આગેવાન પ્રવીણભાઈ આહીરેએ કારગિલ યુદ્ધના અમર વીર યોધ્ધા અને દેશના ઉચ્ચ લશ્કરી સન્માન 'વીર ચક્ર' થી સન્માનિત કર્નલ લલિત રાય જી (પૂર્વ કમાન્ડિંગ ઓફિસર, ગોરખા રાઈફલ્સ બટાલિયન) સાથે આત્મીય મુલાકાત કરી હતી. આ ખાસ મુલાકાત દરમિયાન 'ઓપરેશન ક્રાંતિ અને વિજય કારગિલ' વિષય પર વિગતવાર ચર્ચા થઈ હતી.આ મુલાકાત વેળાએ રાષ્ટ્રસેવા, ભારતીય સેનાના જવાનોનું અદ્ભુત શૌર્ય, કારગિલ વિજયની ગૌરવગાથા અને દેશની સુરક્ષા જેવા અનેક મહત્વપૂર્ણ તથા પ્રેરણાદાયી વિષયો પર સાર્થક વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કર્નલ લલિત રાય જીએ ગુજરાતના દક્ષિણ ભાગમાં આવેલા ડાંગ જિલ્લાની પ્રાકૃતિક અને ભૌગોલિક પરિસ્થિતિ વિશે પણ ખૂબ જ રસપૂર્વક માહિતી મેળવી હતી.આ મુલાકાત પ્રસંગે પોતાના વિચારો વ્યક્ત કરતા



ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું હતું કે, 'આપણા વીર જવાનોનું અનન્ય શૌર્ય, અપ્રતિમ સમર્પણ અને માતૃભૂમિ માટેનું બલિદાન સમગ્ર દેશવાસીઓ તથા આવનારી યુવા પેઢી માટે સદૈવ પ્રેરણાનો અખૂટ સ્ત્રોત બની રહેશે.' ઉલ્લેખનીય છે કે, ૧૬૭-સુરત (પશ્ચિમ) વિધાનસભા ભા.જ.પા. પરિવાર દ્વારા ૧૫



ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વ અને ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે સંજીવકુમાર ઓડિટોરીયમ, પાલ ખાતે 'એક શામ સૈનિકો કે નામ' વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કારગિલ યુદ્ધના નાયક કર્નલ લલિત રાય જી મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહી પોતાના અનુભવો અને દેશભક્તિનો સંદેશ શેર કર્યો હતો.

# સિનિયર સિટીઝન બ્રહ્મ ગૃપ, જૂનાગઢ દ્વારા દેવાધિદેવ મહાદેવને ગંગાજળાભિષેક કરવામાં આવ્યો



દેવાધિદેવ મહાદેવની સેવા પૂજાનો પ્રિય માસ એટલે શ્રાવણ માસ, શ્રાવણ માસમાં જેટલી શિવપૂજા તથા શિવના ગુણગાન ગવાય તેટલાં ઓછાં છે તેમ કહેવાય છે, શિવજીને ગંગાજળ અતિ પ્રિય હોવાથી સિનિયર સિટીઝન બ્રહ્મ ગૃપ, જૂનાગઢ દ્વારા શ્રાવણ માસના પ્રથમ રવિવારે તા.૧૬-૦૮-૨૦૨૬ ના રોજ પોસ્ટ ઓફિસમાંથી મળતી ગંગાજળની બોટલો ખરીદી મોટી સંખ્યામાં ઉપસ્થિત બ્રહ્મ ભાઈઓ તથા બહેનોએ ગિરિ તળેટીમાં આવેલ અતિ પ્રાચીન દેવાધિદેવ મહાદેવના ભવનાથ મહાદેવ મંદિર ખાતે શિવલિંગ ઉપર શાસ્ત્રોક્ત વિધિથી પૂજન વિધિ બાદ ગંગા જળાભિષેક કરી સાથે પંચામૃત, બીલીપત્ર, ફળ, ફૂલ , પ્રસાદ, ધોતી, ફૂલહાર ધરાવી સૌએ ધન્યતા અનુભવી હતી. ત્યારપછી ભવનાથ મહાદેવ મંદિરના બંને પૂજારી ભાઈઓ તથા વ્યવસ્થાપકશ્રી ડી.પી.જોષી ને શાલ ઓઢાડી જાહેર સન્માન સાથે હર હર મહાદેવ અને નમઃ પાર્વતી પતયે નમઃ ના નાદ સાથે દિવ્ય અને ભવ્ય મહાદેવની આરાધના કરવામાં આવી. આજ રીતે ગત માસમાં ભવનાથ મહાદેવ મંદિર ઉપર ધજા ચઢાવવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી શૈલેષભાઈ પંડ્યા, રાજુભાઈ વ્યાસ, યોગેશભાઈ વ્યાસ, નરેન્દ્રભાઈ દવે, વિગેરે એ જહેમત ઉઠાવી હતી.

# દયાપર ખાતે અખિલ કચ્છ રઘુવંશી સમાજ દ્વારા જિલ્લા-તાલુકા પંચાયત સભ્યનું વિશિષ્ટ સન્માન કરાયું

## પૂજ્ય જીતુ ભગતના સાનિધ્યમાં મહાઆરતી, નોટ બુક વિતરણ અને ભવ્ય પ્રસાદનું આયોજન



મહેશ અલ.સાંનાં નખત્રાણા

સમાજ સેવા અને ધર્મભક્તિનો સમન્વય જોવા મળે તેવો ભવ્ય કાર્યક્રમ આજ રોજ દયાપર ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમનું આયોજન શ્રી અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપ, શ્રી લખપત તાલુકા રઘુવંશી સોશિયલ ગ્રુપ, શહેર રઘુવંશી સોશિયલ ગ્રુપ, મહિલા રઘુવંશી સોશિયલ ગ્રુપ અને યુવા રઘુવંશી સોશિયલ ગ્રુપ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. આ સાથે લખપત તાલુકા લોહાણા મહાજન, દયાપર લોહાણા મહાજન અને દયાપર મહિલા મંડળ પણ આ ભવ્ય આયોજનમાં સહભાગી બન્યા હતા.કાર્યક્રમની શરૂઆત પૂજ્ય જીતુ ભગત દ્વારા સંધ્યા પાઠ થી કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને નોટ બુક વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ મહા આરતી રહી હતી, જે બાદ તમામ ભક્તો માટે ભવ્ય પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ પાવન પ્રસંગે સમાજના ગૌરવ સમાન કચ્છ જિલ્લા પંચાયતના સભ્ય શ્રીમતી નેહા અશ્વિન રૂપારેલઅને લખપત તાલુકા પંચાયતના સભ્ય શ્રી અશ્વિનભાઈ રૂપારેલનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. સમાજ અને જનસેવામાં તેમના ઉમદા યોગદાન બદલ સર્વે આગેવાનો દ્વારા તેમને શાલ અને સન્માનપત્ર અર્પણ કરી બિરદાવવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં નખત્રાણા લોહાણા મહાજન પ્રમુખ શ્રી રાજેશભાઈ પલણ સહિત નખત્રાણા -લખપત-અબડાસા વિસ્તારના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. યુવા મંડળે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.શ્રી અખિલ કચ્છ રઘુવંશી સોશિયલ ગ્રુપ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ભવિષ્યમાં પણ સમાજની એકતા, શિક્ષણ અને ધાર્મિક પ્રવૃત્તિઓને વેગ આપવા માટે આવા કાર્યક્રમો સતત યોજાતા રહેશે.

# 110 કિ.મી.ની દોડ લગાવી નવજાતને નવી આશા આપનાર '108'ના પાઇલટ રમેશભાઈ ગરવા

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

15 ઓગસ્ટના સ્વાતંત્ર્ય પર્વના દિવસે દયાપર CHCમાં જન્મેલા નવજાત બાળકમાં Congenital Knee Dislocation (જન્મજાત ઘૂંટણની ખોડખાંપણ) જણાઈ આવતા વધુ સારવાર માટે તાત્કાલિક ભુજ ખસેડવાની જરૂર પડી હતી.આ કપરા સમયે દયાપરની NICU 108 એમ્બ્યુલન્સના પાઇલટ રમેશભાઈ ગરવા અને EMT વિક્રમભાઈ ઠાકોરે જવાબદારી સંભાળી હતી. દયાપરથી લગભગ 110 કિ.મી. દૂર ભુજ GK જનરલ હોસ્પિટલ સુધી નવજાત બાળકને સુરક્ષિત અને સમયસર પહોંચાડવા રમેશભાઈએ માર્ગમાં કોઈ વિલંબ ન થાય તે રીતે એમ્બ્યુલન્સ દોડાવી હતી.અમદાવાદ સ્થિત ERCP ડૉ. રામાણી સાહેબની સલાહ મુજબ બાળકને ભુજ ખાતે વધુ સારવાર માટે પહોંચાડવામાં આવ્યું હતું. ગરીબ મજૂર પરિવાર માટે આ



સમયે 108ની સેવા અને ખાસ કરીને પાઇલટ રમેશભાઈ ગરવાની સતર્કતા તથા સેવાભાવ આશ્વાસનરૂપ બન્યા હતા. જિલ્લા કક્ષાના પ્રોગ્રામ મેનેજર ભવરલાલ પ્રજાપતિ સાહેબ તથા EME રાહુલ રાજગોર સાહેબે દયાપર NICU 108ની સમગ્ર ટીમની કામગીરીને બિરદાવી હતી. પાઈલટ રમેશભાઈ ગરવા – ફરજથી આગળ, માનવતા માટેની દોડ!જ્યારે એક નવજાતનું ભવિષ્ય સારવારના સમય સાથે જોડાયેલું હોય, ત્યારે 110 કિ.મી.ની આ સફર માત્ર અંતર નહોતું–પરંતુ એક પરિવારની આશા સુધી પહોંચવાની દોડ હતી.

**જન્મજાત ખોડખાંપણ ધરાવતા બાળકને દયાપરથી ભુજ GK જનરલ હોસ્પિટલ પહોંચાડવામાં પાઇલટની સમયસૂચક કામગીરી**

# વડોદરા મંડલના મંડલ વાણિજ્ય પ્રબંધક સહિત 05 કર્મચારીઓને (PCCM) એવોર્ડથી સન્માનિત

પશ્ચિમ રેલવેના મુખ્ય વાણિજ્ય પ્રબંધક (PCCM) શ્રી તરુણ જૈન દ્વારા 08 ઓગસ્ટ 2026ના રોજ અમદાવાદ ખાતે આયોજિત વિશેષ સંવાદ સમારોહ દરમિયાન વડોદરા મંડલના મંડલ વાણિજ્ય પ્રબંધક સહિત પાંચ કર્મચારીઓને નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન વાણિજ્ય વિભાગમાં ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય કામગીરી કરવા બદલ PCCM એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ.**

આજે તમારું સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી ધંધાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. ટપાલ દ્વારા આવેલો સંદેશ સમસ્ત પરિવાર માટે આનંદ લાવશે.

**વૃષભ : બ.વ.ઉ.**

તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો.

**મિથુન : ક.છ.ઘ.**

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટેન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટેન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થઈ શકે છે.

**કર્ક : ડ.હ.**

ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. તમે જો બધું જ બજારભર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમારું પ્રેમ જીવન આયુષ્યભરના બંધનમાં પરિણમશે અને લગ્નનો પ્રસ્તાવ મળશે.

**સિંહ : મ.ટ.**

આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. પરિવારના સભ્ય તેમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. તમારા પ્રેમી કે પ્રેમિકાની સંવેદનાત્મક જરૂરિયાતો સામે ઝૂકતા નહીં.

**કન્યા : પ.ઠ.ણ.**

સ્વાસ્થ્યની દ્રષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. પ્રૉપર્ટીને લગતા સોદા સાકાર થશે તથા અકલ્પ્ય લાભ લાવશે. તમે જેને પ્રેમ કરો છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગલકારી દિવસ.

**તુલા : ર.ત.**

તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારું એવું ધન કમાઈ શકશો.

**વૃશ્ચિક : ન.ય.**

વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. આ રાશિ ના લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**ધન : ભ.ધ.ફ.ઢ.**

તારા પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જ્યારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

**મકર : ખ.જ.**

તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે.

**કુંભ : ગ.સ.શ.ષ.**

હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે- પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે.

**મીન : દ.ચ.ઝ.થ.**

મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. મિત્રો તમને સહકાર આપનારા જણાશે-પણ તમે જે બોલો છો તે અંગે તકેદારી રાખજો. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.ચિંતા ન કરો સમય સાથે બધું જ બદલાઈ જાય છે અને તેમાં તમારૂં રૉમેન્ટિક જીવન પણ અપવાદ નથી.

## ટોડીયા ગ્રામ પંચાયતના શાંતિલાલ સોલંકીને વિશિષ્ઠ સેવા બદલ તાલુકા વહીવટી તંત્રએ નવાજ્યા

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

સ્વાતંત્ર્ય પર્વની ગૌરવભરી ઉજવણી દરમિયાન નખત્રાણા તાલુકા કક્ષાના ધ્વજવંદન કાર્યક્રમમાં ટોડીયા ગ્રામ પંચાયત ખાતે વિશિષ્ઠ અને ઉત્કૃષ્ટ સેવા બદલ શ્રી શાંતિલાલ લીલાધરભાઈ સોલંકીનું પ્રશસ્તિપત્ર એનાયત કરી જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.ગ્રામજનોને સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ સરળતાથી અને સમયસર મળી રહે તે માટે



શાંતિલાલ સોલંકી દ્વારા ઓનલાઈન અરજીઓ, KYC કામગીરી, ઈ-ગ્રામ સંબંધિત સેવાઓ, ઈ-ખેડૂત પોર્ટલ સહિતની વિવિધ કામગીરી નિષ્ઠાપૂર્વક કરવામાં આવી રહી છે. તેમની પ્રમાણિકતા, કાર્યક્ષમતા, નિષ્ઠા અને જવાબદારીભરી કામગીરીની નોંધ લઈ તાલુકા વહીવટી તંત્ર દ્વારા સ્વાતંત્ર્ય પર્વના કાર્યક્રમમાં સ્ટેજ પર બોલાવી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.આ ગૌરવપૂર્ણ સન્માન બદલ શાંતિલાલ સોલંકીએ માનનીય નાયબ કલેક્ટરશ્રી, મામલતદારશ્રી તથા તાલુકા વિકાસ અધિકારીશ્રી સહિત નખત્રાણા તાલુકા વહીવટી તંત્રનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.તેમણે જણાવ્યું હતું કે, "આ સન્માન મારા માટે માત્ર પ્રશસ્તિપત્ર નથી, પરંતુ જનસેવામાં વધુ ઉત્સાહ અને જવાબદારી સાથે કાર્ય કરવાની પ્રેરણા છે."જનસેવાની નિષ્ઠા જ્યારે સન્માન બને, ત્યારે સમગ્ર ગામ માટે એ ગૌરવની ક્ષણ બની જાય છે.

## ઐતિહાસિક લખપત કિલ્લાની ધરતી પર ગુંજ્યો દેશભક્તિનો નાદ, શાનથી લહેરાયો તિરંગો



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી) : 80મા સ્વાતંત્ર્ય પર્વની ગૌરવપૂર્ણ ઉજવણીના અવસરે ઐતિહાસિક લખપત કિલ્લા ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. દયાપર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. શ્રી વી.બી. પટેલ સાહેબના હસ્તે તિરંગો લહેરાવવામાં આવતા સમગ્ર કિલ્લો દેશભક્તિના રંગે રંગાઈ ગયો હતો.આ ગૌરવશાળી પ્રસંગે સરપંચ પ્રતિનિધિ સાલેમામદભાઈ ખલીફા, ઓસમાણ નોતિયાર, ટુરિસ્ટ ગાઈડ અનવરભાઈ સમા, સતારભાઈ સોઢા, લિયાકત અલી નોતિયાર, ઈકબાલ સોઢા, ઈરફાન સોઢા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે ૮૦ માં સ્વાંતન્ત્ર્યતા દિવસ ની ભવ્ય ઉજવણી



દિપક રાવલ દાહોદ | લીમખેડા

લીમખેડા વિભાગ યુવક એજ્યુકેશન સોસાયટી, લીમખેડા સંચાલિત શ્રી હસ્તેશ્વર સ્કૂલ, લીમખેડા ખાતે તા. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ૮૦મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી હર્ષોલ્લાસ અને દેશભક્તિના માહોલમાં કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત સંસ્થા ના મંત્રી શ્રી ભરતભાઈ ભરવાડ ના વરદ હસ્તે ધ્વજવંદન કરીને કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવો, સંસ્થાના હોદ્દેદારો, આચાર્યશ્રી, શિક્ષકગણ, વાલીઓ તથા વિદ્યાર્થીઓએ રાષ્ટ્રધ્વજને સલામી આપી દેશ પ્રત્યેની પોતાની ભાવના વ્યક્ત કરી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીતો, સાંસ્કૃતિક કાર્યક્રમો, વકૃત્વ તથા વિવિધ દેશભક્તિપૂર્ણ રજૂઆતો કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પોતાની સુંદર રજૂઆતો દ્વારા ઉપસ્થિત સૌના મનમાં રાષ્ટ્રપ્રેમની ભાવના જગાવી હતી.

## રાહ ખાતે વાવ-થરાદ જિલ્લાના પ્રથમ સ્વાતંત્ર્ય પર્વની ગૌરવપૂર્ણ ઉજવણી



માહિતી બ્યુરો, થરાદ

વાવ-થરાદ જિલ્લાના નવરચિત રાહ તાલુકા ખાતે દેશના ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ગૌરવપૂર્ણ ઉજવણી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. અધ્યક્ષશ્રીએ રાષ્ટ્રધ્વજ લહેરાવી તિરંગાને સલામી આપી હતી. આ પ્રસંગે તેમણે દેશની આઝાદી માટે પોતાનું સર્વસ્વ સમર્પિત કરનાર નામી-અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓના ત્યાગ અને બલિદાનને યાદ કરી તેમને નમન કર્યું હતું. સાથે જ દેશની સરહદોની સુરક્ષા કરતા જવાનો, ખેડૂતો, પશુપાલકો, માતાઓ-બહેનો અને યુવાનોના રાષ્ટ્ર નિર્માણમાં રહેલા અમૂલ્ય યોગદાનને બિરદાવ્યું હતું.અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, સ્વતંત્રતા આપણને વારસામાં મળી છે, પરંતુ વિકસિત ભારતનું નિર્માણ કરવાની જવાબદારી આપણી પેઢીની છે. છેલ્લા અઢી દાયકામાં ગુજરાતે વિકાસની નવી ઊંચાઈઓ હાંસલ કરી છે. પાણી, વીજળી અને રસ્તા માત્ર સુવિધાઓ નથી, પરંતુ વિકાસની પાયાની શરતો છે. નર્મદા કેનાલ, સુજલામ્-સુફલામ્ યોજના, જ્યોતિગ્રામ યોજના અને વિવિધ માળખાકીય વિકાસ કાર્યોએ ઉત્તર ગુજરાત તથા સરહદી વિસ્તારોના સામાજિક અને આર્થિક જીવનમાં મોટું પરિવર્તન લાવ્યું છે. ગુજરાતના ખેડૂતો, પશુપાલકો, શ્રમિકો, મહિલાઓ, યુવાનો અને ઉદ્યોગ સાહસિકોની મહેનત રાજ્યની વિકાસ યાત્રાની મુખ્ય શક્તિ બની છે.અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, વાવ-થરાદની ધરતી વિકાસની સાથે રાષ્ટ્ર સેવાની પણ ધરતી છે. સરહદ પર તૈનાત આપણા જવાનો દેશની રક્ષા કરે છે, જ્યારે સરહદ નજીકના ખેડૂતો પોતાના ખેતરમાં પરસેવો વહાવી દેશની અન્ન સુરક્ષામાં યોગદાન આપે છે. નડાબેટ ખાતેનો 'સીમા દર્શન' પ્રોજેક્ટ માત્ર પ્રવાસન સ્થળ નહીં, પરંતુ રાષ્ટ્રભક્તિ જગાડતું જીવંત કેન્દ્ર બન્યો છે. ભારતમાલા પ્રોજેક્ટના આધુનિક હાઈવે નેટવર્ક, નાણી ખાતે આકાર લઈ રહેલા એરફોર્સ બેઝ અને એરપોર્ટ તેમજ માર્ગ, પાણી અને અન્ય માળખાકીય સુવિધાઓના વિકાસથી સમગ્ર સરહદી વિસ્તારમાં કનેક્ટિવિટી, આર્થિક પ્રવૃત્તિ અને સ્થાનિક રોજગારીની નવી તકો ઊભી થશે. નવરચિત વાવ-થરાદ જિલ્લાની વિકાસયાત્રા અંગે અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, પૂજ્ય મહાત્મા ગાંધીજીના જન્મદિવસે બનાસકાંઠામાંથી અલગ વાવ-થરાદ જિલ્લાની રચના સાથે નવરચિત રાહ અને ધરણીધર તાલુકાઓની રચના સરહદી વિસ્તારના સર્વાંગી વિકાસની દિશામાં ઐતિહાસિક પગલું છે. એક સમયે સરકારી કામકાજ માટે લોકોને દૂર પાલનપુર સુધી જવું પડતું હતું, જ્યારે આજે સુશાસનનો વહીવટ લોકોના ઘરઆંગણે પહોંચ્યો છે.

## ઐતિહાસિક સ્થળ ભૂચરમોરી ખાતે જામનગર જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની આન...બાન...શાન સાથે ઉજવણી કરાઈ

વિશાલ જે હરવરા જામનગર

જામનગર તા.૧૫ ઓગસ્ટ, જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં આવેલ ઐતિહાસિક સ્થળ ભૂચરમોરી ખાતે જિલ્લા કક્ષાના ૮૦ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અને જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવી હતી. મંત્રીએ ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી રાષ્ટ્રગાન કર્યું હતું. ત્યારબાદ કલેક્ટર પી.બી.પંડયા અને જિલ્લા પોલીસ વડા ડો.રવિમોહન સૈની સાથે વિવિધ ૯ જેટલી પ્લાટૂન પરેડનું જેમાં પુરુષ પોલીસ પ્લાટૂન, મહિલા પોલીસ પ્લાટૂન, હથિયારધારી હોમગાર્ડ, બિનહથિયારધારી હોમગાર્ડ, સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સ, એનસીસી પ્લાટૂન, ડોગ સ્કવોર્ડ, માઉન્ટેડ યુનિટ, પોલીસ બેન્ડ વિભાગનું નિરીક્ષણ કર્યું હતું. મંત્રીએ સૌ જામનગરવાસીઓને ૮૦ માં સ્વાતંત્ર્ય પર્વની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, દેશને આઝાદી અપાવવામાં પોતાનું મહામૂલું પ્રદાન કરનાર સ્વાતંત્ર્ય સેનાનીઓ તેમજ શહીદોને નમન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે અનેક જનકલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે, જેના લાભથી કરોડો લોકોના જીવનમાં પરિવર્તન આવ્યું છે. આયુષ્માન ભારત યોજના દ્વારા દેશના ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને ગુણવત્તાસભર આરોગ્યસેવાની સુરક્ષા મળી છે. ઉજ્જવલા યોજના દ્વારા માતા-બહેનોને ધુમાડામુક્ત રસોડાની સુવિધા મળી છે, જનધન યોજના દ્વારા દેશના કરોડો નાગરિકોને બેન્કિંગ વ્યવસ્થા સાથે જોડવામાં આવ્યા છે, જ્યારે પીએમ સૂર્યઘર યોજના જેવી પહેલો દ્વારા સ્વચ્છ ઊર્જાના ક્ષેત્રમાં પણ દેશ આગળ વધી રહ્યો છે. "એક પેડ માં કે નામ" અભિયાન અંતર્ગત ૧૭ કરોડથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે, જે હરિયાળા અને સ્વસ્થ ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.રમતગમતના ક્ષેત્રમાં પણ ભારતે વૈશ્વિક સ્તરે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. ૩૯ પદકો સાથે કોમનવેલ્થ ગેમમાં રમત ગમત ક્ષેત્રે પણ ખેલાડીઓએ અદભૂત પ્રદર્શન કર્યું છે. ૨૪મી કોમનવેલ્થ ગેમ્સના આયોજનનું



ગૌરવ ભારતને અને ખાસ કરીને ગુજરાતને પ્રાપ્ત થયું છે. આ માત્ર ગુજરાત માટે જ નહીં, સમગ્ર દેશ માટે ગર્વની ક્ષણ છે.ગુજરાતે નાગરિકોની સુરક્ષા માટે આતંકવાદ અને સંગઠિત ગુનાઓ સામે કડક કાર્યવાહી કરીને રાજ્યમાં શાંતિ અને સલામતીનું વાતાવરણ જાળવી રાખવામાં સફળતા મેળવી છે. એક સમય હતો જ્યારે કાશ્મીર આતંકવાદ અને હિંસાના સમાચારોથી ચર્ચામાં રહેતું હતું. પરંતુ આજે કાશ્મીર દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે.આરોગ્ય ક્ષેત્રે ગુજરાતે સતત પ્રગતિ કરી છે. માનવ વિકાસ સૂચકાંકમાં સુધારો, સરેરાશ આયુષ્યમાં વધારો અને બાળકોના આરોગ્યમાં થયેલો સુધારો રાજ્યની સફળતાની સાબિતી છે. રાજ્ય સરકાર માતાના ગર્ભધારણથી લઈને બાળકના સર્વાંગી વિકાસ સુધી સતત આરોગ્ય સેવાઓ અને પોષણની સુવિધાઓ પૂરી પાડે છે.દીકરીઓના સ્વાસ્થ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને સર્વાઈકલ કેન્સર વિરોધી રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે, જેના અંતર્ગત ૫ લાખ કિશોરીઓને રસી આપવામાં આવી છે.પીએમ સૂર્યઘર યોજના દ્વારા ઘરો પર સોલાર પેનલ સ્થાપિત કરવાની દિશામાં ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાં સ્થાન પામ્યું છે. સ્થાનિક ઉત્પાદનોને વૈશ્વિક ઓળખ અપાવવા માટે જીઆઈ ટેગિંગની દિશામાં પણ ગુજરાત આગળ વધી રહ્યું છે.'ઈઝ ઓફ લિવિંગ'ના અભિગમ સાથે રાજ્ય સરકારે શહેરી વિકાસને નવી દિશા આપી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં નવી ૯ મહાનગરપાલિકાઓની રચના કરીને શહેરી વિકાસને વધુ ગતિ આપવામાં આવી છે. તેના પરિણામે નાગરિકોને વધુ સારી અને સુલભ સેવાઓ મળી રહી છે.સરકારનું સ્વપ્ન માત્ર શહેરોના વિકાસનું નથી, પરંતુ એવા સમૃદ્ધ ગામડાંનું છે જ્યાં ગામડાનું સ્વરૂપ જળવાઈ રહે અને સાથે શહેર જેવી તમામ આધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ બને. આ દિશામાં રાજ્ય સરકાર સતત કાર્યરત છે.વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં ખેડૂતોની ભૂમિકા અત્યંત મહત્વની છે અને તેથી જ કૃષિ અને ગ્રામ વિકાસને સરકારની પ્રાથમિકતા આપવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ સરકાર ખેડૂતોની પડખે મજબૂત રીતે ઉભી છે. ગયા વર્ષે થયેલા અતિભારે વરસાદ અને કુદરતી નુકસાન બાદ રાજ્યના હજારો ખેડૂતોને કરોડો રૂપિયાની સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી હતી. પારદર્શિતા અને ઝડપી સહાયનું આ ઉત્તમ ઉદાહરણ છે.ખેડૂતોને તેમના પાકના યોગ્ય ભાવ મળી રહે તે માટે સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી સહિત વિવિધ કૃષિ ઉત્પાદનોની મોટા પાયે ખરીદી કરવામાં આવી છે.

## સ્વાતંત્ર્ય પર્વે રાહ તાલુકાને વિકાસની ભેટ: રૂ. ૨૦૯ લાખના વિવિધ જનકલ્યાણકારી કામોનું લોકાર્પણ

### વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે રાહ ખાતે તાલુકા સેવા સદનનું ભૂમિપૂજન કરાયું

માહિતી બ્યુરો, થરાદ

વાવ-થરાદ જિલ્લાના નવરચિત રાહ તાલુકા ખાતે ૮૦માં સ્વાતંત્ર્ય પર્વની ગૌરવપૂર્ણ ઉજવણી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી બાદ અધ્યક્ષશ્રીના હસ્તે રાહ તાલુકાના વિકાસને વધુ વેગ આપતા વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાહ ગામના કુલ રૂ. ૨૦૯ લાખના ૧૨ જનકલ્યાણકારી વિકાસકામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાહ ખાતે નિર્માણ થનાર નવા તાલુકા સેવા સદનના ભવનનું અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. નવરચિત રાહ તાલુકામાં નવા તાલુકા સેવા સદનના નિર્માણથી વિવિધ સરકારી સેવાઓ એક જ સ્થળેથી સરળતાથી ઉપલબ્ધ બનશે. પરિણામે તાલુકાના ગામોના નાગરિકોને વહીવટી કામગીરી માટે વધુ સુવિધા મળશે અને સ્થાનિક સ્તરે વહીવટી વ્યવસ્થા વધુ સુદ્રઢ બનશે.આ પ્રસંગે અધ્યક્ષશ્રીના હસ્તે શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે મહત્વપૂર્ણ વિકાસકામોનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં રાહ પ્રાથમિક શાળામાં રૂ. ૧૩૮ લાખના ખર્ચે ૬ નવા ઓરડા તથા ૧૫ ઓરડાના સમારકામનું કામ અને રૂ. ૨૮ લાખના ખર્ચે પેટા આરોગ્ય કેન્દ્ર રાહ-૨ના કામનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સાધુવાસમાં રૂ. ૫ લાખનું મજૂર કલ્યાણ કેન્દ્ર, નવી ગ્રામ પંચાયત આગળ રૂ. ૫ લાખનો શેડ, શિવ મંદિર આગળ રૂ. ૫ લાખના પેવર બ્લોક તથા ઉગમણા વાસમાં શિવ મંદિર પાસે રૂ. ૫ લાખના ખર્ચે સાંસ્કૃતિક કેન્દ્ર સહિતના વિકાસકામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.રાહ ગામમાં આંતરિક માળખાકીય સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવા ગામથી રેલવાળી શેરીએ રૂ. ૫ લાખનો કોઝવે, ખેતલાજી મંદિરની બાજુમાં ભલાસરા રસ્તે રૂ. ૨ લાખના પેવર બ્લોક, આથમણા વાસના દરબાર વાસમાં રૂ. ૫ લાખના સી.સી. રોડ, આથમણા પટેલ વાસમાં રૂ. ૫ લાખની ગટરલાઈન, ગામથી રેલવાળી શેરીએ રૂ. ૫ લાખના ખૂટતા કોઝવે તથા આથમણા વાસના શિવ મંદિર આગળ રૂ. ૧ લાખના પેવર બ્લોકના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સ્વાતંત્ર્ય પર્વના અવસરે તાલુકા સેવા સદનના ભૂમિપૂજન સાથે રૂ. ૨૦૯ લાખના વિકાસકામોની ભેટ મળતાં નવરચિત રાહ તાલુકાના સર્વાંગી વિકાસને નવી ગતિ મળશે.

## ગિરનારી ગિરીકંદરાઓની હરીયાળી વનસૃષ્ટી સંગાથ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. ખાતે સ્વાતંત્ર્યદિન પર્વની ઉત્સાહભેર ઊજવણી કરવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

ગિરીવર ગિરનારની લીલીછમ્મ ગીરકંદરાઓના પ્રાકૃતિક હરિયાળી વનસંપદાઓ સમીપ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીનાં કુલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે ત્રીરંગો લહેરાવી રાષ્ટ્ર ધ્વજને સલામી આપી હતી. આ પ્રસંગે યુનિ. નાં રજીસ્ટ્રાર ડો.આર.જી. પરમાર, પરીક્ષા નિયામક ડો.ડી.એચ. સુખડીયા અને વિવિધ ડિપાર્ટમેન્ટનાં વડા ઉપસ્થિત રહી રાષ્ટ્રીય



પર્વમાં જોડાયા હતા. આ પ્રસંગે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિનાં કુલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે સ્વાધિનતા સંગ્રામનાં સ્વાતંત્ર સેનાનીઓને ભાવવંદનાં કરી પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યુ હતુ કે આજે દેશ ૮૦મો સ્વતંત્રતા દિવસ 'વિકસીત ભારત' પર ધ્યાન કેન્દ્રિત કરતા ઉજવી રહ્યો છે. આવનાર સમયમાં ભારતદેશ વિશ્વગુરૂ તરીકે પ્રસ્થાપિત થાય તે દિશામાં આવો આપણે સૌ આત્મનિર્ભર ભારતની પ્રધાનમંત્રીશ્રીની પરિકલ્પનાને સાકાર કરવા આપણાં કાર્યમાં, વ્યવહારમાં અને પરસ્પર સહયોગમાં હકારાત્મક અભિગમ સાથે કાર્ય કરીએ.સૌને યાદ હશે જ કે સ્વતંત્રતા દિવસ સ્વતંત્રતા માટેના લાંબા અને કઠોર સંઘર્ષની યાદમાં ઉજવાઇ રહ્યો છે જેની વિશેષતા ભારતીય જનતાના વ્યાપક એકત્રીકરણ, અનેક નામી અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓની આગેવાની હેઠળના અહિંસક પ્રતિરોધ અને સ્વાતંત્ર્ય સેનાનીઓ ની લોકલડત અને અસંખ્ય બલિદાન દ્વારા ભારતને એક લોકશાહી ગણરાજ્યના રૂપમાં સ્થાપિત કર્યું. લોકશાહી, ન્યાય અને સ્વતંત્રતાના સિદ્ધાંતો પર ભાર મૂકતા 'લોકોની, લોકો દ્વારા, લોકો માટે' સરકારનો પાયો નાખ્યો છે. સ્વતંત્રતા દિવસ એક વૈવિધ્ય સભર ઉત્સવ છે જે ભારતના ભૂતકાળના સંઘર્ષોનું સન્માન કરે છે, તેની વર્તમાન સિદ્ધિઓની ઉજવણી કરે છે અને ભવિષ્યની આકાંક્ષાઓ તરફ જુએ છે. રાષ્ટ્રીય ગૌરવ, એકતા અને પ્રતિબિંબનો દિવસ છે, જે સ્વતંત્રતાની ભાવના અને તેના તમામ નાગરિકો માટે વધુ સારા રાષ્ટ્રનું નિર્માણ કરવાની નિરંતર શોધને દર્શાવે છે. આવો આપણે સૌ આપણાં દેશને વ્યસન-નશામુક્ત બનાવીએ, પ્રકૃતિ અને પર્યાવરણનું સંવર્ધન કરીએ, શહિદો, સ્વાતંત્ર સેનાનીઓ અને મહિલાઓને આદરભાવ આપીએ.આઝાદી માટેની એક લાંબી લડાઈ લડવામાં અસંખ્ય સ્વાતંત્ર્ય સેનાનીઓ અને સરહદનાં સૈનિકોનાં બલીદાનને યાદ કરી ડો. પ્રતાપસિંહજી ચૌહાણે શ્રધ્ધાંજલી અર્પણ કરી યુનિ.નાં કાર્યમાં સૌ સહયોગી કર્મયોગીઓ, અને સેવારથીઓને બિરદાવી સૌને સ્વાતંત્ર દિવસની શુભકામનાં પાઠવી હતી. આ તકે સજ્જતા, નિયમન, તાલીમબધ્ધ કાર્યદક્ષતા, નિયમિતતા પ્રમાણિકતા, નીતિમત્તા સાથે કાર્ય કરતા કર્મયોગીઓ, વિવિધ ડિપાર્ટમેન્ટમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર વિભાગીય વડા, શોધસ્કોલર, પેટન્ટ રજિસ્ટર કરાવનાર સંશોધકો, અલગ-અલગ ક્ષેત્રે શૈક્ષણિક સિધ્ધીઓ હાંસલ કરનારને કુલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણે બીરદાવી આવનાર દિવસોમાં યુનિ. નવી ઉંચાઇ હાંસલ કરે તે દિશામાં યોગદાન આપવા હિમાયત કરી હતી. યુનિ.નાં સ્પોર્ટ વિભાગ દ્વારા આયોજીત ઓઇ ઈન્ડીયા લેવલે ઝુડોમાં દ્વિતિય નંબરે વિજેતા થનાર કુ. તૃષાબેન પંકજભાઇ ઝાલાને રૂા. પંદર હજાર રૂપિયાની ધનરાશીનો ચેક અર્પણ કરી વિદ્યાર્થીનીને અભિનંદન પાઠવીશુભ.ચ્છા વ્યકત્ કરી હતી. સ્વાતંત્ર્યદિન પર્વ ઉજવણી અવસરે સમાજશાસ્ત્ર ડિપાર્ટમેન્ટ નાં વડા પ્રો. જયસિંહ ઝાલા, કોમર્સ ડિપાર્ટમેન્ટનાં વડા પ્રો. ભાવસિંહ ડોડીયા, કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટનાં વડા પ્રો. નવલભાઇ કપુરીયા, લાઈફ સાયન્સ ડિપાર્ટમેન્ટનાં વડા પ્રો. સુહાસ વ્યાસ, અંગ્રેજી વિભાગનાં પ્રો. ફિરજ શેખ, હિસાબી અધિકારી ડો. કિર્તીબા વાઘેલા, યુનિ.નાં વિવિધ વિભાગોનાં અધ્યાપકો, વહિવટી કર્મચારીઓ, યુનિ. ભવનનાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા રજીસ્ટ્રાર ડો.આર.જી.પરમાર, સલીમભાઇ સીડા, આઇ.ટી.અધિકારી ડો.જીતેન્દ્ર ભાલોડીયા, જનસંપર્ક અધિકારી અશ્વિન પટેલ સહિત સ્ટાફે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન ડો.ઋષિરાજ ઉપાધ્યાયે સંભાળ્યુ હતુ.

## જૂનાગઢ મ.પા.ના ધારાગઢ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓની શૈક્ષણિક મુલાકાત

નરેન્દ્ર દવે જૂનાગઢ | મહાનગરપાલિકા, જૂનાગઢની વોટરવર્ક્સ શાખા હસ્તક કાર્યરત ધારાગઢ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે તારીખ ૧૩/૦૮/૨૦૨૬ના રોજ નોબલ આયુર્વેદ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના B.A.M.S. ના બીજા વર્ષમાં અભ્યાસ કરતા ૯૪ વિદ્યાર્થીઓ અને ૨ ફેકલ્ટી સભ્યોએ શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન પ્લાન્ટના કેમિસ્ટ દ્વારા વિદ્યાર્થીઓ ને પ્લાન્ટની ક્ષમતા, મુખ્ય જળ સ્ત્રોત તેમજ સ્ત્રોતથી ઈન્ટેક વેલ, એરેટર, મિક્સર, ક્લેરિફાયર અને ફિલ્ટર બેડ સુધીની પાણી શુદ્ધિકરણ તથા વિતરણ વ્યવસ્થાની સંપૂર્ણ પ્રક્રિયા વિગતવાર સમજાવવામાં આવી હતી. આ ઉપરાંત પ્રયોગશાળામાં થતા કેમિકલ ટેસ્ટ, બેક્ટો ટેસ્ટ અને ક્લોરિનેશન પ્રક્રિયા અંગે પણ પ્રત્યક્ષ માહિતી પૂરી પાડવામાં આવી હતી, જેમાં વર્ષ ૨૦૨૬ દરમિયાન આ પ્લાન્ટ ખાતે અગાઉ તારીખ ૧૬/૦૧/૨૦૨૬ના રોજ બ્રહ્માનંદ કોલેજ ઓફ નર્સિંગના ૧૦૪ વિદ્યાર્થીઓ તેમજ તારીખ ૧૯/૦૬/૨૦૨૬ના રોજ સરકારી આયુર્વેદ કોલેજના ૭૦ વિદ્યાર્થીઓએ પણ પાણી શુદ્ધિકરણ પ્રક્રિયાના પ્રત્યક્ષ અભ્યાસ અર્થે મુલાકાત લીધી હતી.

## સોમનાથ મહાદેવને સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ૨૫૧ કિલો વિવિધ પુષ્પોનો ભવ્ય 'ત્રિરંગા શૃંગાર' અને અન્નકૂટ મહાભોગ અર્પણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

આજે સ્વાતંત્ર્ય દિનના રાષ્ટ્રીય પર્વે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિર ખાતે દેશભક્તિ અને શિવભક્તિનો અદભુત સમન્વય જોવા મળ્યો હતો. દેશની સુખાકારીની મંગલ કામના સાથે શ્રી સોમનાથ મહાદેવને રાષ્ટ્રધ્વજની થીમ પર વિશેષ પુષ્પ શૃંગાર કરવામાં આવ્યો હતો. ત્રિરંગા શૃંગાર : સોમનાથ મંદિરના પૂજારીગણ દ્વારા મહાદેવને કેસરી ગલગોટા, સફેદ સેવંતી, લીલા આસોપાલવ અને



બિલ્વપત્ર વડે ત્રિરંગાના સુંદર સ્વરૂપમાં સજાવવામાં આવ્યા હતા. ૨૫૧ કિલો પુષ્પો: આ વિહંગમ અને દિવ્ય શૃંગાર માટે કુલ ૨૫૧ કિલો પુષ્પો અને પવિત્ર પત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અન્નકૂટ મહાભોગ આજના આ વિશેષ દિવસે પુષ્પ શૃંગારની સાથોસાથ સોમનાથ દાદાને વિશેષ 'અન્નકૂટ મહાભોગ' પણ અર્પણ કરવામાં આવ્યો હતો. સ્વાતંત્ર્ય પર્વે દેવાધિદેવ મહાદેવના આ અદભુત ત્રિરંગા શૃંગાર અને અન્નકૂટની ઝાંખીના દર્શન કરી મંદિરે પધારેલા હજારો ભક્તો ભાવવિભોર બન્યા હતા અને દર્શનનો લ્હાવો લઈ પોતાને ધન્ય અનુભવ્યા હતા.

## જૂનાગઢ મ.પા. વિસ્તારમાં ચાલી રહેલા વિવિધ વિકાસ કામોની માન. મ્યુનિસિપલ કમિશનરશ્રી આઈ.આર.વાળા દ્વારા સ્થળ મુલાકાત અને સમીક્ષા

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ મહાનગરપાલિકા વિસ્તારમાં શહેરીજનોની સુવિધા અર્થે હાથ ધરવામાં આવેલા વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ ઝડપથી અને ગુણવત્તાસભર રીતે પૂર્ણ થાય તે હેતુથી માન.મ્યુનિસિપલ કમિશનરશ્રી આઈ.આર.વાળા દ્વારા વિવિધ વિસ્તારોની સ્થળ મુલાકાત લઈને નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ વિઝિટ દરમિયાન માન.કમિશનરશ્રી દ્વારા જોષીપરા વિસ્તાર માં આવેલ ક્યાડા વાડી પટેલ સમાજથી શાંતેશ્વર મંદિર તરફ જતાં નવા બની રહેલા સી.સી. રોડની કામગીરીનું સ્થળ પર જઈને બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ તેમણે ખલિલપુર રોડ પર ચાલી રહેલા ફૂટપાથના નિર્માણ કાર્યની પણ મુલાકાત લીધી હતી અને સ્થાનિક આરોગ્ય તેમજ ફિટનેસ સુવિધાઓની સમીક્ષા માટે ખલિલપુર રોડ પર આવેલ સરદાર વલ્લભ ભાઈ પટેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC સેન્ટર), નવા યોગ સ્ટુડિયોની મુલાકાત કરી નિરીક્ષણ કર્યું હતું.આ ઉપરાંત, શહેરના મહત્વના વાહનવ્યવહાર પ્રોજેક્ટ અંતર્ગત જોષીપરા રેલ્વે ક્રોસિંગ પર પ્રગતિ હેઠળના રેલવે ઓવર બ્રિજ (ROB) ની સાઈટ વિઝિટ કરીને સ્થળ પર ચાલી રહેલી સમગ્ર કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

## સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે દાહોદ જિલ્લાના શિક્ષણ અને રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠ સિદ્ધિ મેળવનાર પ્રતિભાઓનું સન્માન

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લામાં સહ પ્રભારી મંત્રીશ્રી પી. સી. બરંડાના અધ્યક્ષ સ્થાને સુખસર ખાતે યોજાયેલ 80 માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીના પાવન અવસરે દાહોદ જિલ્લામાં શિક્ષણ, રમતગમત અને વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર કામગીરી તથા શ્રેષ્ઠ સિદ્ધિ મેળવનાર પ્રતિભાશાળી વ્યક્તિઓ અને વિદ્યાર્થીઓનું સન્માનપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.શિક્ષણ ક્ષેત્રે સમગ્ર જિલ્લામાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરેન્દ્રકુમાર એલ. દામા તથા શિક્ષણ નિરીક્ષક ડૉ. રાકેશ આર. ભોંકણનું સન્માન કરવામાં આવ્યું હતું. આ બંને અધિકારીઓએ દાહોદ જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તાસભર કામગીરી અને શૈક્ષણિક પ્રગતિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.રમત ગમત ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ દાહોદ જિલ્લાનું નામ રોશન કરનાર રોશનીબેન લલ્લુભાઈ મિનામા, કાજલબેન સમરુભાઈ ભાભોર અને મનીષાબેન વિનુભાઈ કટારાનું પણ



સન્માન કરવામાં આવ્યું હતું.સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, આગાવાડા, તા. ઝાલોદની આ ખેલાડીઓએ સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SGFI)ના નેજા હેઠળ આયોજિત 69 મા રાષ્ટ્રીય શાળાકીય રમતોત્સવ-2025-26માં ભાગ લઈ રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું છે.આ ઉપરાંત શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવશે. તેમાં ધ્રુતિ હેમંતકુમાર પ્રજાપતિએ SSC ફેબ્રુઆરી/માર્ચ પરીક્ષા-2026 માં દાહોદ જિલ્લામાં 98.33 ટકા સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.પીઠાયા નિખિલ વિજયભાઈએ HSC ફેબ્રુઆરી/માર્ચ પરીક્ષા-2026 (સામાન્ય પ્રવાહ)માં 94.85 ટકા સાથે પ્રથમ સ્થાન, જ્યારે મયંક માલાભાઈ મિનામાએ HSC ફેબ્રુઆરી/માર્ચ પરીક્ષા-2025 (વિજ્ઞાન પ્રવાહ)માં 88.92 ટકા સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. તે જ રીતે આયુષી સચિનકુમાર કડિયાએ SSC ફેબ્રુઆરી/માર્ચ પરીક્ષા-2026 માં 97.33 ટકા સાથે દ્વિતીય સ્થાન, રેણુકાબેન પ્રતાપભાઈ બારીયાએ HSC ફેબ્રુઆરી/માર્ચ પરીક્ષા-2025 (સામાન્ય પ્રવાહ)માં 93.00 ટકા સાથે દ્વિતીય સ્થાન, જ્યારે ત્વીશા મહેશકુમાર પટેલએ HSC ફેબ્રુઆરી/માર્ચ પરીક્ષા-2025 (વિજ્ઞાન પ્રવાહ)માં 87.43 ટકા સાથે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે.આ પ્રતિભાઓની સિદ્ધિ દાહોદ જિલ્લાના અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બની છે. શિક્ષણ અને રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર આ તમામ પ્રતિભાઓને સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે સન્માનિત કરી તેમની મહેનત, પ્રતિભા અને સિદ્ધિને બિરદાવવામાં આવી હતી.

## સિવિલ હોસ્પિટલ,જુનાગઢ ખાતે 80માં સ્વાતંત્ર્ય પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જુનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે 80માં સ્વતંત્ર પર્વ નિમિત્તે હોસ્પિટલ ખાતે સારવાર અર્થે આવતા દર્દી તેઓના સગા તથા હોસ્પિટલના સ્ટાફમાં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સકારાત્મક ઊર્જાનો સંચાર થાય તથા દેશભક્તિ અને દેશ પ્રેમ વધુ પ્રબળ બને તેવા શુભ આશરે થી વિવિધ OPD તથા વોર્ડમાં સ્વાતંત્ર્ય



પર્વને અનુરૂપ રંગોળી તથા સુશોભન કરવામાં આવેલ ઉપરાંત તમામ ઉપયોગી તથા વોર્ડમાં હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગા ધ્વજ લગાવવામાં આવ્યા હતા. સ્વતંત્ર પર્વના દિવસે સવારે 8:45 વાગે ઓપીડી ગેટ ની સામે વર્ગ 1 થી 4 ના સ્ટાફની બહોળી ઉપસ્થિતિમાં ધ્વજવંદન કરવામાં આવેલ. તથા ત્યારબાદ સ્વાતંત્ર પર્વને અનુરૂપ સાંસ્કૃતિક કાર્યક્રમનું હોસ્પિટલના લેક્ચર હોલમાં આયોજન કરવામાં આવેલ હતું જેમાં સ્ટાફ તથા સ્ટુડન્ટ્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સિવિલ હોસ્પિટલ જુનાગઢ ના મેડિકલ સુપ્રિન્ટેન્ટ ડો.કૃતાર્થ બ્રહ્મભટ્ટે સમાજના તમામ વર્ગના લોકો વધુ સ્વસ્થ બને તથા તમામ સ્ટાફ રાષ્ટ્ર પ્રત્યેની પોતાની ફરજનું નિષ્ઠાપૂર્વક પાલન કરે તેવી અપીલ કરી હતી.

## માળીયા હાટીના ખાતે જૂનાગઢ જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી

નરેન્દ્ર દવે જૂનાગઢ | માળીયા હાટીના ખાતે જૂનાગઢ જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી તેમાં ઉર્જા અને કાયદા રાજ્ય મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર કર્મયોગીઓનું બહુમાન કરાયું સાથે સાથે દિવ્યાંગોને પણ સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડવાના હેતુથી વિસાવદર તાલુકાના દિવ્યાંગ વિદ્યાર્થી રાજદીપ હર્ષભાઈ બાલદાણીયાનું સન્માન કરવામાં આવ્યું. વિસાવદર તાલુકા વેકરીયા પ્રાથમિક શાળા માં અભ્યાસ કરતો દિવ્યાંગ વિદ્યાર્થી રાજદીપ બાલદાણીયા બિહાર (પટણા) ખાતે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા 21મી નેશનલ એથલેટિક ચેમ્પિયનશિપ(autism & cerebral palsy) માં ભાગ લીધો હતો તેમાં 100 મીટર દોડ તથા લાંબીકુદ બંને ઈવેન્ટમાં ભાગલઈ પ્રથમ નંબર મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી સમગ્ર જુનાગઢ તથા ગુજરાતના દિવ્યાંગજગતનુ ગૌરવ વધારેલ છે. રાજદીપને નેશનલ લેવલે સ્પર્ધાઓમાં ગુજરાતની બહાર જવા માટે પ્રોત્સાહિત કરવા અને તાલીમ આપવા જિલ્લા આઈઈ.ડી. કોર્ડીનેટર ગોપાલભાઈ પંડ્યાના માર્ગદર્શન નીચે કોમલબેન ભટ્ટ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી જેને કારણે દિવ્યાંગ બાળક વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યો અને 4,00,000 જેવી માતબર રકમ ઈનામ સ્વરૂપે પ્રાપ્ત કરી.

### ખેતીના કચરામાંથી બનતો ગેસ હવે વાહન ચાલકો માટે વરદાન સાબિત થશે

# સરકારનો મોટો નિર્ણય, પર્યાવરણને મળશે હવે નવી રક્ષણાત્મક શક્તિ

અમદાવાદ: ભારતમાં સ્વચ્છ ઊર્જા અને પર્યાવરણ સંરક્ષણ તરફ એક મોટું અને નિર્ણાયક કદમ ઉઠાવવામાં આવ્યું છે. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ દ્વારા અત્યાર સુધી માત્ર પેટ્રોલ સુધી સીમિત રહેલી ઈંધણ મિશ્રણની પ્રક્રિયા હવે કોમ્પ્રેસ્ડ બાયોગેસના માધ્યમથી CNG વાહનો સુધી વિસ્તારવામાં આવી છે. કેન્દ્ર સરકારની ગ્રીન એનર્જી નીતિના ભાગરૂપે લેવાયેલા આ નિર્ણયથી આવનારા સમયમાં આયાતી ગેસ પરની નિર્ભરતા ઘટશે અને દેશમાં ઈકો-ફ્રેન્ડલી ઈંધણનું ઉત્પાદન વધશે.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, દેશમાં પેટ્રોલ સાથે ઈથેનોલના મિશ્રણની સફળતા બાદ હવે CNG નેટવર્કમાં પણ પરિવર્તન આવી રહ્યું છે. તાજેતરમાં સામે આવેલા અધિકૃત અહેવાલો દર્શાવે છે કે, CNG સાથે કોમ્પ્રેસ્ડ બાયોગેસનું મિશ્રણ કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આ નવી પહેલ હેઠળ, આગામી વર્ષોમાં તબક્કાવાર રીતે ગેસમાં મિશ્રણનું પ્રમાણ વધારવામાં આવશે, જેનો મુખ્ય હેતુ પર્યાવરણને પ્રદૂષણ મુક્ત બનાવવાનો અને ગ્રામીણ અર્થતંત્રને નવી દિશા આપવાનો છે.

સામાન્ય રીતે CNG એ અશ્મિભૂત ઈંધણ છે જે જમીનના પેટાળમાંથી પ્રાપ્ત થાય છે, પરંતુ કોમ્પ્રેસ્ડ બાયોગેસ સંપૂર્ણપણે પુનઃપ્રાપ્ય ઊર્જાનો સ્ત્રોત છે. આ ગેસ ગાયનું છાણ, ખેતીનો કચરો, પાકનો અવશેષ અને અન્ય મ્યુનિસિપલ જૈવિક કચરામાંથી વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા તૈયાર કરવામાં આવે છે. આ પ્રક્રિયાને કારણે ખેડૂતોને કચરામાંથી પણ વધારાની આવક પ્રાપ્ત થશે. બંને ગેસમાં મિથેનનું પ્રમાણ સમાન હોવાથી તે વાહનોના એન્જિન માટે અત્યંત અનુકૂળ અને સુરક્ષિત માનવામાં આવે છે.

આ સમગ્ર અભિયાનને સફળ બનાવવા માટે સરકારે વર્ષ ૨૦૧૮ થી 'ગોબરધન' યોજના અમલમાં મૂકી છે. આ




પ્રોજેક્ટ માટે રૂ. ૨૩,૭૩૧ કરોડની જંગી જોગવાઈ કરવામાં આવી છે, જે વર્ષ ૨૦૩૬ સુધી વિવિધ તબક્કે ખર્ચવામાં આવશે. ગેસ વિતરણ નેટવર્કમાં CBG ના મિશ્રણ માટે સરકારે વર્ષવાર લક્ષ્યાંકો નક્કી કર્યા છે, જેમાં ૨૦૨૬-૨૭ માં ૩%, ૨૦૨૭-૨૮ માં ૪% અને ૨૦૨૮-૨૯ સુધીમાં ૫% મિશ્રણ કરવાનું આયોજન છે. દર વર્ષે ૧% નો વધારો આ યોજનાની ગંભીરતા અને સફળતા તરફનો સંકેત આપે છે.સૌથી મહત્વનો પ્રશ્ન વાહન ચાલકોના મનમાં એ છે કે શું આ ગેસ ભરવા માટે વાહનમાં ફેરફાર કરવો પડશે? મીડિયા અહેવાલ મુજબ, આ મિશ્રણ માટે વાહનમાં કોઈ જ પ્રકારના ટેકનિકલ કે મિકેનિકલ ફેરફારની જરૂર નથી. તમારી ફેક્ટરી-ફિટેડ કે આફ્ટરમાર્કેટ CNG કારમાં આ ગેસ સામાન્ય CNG ની જેમ જ સીધો ભરી શકાશે. વધુમાં, ઈંધણના કેલરીફિક વેલ્યુમાં સમાનતા હોવાથી વાહનના માઈલેજ કે પીક-અપ પર કોઈ નકારાત્મક અસર પડવાની સંભાવના નથી.સમગ્ર ઓઈલ અને ઓટોમોબાઈલ ઉદ્યોગ આ ફેરફાર માટે સજ્જ છે. મારુતિ સુઝુકી જેવી અગ્રણી કંપનીઓ બાયોગેસ પ્લાન્ટ્સ સ્થાપવા માટે મોટા પાયે રોકાણ કરી રહી છે. આ ઉપરાંત અન્ય સરકારી કંપનીઓ પણ આ મિશનમાં જોડાઈ છે. દેશની આયાતી ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવા અને પ્રદૂષણના સ્તરને નિયંત્રિત કરવા માટે આ કદમ એક ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે. ભારત હવે ગ્રીન એનર્જીના નવા યુગમાં પ્રવેશવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે, જે આવનારા સમયમાં પર્યાવરણ અને અર્થતંત્ર બંને માટે હિતકારી સાબિત થશે.

## બેન્કિંગ, ઓટો, ઈ-કોમર્સ અને પ્રાઈવેટ માર્કેટમાં તેજી

નવી દિલ્હી: વૈશ્વિક કન્સલ્ટિંગ ફર્મ 'મેકિન્સી એન્ડ કંપની' (McKinsey & Company) દ્વારા જારી કરવામાં આવેલા તાજેતરના અહેવાલો અનુસાર, ભારતની આર્થિક વિકાસગાથા હવે પરંપરાગત ક્ષેત્રોથી આગળ વધીને વધુ વ્યાપક બની રહી છે. બેન્કિંગ, ઓટો કમ્પોનન્ટ્સ, ઈ-કોમર્સ અને પ્રાઈવેટ માર્કેટ્સ દેશના વિકાસમાં નવા અને મુખ્ય અવસરો તરીકે ઉભરી આવ્યા છે. મેકિન્સીના સંશોધન મુજબ મજબૂત ઘરેલું માંગ, ડિજિટાઈઝેશન, મેન્યુફેક્ચરિંગ, નિકાસ અને ખાનગી પૂંજી (પ્રાઈવેટ કેપિટલ) એ દેશના આગામી તબક્કાના વિકાસ માટેના મહત્વપૂર્ણ આધારસ્તંભો છે. ભારતીય બેન્કિંગ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે, જ્યાં નાણાકીય વર્ષ ૨૦૨૫માં બેંકોનો રિટર્ન ઓન એસેટ્સ (RoA) દાયકાની સર્વોચ્ચ સપાટીએ એટલે કે ૧.૪ ટકા પર પહોંચ્યો છે, જ્યારે ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (GNPAs) ઘટીને ૧૩ વર્ષની નીચી સપાટીએ ૨.૨ ટકા થઈ ગયા છે.

ઓટો-કમ્પોનન્ટ ઉદ્યોગમાં નાણાકીય વર્ષ ૨૦૨૫ થી ૨૦૩૦ દરમિયાન વાર્ષિક ૭ થી ૮ ટકાના દરે વૃદ્ધિ થવાની અપેક્ષા છે, જ્યારે નિકાસ ૨૦ ટકાથી વધુ વધી શકે છે. ઈલેક્ટ્રિફિકેશન અને સ્માર્ટ ટેક્નોલોજીના કારણે બેટરી અને ઈલેક્ટ્રિક પાવરટ્રેઈનની માંગ વધી રહી છે. બીજી તરફ, ભારતના છૂટક બજારમાં ઈ-કોમર્સનો હિસ્સો આગામી સમયમાં ૬ ટકાથી વધીને ૧૧ ટકા સુધી પહોંચી શકે છે.

## News Brief

### જૂન ક્વાર્ટરમાં FTA ભાગીદાર દેશોમાં ભારતની નિકાસ બમણી થઈ



અમદાવાદ : વર્તમાન નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં મુક્ત વેપાર કરાર (એફટીએ) ધરાવતા ભાગીદાર દેશોમાં ભારતની નિકાસમાં મજબૂત વૃદ્ધિ નોંધાઈ છે. વાણિજ્ય મંત્રાલયના ડેટા અનુસાર, સિંગાપોર અને શ્રીલંકામાં નિકાસ બમણાથી વધુ થઈ ગઈ છે. ભારતે અત્યાર સુધીમાં સિંગાપોર, મલેશિયા, દક્ષિણ કોરિયા, મોરેશિયસ, સંયુક્ત આરબ અમીરાત (યુએઈ), ઓસ્ટ્રેલિયા, યુરોપિયન યુનિયન, આસિયાન અને ઈએફટીએ જૂથ સહિત વિવિધ દેશો અને જૂથો સાથે ૧૭ ફ્રી ટ્રેડ એગ્રિમમેન્ટ પર હસ્તાક્ષર કર્યા છે. તેમાંથી ૧૬ કરાર અમલમાં આવ્યા છે.સત્તાવાર માહિતી અનુસાર, એપ્રિલ-જૂન ૨૦૨૬ માં ભારતની સિંગાપોરમાં નિકાસ ૧૦૧.૨ ટકા વધીને ૬.૫૨ અબજ ડોલર થઈ છે, જે એક વર્ષ પહેલાના સમાન સમયગાળામાં ૩.૨૪ અબજ ડોલર હતી. દરમિયાન, શ્રીલંકામાં નિકાસ ૧.૦૫ અબજ ડોલરથી ૧૨૩.૮ ટકા વધીને ૨.૩૫ અબજ ડોલર થઈ છે. એપ્રિલ-જૂન ૨૦૨૫-૨૬માં આસિયાન ક્ષેત્રમાં નિકાસ ૬૧.૬ ટકા વધીને ૧૪.૬૧ અબજ ડોલર થઈ. મલેશિયામાં એક્સપોર્ટ ૭૫.૨ ટકા વધીને ૨.૫૪ અબજ ડોલર અને ઓસ્ટ્રેલિયામાં ૨૫.૨ ટકા વધીને ૨.૬૮ અબજ ડોલર થયું છે.યુકેમાં નિકાસ ૧૧.૧ ટકા વધીને ૩.૬૯ અબજ ડોલર થઈ તો દક્ષિણ કોરિયામાં નિકાસ ૨૨.૬ ટકા વધીને ૧.૯૫ અબજ ડોલર અને જાપાનમાં ૨૨.૪ ટકા વધીને ૧.૭૫ અબજ ડોલર થઈ. માહિતી અનુસાર, ઓમાનમાં નિકાસ ૨૬.૪ ટકા વધીને ૧.૩૯ અબજ ડોલર અને નેપાળમાં ૧૮.૧ ટકા વધીને ૨.૨૮ અબજ ડોલર થઈ છે.ભૂટાન અને થાઈલેન્ડમાં નિકાસ અનુક્રમે ૧૬.૧ ટકા અને છ ટકા વધીને ૩૬ કરોડ ડોલર અને ૧.૨૩ અબજ ડોલર થઈ છે. ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં દેશની કુલ નિકાસ ૧૫.૯૨ ટકા વધીને ૧૨૯.૩૨ અબજ ડોલર થઈ છે.

### એન્થ્રોપિકના CEO ડારિયો એમોડેઈનો દાવો: AI રેગ્યુલેશનથી સત્તા કેન્દ્રિત નહીં થાય



નવી દિલ્હી: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રની અગ્રણી કંપની એન્થ્રોપિકના સીઈઓ ડારિયો એમોડેઈ (Dario Amodei) દ્વારા એવા દાવાઓને ફગાવી દેવામાં આવ્યા છે જેમાં એવું કહેવાતું હતું કે AIનું નિયમન કરવાથી સત્તા માત્ર કેટલીક મોટી કંપનીઓ અને સરકારોના હાથમાં કેન્દ્રિત થઈ જશે. તેમણે દલીલ કરી છે કે જો નિયમો યોગ્ય રીતે બનાવવામાં આવે, તો તે અદ્યતન AI કંપનીઓ પર અંકુશ મૂકી શકે છે અને નાની હરીફ કંપનીઓને આગળ વધવા માટે પૂરતી જગ્યા પૂરી પાડી શકે છે.રોકાણકાર ગાવિન બેકર દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓના જવાબમાં એમોડેઈએ જણાવ્યું હતું કે AI શક્તિને કેન્દ્રિત કરવા અને તેને વ્યાપકપણે વિતરિત કરવા વચ્ચેનો વિકલ્પ એ એક "ખોટો વિકલ્પ" છે. તેમણે જણાવ્યું કે ન્યાયી સંસ્થાકીય પ્રક્રિયાઓ કોર્પોરેટ તાકાતને મર્યાદિત કરી શકે છે અને વ્યક્તિઓની સુરક્ષા કરી શકે છે. એન્થ્રોપિક દ્વારા કેલિફોર્નિયાના SB53 અને SB1047 જેવા બિલનું સમર્થન કરવામાં આવ્યું છે, જેમાં ચોક્કસ રેવેન્યુ કે મોડેલ-ટ્રેનિંગ મર્યાદાથી નીચેની કંપનીઓને છૂટ આપવામાં આવી છે.એમોડેઈએ સ્વીકાર્યું કે સ્કેલિંગ માટે જરૂરી કમ્પ્યુટિંગ પાવર અને ચીપ્સના કારણે AI સ્વાભાવિક રીતે જ સત્તા કેન્દ્રિત કરવાની પ્રવૃત્તિ ધરાવે છે. ઓપન-વેઈટ મોડેલ્સ ક્ષમતાઓને વહેંચવામાં મદદ કરી શકે છે, પરંતુ તે પૂરતા નથી કારણ કે મોટા પાયે કમ્પ્યુટિંગ પાવર માત્ર ફ્રન્ટિયર AI કંપનીઓ પાસે જ ઉપલબ્ધ છે. તેમણે ગૂગલ ડીપમાઈન્ડના CEO ડેમિસ હાસાબિસના FINRA જેવી AI ઓવરસાઈડ બોડી બનાવવાના પ્રસ્તાવનું પણ સમર્થન કર્યું છે.પોતાના નિવેદનમાં એમોડેઈએ સ્પષ્ટ કર્યું કે તેમનો હેતુ AI ના જોખમોની સાથે તેની ક્ષમતાઓને ઉજાગર કરવાનો છે, જે તેમણે 'મશીન્સ ઓફ લવિંગ ગ્રેસ' નિબંધમાં દર્શાવ્યું હતું. ઉદ્યોગ સામે સૌથી મોટો પડકાર જાહેર વિશ્વાસ ( )નો છે, અને કંપનીઓએ માત્ર માર્કેટિંગને બદલે વાસ્તવિક ફાયદાઓ આપીને વિશ્વાસ જીતવો જોઈએ. આ અભિગમથી ભારત અને વિશ્વભરમાં ટેકનોલોજીનો સુરક્ષિત અને જવાબદાર વિકાસ સુનિશ્ચિત થઈ શકશે.

## ગેલેક્સી Z ફોલ્ડ8 સિરીઝ: ફોલ્ડેબલ ટેક્નોલોજીમાં મોટી છલાંગ



સેમસંગના એન્જિનિયરિંગે જે શક્ય છે તેમાં નવો દાખલો બેસાડતાં ઉત્તમ ફોલ્ડેબલ સાથે આકર્ષક ડિસ્પ્લે દ્વારા મોબાઈલ અનુભવને નવી ઊંચાઈએ જઈ જવા માટે ફોલ્ડેબલ તૈયાર કર્યા છે. સેમસંગ ઈલેક્ટ્રોનિક્સે તેની ગેલેક્સી Z શ્રેણીની આઠમી પેઢી ગયા મહિને 22 જુલાઈએ રજૂ કરી, જેમાં ગેલેક્સી Z ફોલ્ડ8 અલ્ટ્રા, ગેલેક્સી Z ફોલ્ડ8 અને ગેલેક્સી Z ફ્લિપ8 દર્શાવવામાં આવ્યા છે. આ ડિવાઈસીસ ફોલ્ડ કરી શકાય તેવી ટેક્નોલૉજી, વપરાશકર્તાની વર્ષોની ડ્રાઈવમાં અને ફોલ્ડ કરી શકાય તેવી ટેક્નિકમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે. બજારમાં શ્રેષ્ઠ ફોલ્ડેબલ તરીકે પોતાની સ્થિતિને આ સાથે મજબૂત બનાવી છે. સફળ લોન્ચ પછી Sunghoon Moon, Executive Vice President and Senior Executive of Mobile R&D Office - Hardware, Mobile eXperience (MX) Business at Samsung Electronics દ્વારા કંપનીના એન્જિનિયરિંગ માટેના વપરાશકર્તા-કેન્દ્રિત અભિગમ પર તેમની આંતરદ્રષ્ટિ શૅર કરી.

### નાના કરદાતાઓ માટે 30 ટકા ટેક્સ ભરીને કાનૂની મુક્તિ મેળવવાનો માર્ગ

## વિદેશમાં સંપત્તિ ધરાવતા લોકો માટે આવી ગઈ મોટી તક

નવી દિલ્હી: વિદેશમાં અઘોષિત સંપત્તિ કે બેંક ખાતા ધરાવતા કરદાતાઓ માટે કેન્દ્ર સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ અને વિશેષ યોજના જાહેર કરવામાં આવી છે. નાની વિદેશી સંપત્તિ અથવા વિદેશથી પ્રાપ્ત થયેલી અઘોષિત આવક ધરાવતા કરદાતાઓ માટે સરકારે 'FAST-DS' યોજના શરૂ કરી છે. આ યોજના હેઠળ કરદાતાઓને આગામી ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી તેમની વિદેશી સંપત્તિ કે આવકની માહિતી સ્વેચ્છાએ જાહેર કરવાની અંતિમ તક આપવામાં આવી રહી છે.મીડિયા અહેવાલ મુજબ, આ યોજના ખાસ કરીને નાના કરદાતાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. બજેટ ૨૦૨૬-૨૭ માં જાહેર કરાયેલી આ યોજનાના નિયમો કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડ દ્વારા જારી કરવામાં આવ્યા છે. આ યોજનાનો લાભ વિદ્યાર્થીઓ, યુવા પ્રોફેશનલ્સ, ટેકનોલોજી ક્ષેત્રે કામ કરતા કર્મચારીઓ તેમજ વિદેશમાં રહેતા ભારતીયો સરળતાથી મેળવી શકશે. સમયસર માહિતી આપવાથી કરદાતાઓ ભવિષ્યની મોટી કાનૂની મુશ્કેલીઓથી બચી શકશે.આ યોજના અંતર્ગત કરદાતાઓ પોતાની અઘોષિત વિદેશી આવક અને સંપત્તિની જાહેરાત બે અલગ-અલગ શ્રેણીઓમાં કરી શકશે, જેમાં ૩૧ માર્ચ ૨૦૨૬ ની સ્થિતિ મુજબની વાજબી બજાર કિંમતને આધાર બનાવવામાં આવશે. પ્રથમ શ્રેણી અંતર્ગત રૂ. ૧ કરોડ સુધીની મર્યાદા રાખવામાં આવી છે, જેમાં ભારત બહારની એવી સંપત્તિ આવે છે જેના પર અગાઉ ટેક્સ ચૂકવ્યો નથી. બીજી શ્રેણીમાં રૂ. ૫ કરોડ સુધીની મર્યાદા છે, જેમાં અગાઉ ટેક્સ ચૂકવાયો હોય પરંતુ આઈટીઆર માં માહિતી દર્શાવવાની રહી ગઈ હોય.આ યોજના હેઠળ માહિતી આપનાર કરદાતાઓએ જાહેર કરેલી અઘોષિત સંપત્તિની કિંમતના ૩૦% લેખે ટેક્સ અને તેટલી જ એટલે કે વધુ ૩૦% રકમ દંડ અથવા ચાર્જ પેટે ચૂકવવી પડશે. ઉદાહરણ તરીકે, જો કોઈ વ્યક્તિ પાસે રૂ. ૬૦ લાખની અઘોષિત વિદેશી સંપત્તિ અને રૂ. ૨૦ લાખની આવક હોય, તો નિયમ મુજબ કુલ ટેક્સ અને દંડ મળીને નિશ્ચિત રકમ ભરપાઈ કરવી પડશે. આ પ્રક્રિયા પૂરી થયા બાદ કરદાતાને કાનૂની કાર્યવાહીમાંથી કાયમી મુક્તિ મળી જશે.

### 2027 સુધીમાં પોતાનો રિપોર્ટ સરકારને સુપરત કરશે

## 8મા પગાર પંચનો ફાઈનલ રિપોર્ટ ક્યારે આવશે? નાણા મંત્રાલયના જવાબે લોકોને કન્ફ્યૂઝ કર્યા!

નવી દિલ્હી:કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે આઠમા પગાર પંચને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. વિવિધ સરકારી વિભાગો અને મંત્રાલયો દ્વારા કર્મચારીઓનો સત્તાવાર ડેટા સબમિટ કરવાની સમયમર્યાદા હવે પૂરી થઈ ગઈ છે. આ મહત્વપૂર્ણ તબક્કો પૂરો થયા બાદ પંચે આંકડાઓનો અભ્યાસ કરીને અંતિમ સમીક્ષા અને અહેવાલ તૈયાર કરવાનું કામ ઝડપી બનાવ્યું છે. તમામ કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો માટે કર્મચારીઓની સંખ્યા તેમજ અન્ય આવશ્યક માહિતી ડિજિટલ પોર્ટલ પર અપલોડ કરવાની મુદત પૂર્ણ થઈ ચૂકી છે. આ ડેટાના આધારે જ સરકારી ખજાના પર પડનારા નાણાકીય ભારણની ગણતરી કરવામાં આવશે. આઠમા પગાર પંચની રચના ત્રીજી નવેમ્બર, ૨૦૨૫ના રોજ કરવામાં આવી હતી અને તેને કામ પૂર્ણ કરવા માટે ૧૮ મહિનાનો સમય અપાયો છે, જેથી તેનો કાર્યકાળ મે ૨૦૨૭ સુધીનો રહેશે.લોકસભામાં રજૂ કરાયેલા એક જવાબમાં



સરકારે સ્પષ્ટ કર્યું છે કે પંચ તેની રચનાના ૧૮ મહિનાની અંદર ભલામણો રજૂ કરશે અને હજુ સુધી અહેવાલ સોંપવામાં આવ્યો નથી. જોકે, કમિશન જરૂર પડ્યે વચગાળાના અહેવાલો પણ રજૂ કરી શકે છે, પરંતુ અંતિમ અહેવાલ માટે મે ૨૦૨૭ની નિર્ધારિત સમયમર્યાદા જ માન્ય રહેશે. સરકારે હજુ સુધી ભલામણો લાગુ કરવા માટે કોઈ ચોક્કસ તારીખ નક્કી કરી નથી, જેના કારણે કર્મચારીઓમાં ઉત્સુકતા અને ચર્ચાનો માહોલ જોવા મળી રહ્યો છે.

## ભારતીય IT કંપનીઓ અમેરિકામાં H-1B વિઝાની નવી અરજીઓથી દૂર

અમદાવાદ: H-1B વિઝાના ઊંચા ખર્ચ અને પસંદગી પ્રક્રિયામાં ફેરફારને કારણે ભારતીય IT કંપનીઓ દ્વારા યુએસમાં નવી ભરતી પર અસર પડી છે. નાણાકીય વર્ષ 2027 માટે H-1B વિઝા નોંધણીઓમાં 38.5%નો ઘટાડો નોંધાયો છે, જે છેલ્લા સાત વર્ષમાં સૌથી ઓછો છે. કંપનીઓ હવે સ્થાનિક ભરતી અને વિઝા વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. H-1B વિઝાના વધતા ખર્ચ અને પસંદગી પ્રક્રિયામાં ફેરફારની અસર યુએસમાં ભારતીય આઈટી કંપનીઓ દ્વારા નવી ભરતી પર પડી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે લાયક H-1B વિઝા નોંધણીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. ઈમિગ્રેશન નિષ્ણાતોના મતે, કંપનીઓ હવે ભારતમાંથી નવા કર્મચારીઓને યુએસ મોકલવાને બદલે સ્થાનિક ભરતી, હાલના કર્મચારીઓ માટે વિઝા વિસ્તરણ અને કર્મચારીઓને વિવિધ પ્રોજેક્ટ્સમાં સ્થાનાંતરિત કરવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસના ડેટા અનુસાર, નાણાકીય વર્ષ ૨૭ માટે કુલ ૨૧૧,૬૦૦ લાયક H-1B નોંધણીઓ હતી. નાણાકીય વર્ષ ૨૬માં આ સંખ્યા ૩૪૩,૯૮૧ હતી. આનો અર્થ એ થયો કે એક જ વર્ષમાં નોંધણીઓમાં આશરે ૩૮.૫%નો ઘટાડો થયો છે. આ સંખ્યા ઓછામાં ઓછા છેલ્લા સાત વર્ષમાં સૌથી ઓછી છે. ૨૦૨૪માં, H-1B નોંધણીઓ ૭૫૮,૯૯૪ પર પહોંચી ગઈ હતી. જોકે, આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે ૨૧૧,૬૦૦ નોંધણીઓમાંથી કેટલી નવી અરજીઓ હતી અને કેટલી વિઝા એક્સ્ટેંશન અથવા સ્ટેટસ ફેરફારો હતા. ૧૦૦,૦૦૦ ડોલર ફીએ પણ મુશ્કેલીમાં વધારો કર્યો છે.યુએસમાં H-1B વિઝા સાથે સંકળાયેલ વધેલો ખર્ચ ભારતીય આઈટી કંપનીઓ માટે એક મોટી ચિંતા બની ગયો છે. ટ્રમ્પ વહીવટ દરમિયાન, કેટલાક H-1B વિઝા કેસ માટે ૧૦૦,૦૦૦ ડોલર ફી લાદવામાં આવી હતી. આનાથી કંપનીઓ માટે ભારતમાંથી નવા કર્મચારીઓને યુએસ મોકલવાનું નોંધપાત્ર રીતે મોંઘું બન્યું હતું. કંપનીઓ મુખ્યત્વે આ ભારે ફી ટાળવા માટે H-1B વિઝા એક્સ્ટેંશન અને સ્ટેટસ ફેરફારો માટે અરજી કરી રહી હતી. જો ફી દૂર કરવાના કોર્ટના નિર્ણયને સમર્થન આપવામાં આવે છે.

### ડીઝલ અને ATF ની નિકાસ ડ્યુટીમાં રાહત

## પેટ્રોલ પર વિન્ડફોલ ટેક્સ શૂન્ય થયો: શું તમારા શહેરમાં પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટશે?

નવી દિલ્હી: કેન્દ્ર સરકારે પેટ્રોલ, ડીઝલ અને ATFના નિકાસ પરના વિન્ડફોલ ટેક્સના દરો ઘટાડ્યા છે. 15 ઓગસ્ટથી અમલમાં આવેલા નવા દર મુજબ, પેટ્રોલ નિકાસ પરની ડ્યુટી શૂન્ય કરાઈ છે, જ્યારે ડીઝલ પર 1.5 અને ATF પર 2.5 પ્રતિ લિટર રાહત અપાઈ છે. આ નિર્ણયથી ઓઈલ નિકાસકાર કંપનીઓને ફાયદો થશે, પરંતુ છૂટક ભાવો પર કોઈ અસર નહીં થાય. કેન્દ્ર સરકારે પેટ્રોલ, ડીઝલ અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF-વિમાનમાં વપરાતું બળતણ)ના નિકાસ પર લાગતા વિન્ડફોલ ટેક્સ (વિન્ડફોલ પ્રોફિટ ટેક્સ)માં ઘટાડો કરવાની જાહેરાત કરી છે. નવા દર શનિવાર (15મી ઓગસ્ટ)થી જ લાગુ કરી દેવામાં આવ્યા છે. સરકારના આદેશ અનુસાર, પેટ્રોલના નિકાસ પર લાગતી ડ્યુટીને શૂન્ય કરી દેવામાં આવી છે.અહેવાલો અનુસાર, ડીઝલના નિકાસ પરની ડ્યુટી પ્રતિ લીટર 25.5 રૂપિયાથી ઘટાડીને 24 રૂપિયા કરવામાં આવી છે. એટલે કે ડીઝલ પર પ્રતિ લીટર 1.5 રૂપિયાની રાહત આપવામાં આવી છે. જ્યારે પેટ્રોલ નિકાસ પર પહેલાં પ્રતિ લીટર 3.5 રૂપિયા ચાર્જ લાગતો હતો, જેને હવે ઘટાડીને શૂન્ય (0) કરી દેવાયો છે. આ ઉપરાંત, એટીએફ (ATF)ના નિકાસ પર પણ ટેક્સ પ્રતિ લીટર 22 રૂપિયાથી ઘટાડીને 19.5 રૂપિયા કરવામાં આવ્યો છે.સરકાર દ્વારા વિન્ડફોલ ટેક્સમાં કરવામાં આવેલા આ ઘટાડાની અસર પેટ્રોલ-ડીઝલના છૂટક ભાવો (રિટેલ પ્રાઈસ) પર નહીં પડે. આ ટેક્સ મુખ્યત્વે ક્રૂડ ઓઈલ અને રિફાઈન્ડ ફ્યુઅલની નિકાસ કરતી ઓઈલ કંપનીઓ પર લાગુ પડે છે, તેથી આ નિર્ણાયક પગલાથી માત્ર ઓઈલ નિકાસકાર કંપનીઓને જ રાહત મળશે.ભારતે સૌપ્રથમ જુલાઈ 2022માં વિન્ડફોલ ટેક્સ દાખલ કર્યો હતો, જેથી આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ વધવાથી ઓઈલ કંપનીઓને થતા અણધાર્યા નફા (વિન્ડફોલ ગેઈન) પર અંકુશ મેળવી શકાય. બાદમાં તેને હટાવી લેવાયો હતો, પરંતુ માર્ચ 2026માં અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના તણાવ બાદ વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ વધતા તેને ફરીથી અમલમાં મૂકવો પડ્યો હતો.કેન્દ્ર સરકાર દર પંદર દિવસે (દર બે અઠવાડિયે) આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોની સરેરાશ કિંમતોના આધારે વિન્ડફોલ ટેક્સ સમીક્ષા કરીને તેમાં સુધારો-વધારો કરતી હોય છે.આ અગાઉ ત્રીજી ઓગસ્ટે યોજાયેલી સમીક્ષામાં સરકારે પેટ્રોલ પરનો ટેક્સ 2.5 રૂપિયાથી વધારીને 3.5 રૂપિયા, ડીઝલ પર 15.5 રૂપિયાથી વધારીને 25.5 રૂપિયા અને ATF પર 14.5 રૂપિયાથી વધારીને 22 રૂપિયા પ્રતિ લીટર કર્યો હતો.

### FCNR (બી) થાપણો થકી પર.30 અબજ ડોલર બેંકોએ ફંડ મેળવ્યું

## વિદેશી થાપણો માટે ફોરેક્સ સ્વોપ મુદતથી વહેલી બંધ કરવાનો RBIનો નિર્ણય

મુંબઈ: NRI થાપણોથી બેંકોને 52.30 અબજ ડોલર મળતા RBIએ ફોરેક્સ સ્વોપ સુવિધા વહેલી બંધ કરવાનો નિર્ણય લીધો છે. 8 જૂનથી 13 ઓગસ્ટ દરમિયાન FCNR(B) થાપણો દ્વારા આ ભંડોળ એકત્ર થયું. અગાઉ 30 સપ્ટેમ્બરની સમયમર્યાદા હતી, જે હવે 31 ઓગસ્ટ કરાઈ છે. આ નિર્ણય વિદેશી હૂંડિયામણ પ્રવાહને પ્રોત્સાહન આપવાના પગલાંનો ભાગ હતો.બિન-નિવાસી ભારતીયો (એનઆરઆઈઝ) પાસેથી એકત્ર કરાયેલી થાપણો દ્વારા મજબૂત વિદેશી ચલણ પ્રવાહને આકર્ષિત કર્યા પછી, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ બેંકો માટે તેની ડિસ્કાઉન્ટેડ ફોરેક્સ સ્વોપ સુવિધા નિર્ધારિત મુદત કરતાં એક મહિના વહેલા બંધ કરવાનો નિર્ણય લીધો છે.સુધારેલી સમયરેખા હેઠળ, બેંકો હવે ૩૧, ઓગસ્ટ સુધી એકત્ર કરાયેલી વિદેશી ચલણ થાપણો માટે શૂન્ય-ખર્ચ હેજિંગ સુવિધાનો ઉપયોગ કરી શકે છે. શુક્રવારે જારી કરાયેલ આરબીઆઈના




નિવેદન અનુસાર, અગાઉની સમયમર્યાદા ૩૦, સપ્ટેમ્બર હતી.ફોરેક્સ સ્વોપ સુવિધા જૂનમાં રિઝર્વ બેંક દ્વારા ભારતના ચૂકવણી સંતુલનને મજબૂત બનાવવા અને વિદેશી હૂંડિયામણના પ્રવાહને પ્રોત્સાહન આપવા માટે જાહેર કરાયેલા પગલાંની શ્રેણીનો એક ભાગ હતો. આરબીઆઈએ જણાવ્યું હતું કે, આ નિર્ણય એફસીએનઆર(બી) થાપણો માટે એક સ્વોપ સુવિધાને મળેલા પ્રોત્સાહક પ્રતિભાવ અને પરિણામે ફોરેક્સ પ્રવાહને આધારે લેવામાં આવ્યો હતો. ૮, જૂન અને ૧૩, ઓગસ્ટ દરમિયાન, બેંકોએ એફસીએનઆર(બી) થાપણો દ્વારા ૫૨.૩ અબજ ડોલર એકત્ર કર્યા હોવાનું રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જણાવ્યું હતું. આ પગલાંમાં સરકારી કંપનીઓ અને બેંકો દ્વારા વિદેશમાં ભંડોળ ઊભું કરવાને પ્રોત્સાહન આપવાના હેતુથી કન્સેશનલ હેજિંગ સુવિધાઓનો પણ સમાવેશ થાય છે. એફસીએનઆર (બી) થાપણો ઉપરાંત, એક્સટર્નલ કમર્શિયલ બોરોઈંગ માટે સ્વોપ સુવિધાઓ દ્વારા ૧.૭ અબજ ડોલર એકત્ર કરવામાં આવ્યા હતા. જ્યારે ૨.૮ અબજ ડોલર અધિકૃત ધિરાણકર્તાઓ દ્વારા લેવામાં આવેલા ફોરેન કરન્સી બોરોઈંગ દ્વારા આવ્યા હતા. આરબીઆઈએ જણાવ્યું હતું કે, આ બે શ્રેણીના બોરોઈંગ માટેનો સમય વર્ષના અંત સુધી ખુલ્લો રહેવાનો હતો અને તે સમયમર્યાદા યથાવત રહેશે.

# મંડળના અન્ય 8 અમૃત ભારત સ્ટેશનોનો વિકાસ પ્રગતિ પર, ઈન્ફ્રાના મહત્વપૂર્ણ કાર્યો એડવાન્સ સ્ટેજ પર: મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકે







પશ્ચિમ રેલવે | વડોદરા

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ પર 80મો સ્વતંત્રતા દિવસ ગૌરવપૂર્ણ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં ઉજવવામાં આવ્યો. વડોદરા સ્થિત મંડળ રેલ કાર્યાલય પરિસરમાં આયોજિત ગૌરવપૂર્ણ સમારોહમાં મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યો અને RPF, સ્કાઉટ એન્ડ ગાઈડ તથા સિવિલ ડિફેન્સની સંયુક્ત પરેડનું નિરીક્ષણ કરી સલામી લીધી. શ્રી ભડકેએ રેલ કર્મચારીઓને સંબોધિત કરીને તેમને તથા તેમના પરિવારજનોને સ્વતંત્રતા દિવસની શુભેચ્છાઓ પાઠવી અને પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડેના સ્વતંત્રતા દિવસના સંદેશનું વાંચન કર્યું.વડોદરા મંડળમાં 'હર ઘર તિરંગા' વિષય પર આયોજિત રંગોળી, ચિત્રકલા અને પ્રશ્નોત્તરી સ્પર્ધાના 09 વિજેતાઓને મંડળ રેલ પ્રબંધક શ્રી ભડકે દ્વારા પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા. આ પ્રસંગે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, વડોદરાનાં અધ્યક્ષા ડૉ. કવિતા ભડકેએ ધોરણ 10 અને 12માં અભ્યાસ કરતા 30 બાળકોને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ પુરસ્કાર આપી સન્માનિત કર્યા.ભારતીય રેલવેના ગૌરવશાળી વારસાના એક મહત્વપૂર્ણ પ્રતીક એવા નેરો ગેજ સ્ટીમ લોકોમોટિવ નંબર 603Tના પુનઃસ્થાપન (Renovation) બાદ તેનું અનાવરણ મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે તથા પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, વડોદરાનાં અધ્યક્ષા ડૉ. કવિતા ભડકે દ્વારા કરવામાં આવ્યું. સમારોહમાં RPF દ્વારા ડોગ શોનું પ્રદર્શન કરવામાં આવ્યું અને તિરંગા રંગના ફુગ્ગાઓ આકાશમાં છોડવામાં આવ્યા. રેલ કર્મચારીઓ દ્વારા દેશભક્તિ આધારિત લઘુ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા, જે સૌના આકર્ષણનું કેન્દ્ર રહ્યા.સ્વતંત્રતા દિવસના આ સમારોહમાં અપર મંડળ રેલ પ્રબંધક શ્રી નીરજ ધમીજા, પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, વડોદરાનાં ઉપાધ્યક્ષા, વરિષ્ઠ સુરક્ષા આયુક્ત શ્રી ફ્રાન્સિસ લોબો તેમજ સંગઠનના અન્ય હોદ્દેદારો અને તેમની ટીમ, વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ, ટ્રેડ યુનિયન તથા વિવિધ સંગઠનોના હોદ્દેદારો, પેન્શનર્સ તેમજ રેલ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મંડળના વડોદરા, ભરૂચ, ગોધરા, આણંદ, નડિયાદ, એકતાનગર, અંકલેશ્વર સહિત તમામ સ્ટેશનો, કાર્યશાળાઓ અને શેડોમાં પણ દેશભક્તિપૂર્ણ વાતાવરણમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમના અંતે વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી શ્રી અવિનાશ કુમારે આ સમારોહને સફળ બનાવવા બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો.

# અમદાવાદ મંડળની રેલવે સંસ્થાઓમાં સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે નિબંધ અને ચિત્રકલા સ્પર્ધાઓનું આયોજન









પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા 80મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી નિમિત્તે સિનિયર રેલવે ઈન્સ્ટિટ્યૂટ, કાંકરિયા, રેલવે ઈન્સ્ટિટ્યૂટ ઓલ્ડ કોલોની, સાબરમતી તેમજ ન્યૂ કોલોની ઈન્સ્ટિટ્યૂટ, સાબરમતી ખાતે બાળકો માટે નિબંધ અને ચિત્રકલા સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું.તા. 09 ઓગસ્ટ 2026ના રોજ સિનિયર રેલવે ઈન્સ્ટિટ્યૂટ, કાંકરિયા ખાતે આયોજિત નિબંધ અને ચિત્રકલા સ્પર્ધાઓમાં કુલ 39 બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્વાતંત્ર્ય દિવસ સમારોહના અવસરે તા. 15 ઓગસ્ટ 2026ના રોજ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર 17 વિજેતા બાળકોને મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ દ્વારા મેડલ, પ્રમાણપત્ર તથા રોકડ પુરસ્કાર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત, સ્પર્ધામાં ભાગ લેનાર તમામ 39 બાળકોને પ્રોત્સાહનરૂપે ભેટ આપવામાં આવી હતી. રેલવે ઈન્સ્ટિટ્યૂટ ઓલ્ડ કોલોની, સાબરમતી ખાતે આયોજિત નિબંધ અને ચિત્રકલા સ્પર્ધાઓમાં આશરે 89 બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર પ્રતિભાગીઓને મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ દ્વારા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. ઉપરાંત, તમામ પ્રતિભાગી બાળકોને પ્રોત્સાહનરૂપે પુરસ્કાર અને ભેટ આપવામાં આવી હતી. ન્યૂ કોલોની ઈન્સ્ટિટ્યૂટ, સાબરમતી ખાતે આયોજિત નિબંધ અને ચિત્રકલા સ્પર્ધામાં કુલ 56 બાળકોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિજેતા વિદ્યાર્થીઓને મેડલ તથા પ્રશસ્તિ-પત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે વિજેતા બાળકોને સન્માનિત કરતી વખતે પોતાના પ્રેરણાદાયી સંબોધન દ્વારા તેમનો ઉત્સાહ વધાર્યો તેમજ તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી.આ કાર્યક્રમોમાં બાળકોએ તેમજ તેમના વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાઓના માધ્યમથી બાળકોને સ્વાતંત્ર્ય દિવસના રાષ્ટ્રીય મહત્વ સાથે જોડવાની સાથે સાથે તેમની રચનાત્મક પ્રતિભાને અભિવ્યક્તિ માટેનું મંચ પણ પ્રદાન કરવામાં આવ્યું હતું.આ સ્પર્ધાઓનો ઉદ્દેશ્ય બાળકોમાં દેશભક્તિ, સર્જનાત્મકતા, લેખન તથા ચિત્રકલા પ્રતિભાને પ્રોત્સાહિત કરવાનો તેમજ સ્વાતંત્ર્ય દિવસના મહત્વ અને સામાજિક જાગૃતિ પ્રત્યે તેમનામાં રુચિ વિકસિત કરવાનો હતો.

# અમદાવાદ મંડળમાં હર્ષોલ્લાસપૂર્વક ઉજવાયો 80 મો સ્વાતંત્ર્ય દિવસ સમારોહ

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર 80મો સ્વાતંત્ર્ય દિવસ સમારોહ પૂરા હર્ષોલ્લાસ અને ગૌરવ સાથે ઉજવવામાં આવ્યો. મંડળ રેલ પ્રબંધક કાર્યાલય, અમદાવાદ પરિસરમાં આયોજિત મુખ્ય સમારોહમાં મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો અને આરપીએફ તથા સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સની સંયુક્ત પરેડનું નિરીક્ષણ કરીને સલામી લીધી. આ પ્રસંગે શ્રી વેદ પ્રકાશે સ્વાતંત્ર્ય દિવસનો સંદેશ વાંચી સંભળાવ્યો અને સૌને શુભેચ્છાઓ પાઠવી. આ દરમિયાન મંડળ રેલ પ્રબંધકે અમદાવાદ મંડળની વિવિધ સિદ્ધિઓ અંગે માહિતી આપતાં જણાવ્યું કે ગુજરાતમાં રેલવેના વિકાસને અભૂતપૂર્વ ગતિ મળી છે. વર્ષ 2009-14 દરમિયાન રાજ્ય માટેનું સરેરાશ વાર્ષિક રેલવે બજેટ આશરે 589 કરોડ હતું, જે વર્ષ 2026-27માં વધીને 17,366 કરોડ થયું છે, જે લગભગ 29 ગણું વધારે છે. હાલમાં ગુજરાતમાં 1,28,748 કરોડના રેલવે કામો પ્રગતિ હેઠળ છે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ આશરે 7,000 કરોડના રોકાણથી 87 સ્ટેશનોનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે. વર્ષ 2014થી અત્યાર સુધીમાં 2,900 કિમીથી વધુ નવી રેલવે લાઈનો બિછાવવામાં આવી છે તથા 4,005 કિમીથી વધુ રેલવે માર્ગોનું વિદ્યુતીકરણ કરવામાં આવ્યું છે. રાજ્યએ 100 ટકા રેલ વિદ્યુતીકરણનું લક્ષ્ય પણ હાંસલ કરી લીધું છે. આ ઉપરાંત 1,177 ROB/RUBનું નિર્માણ કરવામાં આવ્યું છે.ગુજરાતમાં હાલમાં 6 જોડી વંદે ભારત, 1 જોડી અમૃત ભારત તથા 1 જોડી નમો ભારત એક્સપ્રેસ સેવાઓનું સંચાલન થઈ રહ્યું છે. સુરક્ષિત રેલ મુસાફરી માટે કવચ પ્રણાલી હેઠળ 1,842 રૂટ કિમીને મંજૂરી આપવામાં આવી છે.ગત વર્ષે અમદાવાદ મંડળે સંચાલન, મુસાફર સુવિધાઓ, સુરક્ષા, માળખાગત વિકાસ, માલ પરિવહન અને નવીનતાના ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. 20,667 કરોડની અમદાવાદ-સરખેજ-ધોલેરા સેમી હાઈ-સ્પીડ ડબલ લાઈન પરિયોજનાને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી મળી છે. મંડળે 51.35 મિલિયન ટનનું સર્વાધિક માલ લદાન નોંધાવ્યું અને ભારતીય રેલવેમાં પ્રથમ વખત 8મા સૌથી વધુ માલ લદાન કરનાર મંડળનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.કન્ટેનર, મીઠું, ઓટોમોબાઈલ, ખાતર તથા બેન્ટોનાઈટના લદાનમાં પણ અમદાવાદ મંડળે ભારતીય રેલવેમાં અગ્રણી પ્રદર્શન કર્યું છે.સુરક્ષા અને માળખાગત સુવિધાઓના ક્ષેત્રમાં 10 PSR દૂર કરવામાં આવ્યા, 139 સમપાર ફાટકો નાબૂદ કરવામાં આવ્યા, 136 કિમી સેક્સનલ ગતિમાં વધારો કરવામાં આવ્યો, 30 ROB/RUB તથા 53 પુલોના કામ પૂર્ણ કરવામાં આવ્યા અને 376 કિમી વિસ્તારમાં સુરક્ષા ફેન્સિંગ કરવામાં આવ્યું. હિંમતનગર-ખેડબ્રહ્મા ગેજ પરિવર્તન બાદ સફળ સ્પીડ ટ્રાયલ હાથ ધરવામાં આવ્યો તેમજ ગાંધીધામ-આદિપુર અને સામાખ્યાળી-ભચાઉ ચૌહરીકરણ કામો પૂર્ણ કરવામાં આવ્યા. 169 TKM ઓટોમેટિક સિગ્નલિંગ તથા વિવિધ Y-કનેક્ટિવિટી કામોને પણ કમિશન કરવામાં આવ્યા.મુસાફર સુવિધાઓના ક્ષેત્રમાં 1,814 કરોડનું નિવેશ કરવામાં આવ્યું. નવી લિફ્ટ અને એસ્કેલેટર, અમદાવાદ સ્ટેશન પર આધુનિક એરકન્ડિશન્ડ પ્રતીક્ષાલય તેમજ નવી મુસાફર ટ્રેન સેવાઓ શરૂ થવાથી સુવિધાઓમાં વધારો થયો છે. અસારવા -ઉદયપુર વંદે ભારત, ભુજ-દિલ્હી તથા સાબરમતી-લાલગઢ દૈનિક એક્સપ્રેસ સેવાઓ શરૂ કરવામાં આવી છે.મુસાફર આવકમાં મંડળના ઈતિહાસનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન નોંધાયું છે, જ્યારે ટિકિટ ચેકિંગથી 31.8 કરોડની આવક અને બિન-ભાડા આવક 14.58 કરોડના રેકોર્ડ સ્તરે પહોંચી છે.મંડળે નવીનતા અને આત્મનિર્ભરતામાં પણ અગ્રણી ભૂમિકા નિભાવી. સાબરમતી ખાતે ભારતીય રેલવેની પ્રથમ LNG-ડીઝલ ડ્યુઅલ ફ્યુઅલ DEMU પહેલ, ગાંધીધામ ખાતે પ્રથમ વખત સ્ટેનલેસ સ્ટીલ સોલ્ટ કન્ટેનરનો ઉપયોગ, RUBમાં પાણી ભરાવાની સેન્સર આધારિત દેખરેખ, કાંકરિયા ડેપોમાં સેન્સર આધારિત ટ્રેન ટોયલેટ ક્લીનિંગ મોનિટરિંગ તેમજ ડ્રોન પેટ્રોલિંગ જેવી નવીનતા નોંધપાત્ર છે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પરિયોજનામાં મણિનગર નજીક 1,360 ટન વજનના પોર્ટલ બીમનું 2,200 MT ક્ષમતાવાળી ક્રેન દ્વારા સફળતાપૂર્વક લોન્ચિંગ પણ એક મહત્વપૂર્ણ સિદ્ધિ રહી છે.નાણાકીય વ્યવસ્થાપનના ક્ષેત્રમાં વર્ષ 2025-26 દરમિયાન મંડળે ફાળવવામાં આવેલા બજેટના 98.45 ટકા ઉપયોગ સાથે 4,386 કરોડથી વધુનો ચોખ્ખી મૂડીનો ખર્ચ કર્યો. ચાલુ નાણાકીય વર્ષમાં જુલાઈ 2026 સુધીમાં 1,759 કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે. કર્મચારીઓના ક્ષેત્રમાં 5,413 બઢતી, 5,957 તાલીમ પ્રશિક્ષણ તથા 1,093 નવી નિમણૂકો કરવામાં આવી છે.





# સંસ્કારી નગરી વડોદરા ખાતે ૮૦માં સ્વતંત્રતા પર્વની જિલ્લાકક્ષાની ગૌરવભેર ઉજવણી

વડોદરા | નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ ૮૦માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે વડોદરા જિલ્લાના માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતેમાં રાષ્ટ્રધ્વજ લહેરાવીને સલામી આપી હતી. રાષ્ટ્રધ્વજ લહેરાવ્યા બાદ નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ ઉપસ્થિત તમામને સ્વતંત્રતા દિવસની શુભકામનાઓ પાઠવીને તેમનું અભિવાદન જીલ્યું હતું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ ૮૦મા સ્વતંત્રતા પર્વની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, આપણા દેશની આઝાદીને ૧૦૦ વર્ષ પૂર્ણ થવામાં હવે માત્ર ૨૦ વર્ષ બાકી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પાંચ વર્ષ પહેલા 'વિકસિત ભારત@૨૦૪૭'નું લક્ષ્ય આપ્યું હતું. આ ભવ્ય લક્ષ્યને પાર પાડવા આપણી પાસે હવે માત્ર બે દાયકા છે. ત્યારે આ ૮૦મો સ્વાતંત્ર્ય દિન માત્ર ઉજવણી નથી. આ પર્વ આગામી ૨૦ વર્ષના આયોજન માટેની એક મહાન પ્રેરણા છે. દેશના સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસને યાદી કરતા તેમણે ઉમેર્યું કે, ગુજરાતના બે મહાન સપૂતોનું નામ સુવર્ણ અક્ષરે લખાયેલુ છે. આ બે વિરલ સપૂતો એટલે મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ. આ બંને આઝાદીની લડાઈના વિઝનરી આગેવાન હતા. તેમણે આઝાદીની લડાઈને એક નવી અને ચોક્કસ દિશા આપી હતી. આઝાદીના સંગ્રામમા ગાયકવાડી શાસન અને વડોદરા નગરીના પ્રદાનને યાદ કરતા ઉમેર્યું કે, ગાયકવાડી શાસન સુશાસન અને રાષ્ટ્રનિર્માણની પાઠશાળા હતું. બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિભા મહારાજાએ ઓળખી તેમને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય આપી જેનો લાભ આઝાદ ભારતને મળ્યો હતો. ભારતના સંવિધાનના નિર્માણ અને સમાનતાના હક્કોના મૂળિયાં વડોદરાની આ 'સંકલ્પ ભૂમિ'માં રહેલા છે. સમૃદ્ધ ગુજરાત માટે, વિકસિત ગુજરાત માટે રાજ્ય સરકાર હરહંમેશ કાર્યરત છે ત્યારે આપણી સરકાર આદિવાસીઓથી લઈને શહેરીજનો, અબાલ-વૃદ્ધ સૌ કોઈના કલ્યાણ માટે કટિબદ્ધ છે.વડોદરા જિલ્લાના દરેક ગામડા સુધી વિકાસના લાભ પહોંચ્યા છે. ૧૫મા નાણાપંચ અંતર્ગત વડોદરા જિલ્લાને રૂ. ૪૭૯ કરોડની ગ્રાંટ મળી છે.કુદરતી આફતો સમયે લોકો સુરક્ષિત રહે તેની પણ સરકારે ચિંતા કરી છે. સંવેદનશીલ વિસ્તારના લોકો માટે ૦૫ શેલ્ટર હોમ મંજૂર કરાયા છે.આકાશી આફતો સમયે સરકારે ખેડૂતોની વિશેષ ચિંતા કરી છે. છેલ્લા ૧૦ વર્ષમાં ૧.૩૬ કરોડ ખેડૂતોને સરકારે રાહત ચૂકવી છે. 'પીએમ કિસાન યોજના'માં રાજ્યના ૬૯.૨૫ લાખથી વધુ ખેડૂત કુટુંબોને લાભ મળ્યો છે. વડોદરા જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા ૧,૮૧૦ ખેડૂતોને આર્થિક મદદ મળતા ૩૦૮ મોડેલ ફાર્મ અને બનાવ્યા છે.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈની દીર્ઘદ્રષ્ટિથી પાણીની સમસ્યા ભૂતકાળ બની ગઈ છે. ગુજરાતમાં જળ-સંચય અભિયાનથી મોટી ક્રાંતિ આવી છે. વડોદરામાં પૂર નિયંત્રણ અને જળ સંચય માટે વ્યાપક કામગીરી હાથ ધરાઈ છે. વિશ્વામિત્રી નદીમાં ૨૯.૨૭ લાખ ઘનમીટર ડિસિલ્ટિંગ પૂર્ણ કરાયું છે. પૂર રાહત માટે વિશ્વામિત્રી પર ૧૩ અને સૂર્યા નદી પર ૫ ચેકડેમ બન્યા છે. દેણા ખાતે વિશ્વામિત્રી-સૂર્યાના સંગમ પર ૨૫ કરોડ લીટર ક્ષમતાનું બફર લેક તૈયાર કરાયું છે. જળ શક્તિ અભિયાન હેઠળ ૨૫૦૦થી વધુ જળ સંચયના કામો થયા છે. ખેડૂતોની સમૃદ્ધિ માટે સિંચાઈ યોજનાઓ વેગવાન બનાવાઈ છે. જેમાં રૂ. સાડા છસ્સો કરોડની તાપી-કરજણ લિંક પાઈપલાઈન યોજના શરૂ કરાઈ છે.

# વિશ્વમેળો પત્રિકાના સ્વતંત્રતા પર્વ વિશેષાંકનું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે વિમોચન







**વિશ્વભરમાં વસતા ગુજરાતીઓને માતૃભૂમિની સંસ્કૃતિ, પરંપરા અને મૂલ્યો સાથે જોડી રાખવામાં વિશ્વ ગુજરાતી સમાજનું પ્રદાન પ્રશંસનીય: રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી**

ગાંધીનગર | ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે આઝાદીના પાવન પર્વ નિમિત્તે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના વરદહસ્તે વિશ્વ ગુજરાતી સમાજની પ્રતિષ્ઠિત પત્રિકા વિશ્વમેળોના વિશેષાંકનું વિમોચન તથા 'હરિત ઘર, સ્વસ્થ સમાજ' અભિયાનના પોસ્ટરનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ તકે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ઉપસ્થિત સૌને સ્વતંત્રતા દિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવીને પોતાની મહેનત અને કર્તવ્યનિષ્ઠાથી સમગ્ર વિશ્વમાં ભારત અને ગુજરાતનું નામ રોશન કરનાર ગુજરાતી સમુદાયના યોગદાનને બિરદાવ્યું હતું.રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભારતની વૈદિક સંસ્કૃતિ અને પરંપરાઓ સમગ્ર વિશ્વમાં સર્વશ્રેષ્ઠ છે. જર્મન વિદ્વાન મેક્સ મુલરે પણ સ્વીકાર્યું છે કે વિશ્વના પ્રથમ ગ્રંથો વેદ છે. આ પવિત્ર ધરતીએ 'વસુધૈવ કુટુંબકમ્' અને 'સર્વે ભવન્તુ સુખિનઃ' નો ઉદાત્ત વિચાર વિશ્વને આપ્યો છે. મહર્ષિ દયાનંદ સરસ્વતી, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા મહાપુરુષોની આ પુણ્યભૂમિએ હંમેશા દેશ અને દુનિયાને નવી દિશા ચિંધી છે.રાજ્યપાલશ્રીએ ઉમેર્યું કે, ભૌતિકવાદના વર્તમાન યુગમાં પણ ગુજરાતના લોકોએ પોતાની પારિવારિક વ્યવસ્થા અને સામાજિક મૂલ્યોને જીવંત રાખ્યા છે. તેમણે આહવાન કર્યું કે આજની ભોગવાદી સંસ્કૃતિ વચ્ચે આપણી નવી પેઢીને વ્યસનમુક્ત રાખવા, તેમને દેશના મહાપુરુષોના જીવનમાંથી પ્રેરણા આપવા અને પોતાની ભાષા તથા સંસ્કૃતિ સાથે જોડી રાખવા માટે વાલીઓએ બાળકો સાથે ગુણવત્તાસભર સમય વિતાવવો અનિવાર્ય છે.આજના સમયમાં નાની વયે થતા કેન્સર, હાર્ટ એટેક અને ડાયાબિટીસ જેવા ગંભીર રોગો પ્રત્યે ચિંતા વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું કે, જંક ફૂડ, કેમિકલયુક્ત પ્રોસેસ્ડ ફૂડ અને ખેતીમાં યુરિયા-ડીએપી જેવા રાસાયણિક ખાતરોના અતિરેકે અન્નમાં ઝેર ભેળવી દીધું છે. આ પરિસ્થિતિમાંથી ઉગરવા માટે પ્રાકૃતિક ખેતી જ શ્રેષ્ઠ વિકલ્પ છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ૯ લાખથી વધુ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અપનાવી છે. તેમણે દરેક નાગરિકને ઘરની છત, બાલ્કની કે ઘરઆંગણે કુંડામાં પ્રાકૃતિક પદ્ધતિથી શાકભાજી ઉગાડવા અને વૃક્ષારોપણ-જળસંચયના કાર્યોમાં સક્રિય બનવા અનુરોધ કર્યો હતો.ોંધનીય છે કે વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિનની પૂર્વ સંધ્યાથી 'હરિત ઘર, સ્વસ્થ સમાજ' અભિયાન શરૂ કરવામાં આવશે. જે અન્વયે શાકભાજીઓના 76,000 રોપઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે તથા કિચન ગાર્ડનમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી શાકભાજી ઉગાડવાની તાલીમ આપવામાં આવશે. આ પ્રસંગે વિશ્વ ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી ભાવેશભાઈ લખાણી, વિશ્વમેળોના સંપાદક શ્રી સુધીરભાઈ રાવળ તેમજ સંસ્થાના હોદ્દેદારો અને ક્ષેત્રના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ જિલ્લામાં આન, બાન, શાન સાથે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની દબદબાભેર ઉજવણી




અમદાવાદ | દેશના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની અમદાવાદ જિલ્લા કક્ષાની ઉજવણી જિલ્લાના પ્રભારી અને રાજ્યના ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને માંડલ ખાતે કરવામાં આવી હતી. માંડલ જિનિંગ મિલ કમ્પાઉન્ડ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ઊર્જામંત્રીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલે જિલ્લા કલેક્ટર ભવ્ય વર્મા અને જિલ્લા પોલીસ વડા ઓમપ્રકાશ જાટ સાથે પરેડનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે વીરમગામના ધારાસભ્ય હાર્દિકભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરે ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા કક્ષા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત ઊર્જામંત્રીએ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માને રાજ્ય સરકાર તરફથી ૨૫ લાખની ગ્રાન્ટનો ચેક અર્પણ કર્યો હતો. આ પ્રસંગે અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા તૈયાર કરાયેલા નશામુક્તિ અંગેના માર્ગદર્શક પુસ્તકનું પણ મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આઝાદીના ૮૦મા પાવન પર્વે જિલ્લા પ્રભારી અને ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલે દેશની સ્વતંત્રતા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનારા અમર શહીદોને આદરપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. અમદાવાદની ઐતિહાસિક ભૂમિને સ્મરીને તેમણે જણાવ્યું કે સાબરમતી આશ્રમ, પૂજ્ય બાપુની ઐતિહાસિક દાંડી કૂચ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની આ કર્મભૂમિ છે. ભારતનું પ્રથમ 'વર્લ્ડ હેરિટેજ સિટી' અમદાવાદ આજે વેપાર, ઉદ્યોગ, શિક્ષણ, રમતગમત અને ટેક્નોલોજીનું વૈશ્વિક કેન્દ્ર બની ચૂક્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સ્થિર માર્ગદર્શન હેઠળ ગુજરાતે સંવેધાનિક મૂલ્યોને આત્મસાત કરીને સર્વસમાવેશક અને ટકાઉ વિકાસ સાધ્યો છે. વિશ્વની પાંચ સૌથી મોટી અર્થવ્યવસ્થામાં ભારતે મેળવેલા સ્થાનમાં ગુજરાત અને અમદાવાદનો ફાળો મહામૂલો છે તેમ તેમણે ઉમેર્યું હતું. શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી ક્ષેત્રે અમદાવાદ-ગાંધીનગર મેટ્રો ફેઝ-૨, બુલેટ ટ્રેન, અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વે અને ઓવરબ્રિજ-અંડરપાસ પ્રોજેક્ટ્સથી મુસાફરી સુગમ બની છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અને સ્લમ રિડેવલપમેન્ટ યોજના હેઠળ હજારો જરૂરિયાતમંદ પરિવારોનું પોતાના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

# ડાંગ બન્યું કુદરતનું સ્વર્ગ: ગિરમાળ ધોધ અને યુ-ટર્ન પોઈન્ટ પર પ્રવાસીઓની ભારે ભીડ...

ડાંગ | ચોમાસાની ચાલુ સિઝનમાં ડાંગ જિલ્લો સોળે કળાએ ખીલી ઊઠ્યો છે. ચારેય તરફ પથરાયેલી પ્રાકૃતિક હરિયાળી, ખળખળ વહેતા ઝરણાં અને ભવ્ય ધોધને કારણે સમગ્ર ડાંગ જિલ્લો પ્રવાસીઓ માટે આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બન્યો છે. ખાસ કરીને સિંગાણા નજીક આવેલો વિશ્વવિખ્યાત ગિરમાળ ધોધ અને યુ-ટર્ન (U-Shape) વિસ્તાર વરસાદ બાદ અત્યંત રમણીય અને મનોહર બની ગયા છે, જેને નિહાળવા માટે દૂર-દૂરથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. કુદરતી સૌંદર્યનો આનંદ માણવા આવી રહેલા પ્રવાસીઓની સલામતી અને સુવિધા અંગે ડાંગ જિલ્લા કલેક્ટર એન.ડી.પરમાર તથા વહીવટી તંત્ર દ્વારા વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. કલેક્ટરશ્રીએ સ્થળ પર જઈ પરિસ્થિતિ અને વ્યવસ્થાઓનું



નિરીક્ષણ કર્યું હતું. આ વેળા જિલ્લા વિકાસ અધિકારી શ્રી કુલદીપસિંહ ઝાલા પણ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ડાંગ કલેક્ટર એન.ડી. પરમારે તમામ પ્રવાસીઓને ખાસ અપીલ કરતાં જણાવ્યું હતું કે ધોધ, નદીઓ કે જોખમી કિનારે સેલ્ફી લેવાના ચક્કરમાં કે બિનજરૂરી સાહસ કરીને પોતાનો જીવ જોખમમાં ન મૂકવો. સાથે પ્રાકૃતિક અને પ્રવાસન સ્થળોએ પ્લાસ્ટિક, કચરો કે ગંદકી ન ફેલાવવી. ડાંગની પ્રકૃતિની પવિત્રતા અને સુંદરતા જાળવી રાખવા માટે સ્વચ્છતા રાખવી એ આપણા સૌની જવાબદારી છે.ઉલ્લેખનીય છે કે, કલેક્ટર સહિતના ઉચ્ચાધિકારીઓની આ મુલાકાત



દરમિયાન સ્થાનિક સરપંચશ્રી સહિત તેમની ટીમ, ગ્રામજનો અને પ્રવાસીઓએ આ પર્યટન સ્થળે સ્વચ્છતા સેવા પણ હાથ ધરી હતી. ચોમાસા દરમિયાન પ્રવાસીઓની સુરક્ષા જાળવવા માટે વહીવટી તંત્ર અને સ્થાનિક પોલીસ દ્વારા પણ જરૂરી સૂચનાઓ અને સુરક્ષાના પગલાં લેવામાં આવ્યા છે, જેમાં પણ સૌને સહયોગ આપવા અનુરોધ કરાયો છે.

## કચ્છના બન્નીમાં કાળિયારની વાપસી — વન્યજીવ સંરક્ષણની દિશામાં મહત્વપૂર્ણ પગલું



મહેશ એલ. સોની નખત્રાણા

ભારતના 80મા સ્વતંત્રતા દિવસના અવસર પર ગુજરાત વન વિભાગ દ્વારા કચ્છના બન્ની ઘાસમેદાનોમાં 20 કાળિયાર – 5 નર અને 15 માદા –ને ફરી તેમના કુદરતી રહેઠાણમાં મુક્ત કરવામાં આવ્યા.આ માત્ર વન્યજીવોને તેમના કુદરતી આવાસમાં પરત લાવવાની પહેલ નથી, પરંતુ બન્નીના અનોખા ઘાસમેદાનના પર્યાવરણને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.કાળિયારની આ પુનઃસ્થાપના સ્થાનિક શાકાહારી વન્યજીવોની વસ્તીને પુનઃસ્થાપિત કરવામાં, જૈવવિવિધતાને જાળવવામાં અને બન્નીના પર્યાવરણીય સંતુલનને મજબૂત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.કચ્છનું બન્ની ઘાસમેદાન તેની અનોખી કુદરતી સંપત્તિ અને જૈવવિવિધતા માટે વિશેષ ઓળખ ધરાવે છે. આવા સંરક્ષણ પ્રયાસો કચ્છની કુદરતી વિરાસત અને વન્યજીવોને આવનારી પેઢીઓ સુધી સુરક્ષિત રાખવા માટે આશાનું કિરણ છે.

# અમેરિકાની હાર્વડ યુનિવર્સિટીમાં પૂ. મોરારિબાપુના શ્રીમુખેથી રામકથા અને તુલસી જન્મોત્સવનો પ્રારંભ

વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)

અમેરિકાની હાર્વડ યુનિવર્સિટી બોસ્ટનમાં સ્થિત છે. દુનિયાની શ્રેષ્ઠ યુનિવર્સિટી માનવામાં આવે છે. જેમાં રતન ટાટા અને રાહુલ બજાજ જેવા ભારતના જાણીતા ઉદ્યોગપતિઓ અભ્યાસ કરી ચૂક્યા છે. ત્યાંના મેમોરીયલ હોલમાં પૂ. ભારતના પ્રમાણ સમય કરતા 9:30 કલાક પાછળ ચાલતો તેનો સમય ગતરોજ રાત્રિના 1:30 કલાકે અને બોસ્ટનના સાંજના 4-00 કલાકે આ કથાનો મંગલ પ્રારંભ થયો. કથાનું નામાભિધાન આ અગાઉની નૈરોબી કથામાં કરી





મોરારિબાપુના શ્રી મુખેથી રામચરિત માનસનું ગાન આરંભાયું છે. એવું પણ કહી શકાય કે યુનાઈટેડ નેશન્સ અને કેમ્બ્રિજ જેવી યુનિવર્સિટીઓમાં કથા ગાન થઈ ગયા પછી પુનઃ એકવાર એક નવા કિર્તીદાન સાથે હાર્વર્ડમાં રામ નામની ગુંજ સંભળાઈ રહી છે. તે ઐતિહાસિક છે પૂ. મોરારિબાપુએ તેને ઐતિહાસિક નહીં પરંતુ અધ્યાત્મિક કથા તરીકે પ્રસ્તુત કરી. દેવાયું હતું. જે અનુસંધાને તેનો નામકરણ 'માનસ ગુરુ પ્રસાદ' કરવામાં આવ્યું છે. ભગવાન શ્રીરામનું વાંગમય સ્વરૂપ એટલે રામચરિત માનસ અને તેના સર્જક એવા તુલસીદાસજી મહારાજની જન્મ જયંતિ દર વર્ષે શ્રાવણ સુદ સાતમના રોજ મનાવવામાં આવે છે. તલગાજરડાના માધ્યમથી આ ઉત્સવ છેલ્લાં 17 વર્ષથી ચાલી રહ્યો છે.સને 2010 થી 2024 સુધી તેનુ સ્થાન તલગાજરડાની પાવન ભૂમી રહી છે.સને 2025 માં આ ઉત્સવ ઉત્તર પ્રદેશના રાજાપુર ખાતે યોજવામાં આવ્યો. હવે આજે તે વિદેશની ધરતી ઉપર મનાવાઈ રહ્યો છે,તે એક જોગાનુંજોગ ઘટના છે. બાપુએ આ કથા ઉત્સવને ભગવાન શ્રીરામના પુણ્ય યોગનો પ્રતાપ ગણાવીને તેનું શ્રેય કથા મનોરથી એવા લંડનના લોર્ડ શ્રી ડોલરભાઈ પોપટ અને તેમના પુત્ર પાવન પોપટને શીરૂ જાય છે. બાપુએ તેઓએ કરેલા હાર્ડવર્ક માટે સુભાષિશ આપીને પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી. ગુજરાત અને ભારતના સંતો મહંતો અને વિદ્વાનો આ મહોત્સવમાં સંમેલિત થયા છે. ગઈકાલે દીપ પ્રજવલનમાં ઓમકારેશ્વર મના પૂ.મુરલી બાબા ભાગવત કથાકાર પૂ. ભૂપેન્દ્રભાઈ પંડ્યા અને અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત હતા.આ કથા અને ઉત્સવ 23 ઓગસ્ટના રોજ પૂર્ણ થશે.

# તાલુકા કક્ષાના ૮૦મા સ્વતંત્રતા પર્વની દેશભક્તિસભર ઉજવણી: પ્રાંત અધિકારી અને મામલતદારના હસ્તે ધ્વજવંદન તથા સન્માન સમારોહ યોજાયો



દિપક રાવલ દાહોદ લીમખેડા

૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ લીમખેડા તાલુકાના જેતપુર (દુ ) સ્થિત સુથાર ફળિયા વર્ગ પ્રાથમિક શાળા ખાતે ૮૦મા સ્વતંત્રતા પર્વની તાલુકા કક્ષાની ભવ્ય ઉજવણી દેશભક્તિ અને ઉત્સાહપૂર્ણ માહોલમાં કરવામાં આવી હતી.કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (પ્રાંત અધિકારી) શ્રી વાય. કે. વાઘેલા (GAS) તથા મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ શ્રી અનિલકુમાર એસ. વસાવા ઉપસ્થિત રહ્યા હતા. પ્રાંત અધિકારીશ્રીના હસ્તે શાંદાર ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી.કાર્યક્રમના મુખ્ય આકર્ષણો:ધ્વજવંદન અને પરેડ: રાષ્ટ્રગીતના ગાન સાથે ભવ્ય ધ્વજવંદન કરવામાં આવ્યું હતું, જેમાં પોલીસ જવાનો અને ઉપસ્થિત સૌએ રાષ્ટ્રધ્વજને ગૌરવપૂર્વક સલામી આપી હતી. પ્રતિભાશાળી વ્યક્તિત્વોનું વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ સેવાઓ આપનાર કર્મચારીઓ, પોલીસ અધિકારીઓ તેમજ શ્રેષ્ઠ કામગીરી કરનાર નાગરિકોને પ્રાંત અધિકારી શ્રી વાય. કે. વાઘેલા અને મામલતદાર શ્રી અનિલકુમાર વસાવા દ્વારા પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે તાલુકાના અન્ય રાજકીય-સામાજિક મહાનુભાવો, શાળા પરિવાર, વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ અત્યંત ઉત્સાહવર્ધક અને રાષ્ટ્રભાવનાથી સભર વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# તિરંગાની શાનમાં રંગાયું મફતનગર-નેત્રા!

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

દેશભક્તિના રંગ અને રાષ્ટ્રભાવનાના ઉલ્લાસ વચ્ચે મફતનગર-નેત્રા પ્રાથમિક શાળામાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી હતી. ધ્વજવંદન કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ રાષ્ટ્રધ્વજને સલામી આપી દેશ પ્રત્યેની પોતાની અડગ નિષ્ઠા વ્યક્ત કરી હતી.આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપ લઘુમતી મોરચાના



મંત્રી ગુલામ હુસેન બારાચએ જણાવ્યું હતું કે, "સ્વાતંત્ર્ય પર્વ માત્ર ઉજવણીનો દિવસ નથી, પરંતુ દેશની એકતા, અખંડિતતા અને સર્વાંગી વિકાસ માટે સંકલ્પ કરવાનો પાવન અવસર છે. તિરંગો દેશની આન, બાન અને શાનનું પ્રતિક છે. સમાજના તમામ વર્ગો સાથે મળીને રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન આપે અને ભાઈચારો તથા રાષ્ટ્રીય એકતાની ભાવના વધુ મજબૂત બને તે જ સાચી રાષ્ટ્રસેવા છે."ધ્વજવંદન બાદ ઉપસ્થિત સૌએ સ્વાતંત્ર્ય સંગ્રામના અમર શહીદોને શ્રદ્ધાપૂર્વક નમન કર્યું હતું. વિદ્યાર્થીઓ અને શિક્ષકગણમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સમગ્ર શાળા પરિસર *"જય હિન્દ" અને "વંદે માતરમ્"*ના ગગનભેદી નાદથી ગુંજી ઊઠ્યું હતું.રાષ્ટ્રધ્વજની શાન સાથે ઉજવાયેલા આ કાર્યક્રમમાં દેશપ્રેમ, એકતા અને ભાઈચારાનો સુંદર સંદેશ પ્રસર્યો હતો.

# નિતિન ટેલર્સના નામથી દુકાન ચલાવતા નિતિનભાઈની ૧૫ વર્ષની રાષ્ટ્રભક્તિની અનોખી પરંપરા



જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

દેશની સરહદ પર જવાનો તિરંગાની રક્ષા કરે છે, ત્યારે ભુજ શહેરમાં પોતાના વ્યવસાય સાથે જોડાયેલા એક સામાન્ય દરજી દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી રાષ્ટ્રીય પર્વે તિરંગાને સલામી આપી દેશપ્રેમની અનોખી મિસાલ રજૂ કરવામાં આવી રહી છે.મૂળ દેશલપર (ગુંતલી) ગામના અને હાલ ભુજ ખાતે 'નિતિન ટેલર્સ'ના નામથી દુકાન ચલાવતા નિતિનભાઈ દરજી દ્વારા આજે ૮૦મા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી ગૌરવભેર સલામી આપવામાં આવી હતી. આ પ્રસંગે પરિવારજનો, મિત્રો તથા આસપાસના લોકો પણ જોડાયા હતા.નિતિનભાઈ છેલ્લા આશરે ૧૫ વર્ષથી ૨૬ જાન્યુઆરી અને ૧૫ ઓગસ્ટ જેવા રાષ્ટ્રીય પર્વે રાષ્ટ્રધ્વજને સલામી આપવાની પરંપરા અવિરત જાળવી રહ્યા છે. વર્ષો બદલાયા, પરિસ્થિતિઓ બદલાઈ, પરંતુ તિરંગા પ્રત્યેનો તેમનો આદર અને રાષ્ટ્રપ્રેમ આજે પણ અડીખમ રહ્યો છે.કપડાં સીવતા હાથ, તિરંગા માટે ધબકતું હૃદય!નિતિનભાઈ સોય-દોરાથી રોજ લોકોના વસ્ત્રોને નવો આકાર આપે છે, પરંતુ રાષ્ટ્રીય પર્વ આવે ત્યારે તેમના હાથમાં તિરંગાને સલામી આપવાનું ગૌરવ જોવા મળે છે. કોઈ મોટો હોદ્દો નહીં, કોઈ ભવ્ય આયોજન નહીં–માત્ર એક સામાન્ય નાગરિકની દેશ પ્રત્યેની સાચી લાગણી!તેમની આ પહેલ એ સંદેશ આપે છે કે દેશપ્રેમ માટે કોઈ વિશેષ પદ કે ઓળખની જરૂર નથી. જ્યાં રહીએ, જે વ્યવસાય કરીએ, ત્યાંથી પણ રાષ્ટ્રધ્વજનું સન્માન કરી દેશ પ્રત્યેની લાગણી વ્યક્ત કરી શકાય છે.નિતિન ટેલર્સની બહાર લહેરાતો તિરંગો આજે માત્ર રાષ્ટ્રધ્વજ નહોતો, પરંતુ છેલ્લા ૧૫ વર્ષથી જળવાઈ રહેલી દેશભક્તિની ભાવનાનો જીવંત સાક્ષી બન્યો હતો. "સોય-દોરાથી રોજી રળાય છે, પરંતુ દિલમાં દેશપ્રેમ સીવાયેલો છે!"

# સ્વાતંત્ર્ય પર્વે હિંગોરા સમાજના બે સેવાભાવી આગેવાનોનું ગૌરવપૂર્ણ સન્માન

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે અબડાસા પંથકમાંથી અખિલ કચ્છ હિંગોરા સમાજનું ગૌરવ વધારતી સેવાભાવી પ્રવૃત્તિઓની કદર કરવામાં આવી હતી. સમાજસેવા, શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણ ક્ષેત્રે, ખાસ કરીને વૃક્ષારોપણ સહિતના જનહિતલક્ષી કાર્યોમાં નોંધપાત્ર યોગદાન બદલ અખિલ કચ્છ હિંગોરા મુસ્લિમ સમાજના મહામંત્રી તથા કચ્છ બેન્ટોનાઈટ



એસોસિએશનના ઉપપ્રમુખ શ્રી અબ્દુલખાલિદભાઈ હિંગોરાનું અબડાસા મામલતદારશ્રીના હસ્તે સન્માનપત્ર એનાયત કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.સાથે જ કોઠારા પીઆઈ સાહેબશ્રીના હસ્તે ખીરસરા વિં. ગામના સરપંચ શ્રી આદમભાઈ હિંગોરાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.બંને આગેવાનો દ્વારા સમાજ અને લોકોના હિતમાં કરવામાં આવતી નિઃસ્વાર્થ સેવાઓની વહીવટી તંત્ર દ્વારા નોંધ લેવાતા સમગ્ર હિંગોરા સમાજમાં આનંદ અને ગૌરવની લાગણી જોવા મળી હતી. સ્વાતંત્ર્ય પર્વના પાવન અવસરે મળેલું આ સન્માન સમાજના અન્ય યુવાનો અને આગેવાનો માટે પણ જનસેવા તથા રાષ્ટ્રસેવાની પ્રેરણા બની રહ્યું છે.*"જનસેવા એ જ સાચી દેશસેવા"*ના સંદેશ સાથે બંને સેવાભાવી આગેવાનોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



રિપોર્ટર. કમલેશ પટેલ. | સંખેડા

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા ખાતે ડી.બી. પારેખ હાઈસ્કૂલના પ્રાંગણમાં જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે છોટાઉદેપુર જિલ્લાના પ્રભારી મંત્રી ડૉ. મનિષાબેન વકીલે ધ્વજવંદન કર્યું હતું.ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણ તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના મંત્રી ડૉ. મનિષાબેન વકીલે રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી હતી. તેમણે આ પ્રસંગે ઉપસ્થિત સૌને સ્વાતંત્ર્ય દિવસની શુભકામનાઓ પાઠવી હતી.આ ઉજવણીમાં જિલ્લાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ દેશભક્તિસભર સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આ ઉપરાંત, વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર જિલ્લાના પ્રતિભાશાળી વ્યક્તિઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.કાર્યક્રમના અંતે, ઉપસ્થિત મહાનુભાવો દ્વારા શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું, જે પર્યાવરણ સંરક્ષણનો સંદેશો આપે છે.આ પ્રસંગે સાંસદ જશભાઈ રાઠવા, ધારાસભ્ય અભેસિંગભાઈ તડવી, ધારાસભ્ય જયંતીભાઈ રાઠવા, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા, જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈન, સંખેડા તાલુકાના મામલતદાર જે.એચ. પટેલ, તાલુકા વિકાસ અધિકારી સહિત જિલ્લાના અધિકારીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તિરંગાની છાયામાં ગુંજ્યો જીવન બચાવવાનો સંદેશ

## કનોજની શાળામાં 108ની ટીમે બાળકોને શીખવ્યું— ઈમરજન્સીમાં ગભરાશો નહીં, સમજદારીથી મદદ કરો!

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

આઝાદીના પાવન પર્વની ઉજવણી માત્ર દેશભક્તિના રંગે જ નહીં, પરંતુ જીવન બચાવવાની જાગૃતિના સંદેશ સાથે પણ કરવામાં આવી હતી. નારાયણ સરોવર વિસ્તારના કનોજ ગામની પ્રાથમિક શાળા ખાતે 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા દ્વારા ખાસ ડેમો અને જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. "એક સાચી માહિતી કોઈનું જીવન બચાવી શકે!"આ વિચાર સાથે 108ની ટીમે શાળાના નાનકડા ભૂલકાંઓ તેમજ ગ્રામજનોને ઈમરજન્સી સમયે શું કરવું, દર્દીને કેવી રીતે



પ્રાથમિક મદદ આપવી અને તાત્કાલિક 108 સેવાનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે સરળ અને વ્યવહારુ માહિતી આપી હતી.આ પ્રસંગે નારાયણ સરોવર 108ના પાઈલટ રાકેશભાઈ કરણ તથા EMT સંજય ઠાકોર અને શૈલેષભાઈ ઠાકોર દ્વારા ઈમરજન્સી પરિસ્થિતિ અંગે જીવંત ડેમો રજૂ કરી બાળકો અને ગ્રામજનોને મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળાના બાળકોમાં પણ ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો. સામાન્ય રીતે એમ્બ્યુલન્સને માત્ર દર્દીને હોસ્પિટલ પહોંચાડતા વાહન તરીકે જોતા બાળકોને આજે સમજાયું કે 108ની પાછળ તાલીમબદ્ધ ટીમ, તાત્કાલિક સારવાર અને અનેક અમૂલ્ય જિંદગીઓ બચાવવાની જવાબદારી જોડાયેલી છે. આઝાદીના પર્વે દેશપ્રેમ સાથે માનવસેવાનો સંદેશ –કનોજમાં 108ની ટીમની આ અનોખી પહેલ સૌ માટે પ્રેરણારૂપ બની!

# બાર જ્યોતિર્લિંગ

શંભુ મહાદેવ મલ્લિકા અર્જુન,
મંગલ ચરના ત્રિલોચના..
પિનાકપાણી પાર્વતી રમણા,
ભવ ભય હરના ત્રિલોચના,

બાર જ્યોતિર્લિંગ માં બીજા નંબર નું સ્થાન આંધ્રપ્રદેશ ના હૈદરાબાદ થી ૨૦૦ કિલોમીટર દૂર નાલ્લામલ્લા જંગલો માં સ્થતિ છે.ભગવાન શિવજીનું બીજું સોમનાથ મંદિર ની જેમ સમુદ્ર ના કિનારે નથી મલ્લિકા અર્જુન જ્યોતિર્લિંગ એ સમુદ્રની સપાટી થી ૫૦૦ મીટર ઊંચે છે. માન્યતા અનુસાર આ જ્યોતિર્લિંગ ના દર્શન માત્ર થી ભવોભવ ના તાપ સંતાપ દૂર થાય છે ને શત્રુ સામે વિજય મળે છે. આ સ્થાન ની પવિત્રતા એ છે કે આ સ્થાન પરમ પિતા સાથે માતા ના પણ આશીર્વાદ પ્રાપ્ત થાય છે આ સ્થાન પર ભગવાન શિવ એ માતા પાર્વતી સાથે અર્ધ નારેશ્વર સ્વરૂપે પ્રગટ થયા હતા.નારાજ પુત્ર કાર્તકીય સ્વામી ને માનવવા માટે શિવ પાર્વતી એ અર્ધ નારેશ્વર નું સ્વરૂપ ધારણ કર્યું હતું. તારકાસુર ના આતંક ને લીધે દેવો ભયભીત હતા યુગો ના યુગો સુધી દાનવો સાથે લડાઈ લડ્યા દેવો ના સેનાપતિ રાજા મુચકુંદ થાક્યા હતા એટલે એ સ્વર્ગ ના રાજા ઈન્દ્ર પાસે થી નિંદ્રા નું વરદાન પ્રાપ્ત કરીને ગુજરાત ના ગિરનાર ક્ષેત્રે ગુફા માં નિંદ્રાધીન થઈ ગયા હતા.અચાનક તારકાસુર દાનવ ના સ્વર્ગ પર આક્રમણ ને લીધે ઈન્દ્ર નું ઈન્દ્રાસન અને દેવો ના સ્થાનો ડગમગવા લાગ્યાં. તારકાસુર એ વજંગ નામના દૈત્ય નો પુત્ર હતો એણે કઠોર તપશ્ચર્યા કર્યા બાદ બ્રહ્માજી ને પ્રસન્ન કર્યા હતા. બ્રહ્માજી એ પ્રસન્ન થઈ ને તારકાસુર ને વરદાન માંગવા નું કહ્યું ત્યારે એણે એવું વરદાન માંગ્યું કે એનું બળ અપાર થાય જે દેવો કે દાનવો માટે મને યુદ્ધ માં હરાવવું અશક્ય બને મને માત્ર ભગવાન શિવજી ના પુત્ર જ યુદ્ધ માં પરાજિત કરી શકશે. આ વરદાન ને કારણે તારકાસુર એ સ્વર્ગ નું ઈન્દ્રાસન આસાની થી જીતી લીધું ને દેવો ને બંદી બનાવી દીધા હતા.જ્યારે સ્વર્ગ ના રાજા ઈન્દ્ર ને તારકાસુર ને આપેલ બ્રહ્માજી ના વરદાન ની જાણકારી થઈ ત્યારે દેવો એ કૈલાસ પર્વત પર બિરાજમાન ભગવાન શિવ આગળ "કાર્તિકેય સ્વામી દેવો ના સેનાપતિ બને" એવી પ્રાર્થના કરી હતી. દેવાસુર સંગ્રામ માં તારકાસુર નો વધ માત્ર ને માત્ર કાર્તિકેય સ્વામી દ્વારા જ થઈ શકે છે,બ્રહ્માજી ના વરદાન ને લીધે અમારા થી એ જીતતો નથી,શું કરવું?
નારાજ કાર્તિકેય સ્વામી તપશ્ચર્યા માંથી ઉઠશે જ નહિ તો સ્વર્ગ પર દાનવો રાજ કરશે ને ભગવાન વિષ્ણુ ના સંચાલન માં ગડબડ થશે.ભગવાન ભોળાનાથ ને પ્રાર્થના કરતા દેવો બોલ્યા કે ભગવાન,તારકાસુરનો વધ આવશ્યક બની ગયો છે આને લીધે સ્વર્ગ તો ઠીક પણ ચારેય બાજુ હાહાકાર મચી ગયો છે.કાર્તિકેય સ્વામી ના દેવોના સેનાપતિ બનશે તો જ તારકાસુર નો અંત થશે. કાર્તિકેય સ્વામી ને મનાવવા નો એક માત્ર ઉપાય છે આપ અર્ધ નારેશ્વર સ્વરૂપે નાલ્લા પાલ્લા ના જંગલ માં શિવલિંગ માં અંતર્ધ્યાન થશો તો જ કાર્તિકેય સ્વામી તપશ્ચર્યા માંથી જાગશે. દેવોની પ્રાર્થના સાંભળતા જ ભગવાન ભોળાનાથ એ દેવો ને આશ્વાસન આપતા તથાસ્તુ કહ્યું હતું.
નાલ્લા પાલ્લા જંગલ માં ભગવાન શિવજી એ અર્ધ નારેશ્વર નું સ્વરૂપ ધારણ કરીને શિવલિંગમાં અંતર્ધ્યાન થયા. કાર્તિકેય સ્વામી ને તપશ્ચર્યા માં માતા પિતા ના અર્ધનારીશ્વર સ્વરૂપે શિવલિંગ મા દર્શન થતા જ એણે આંખ ખોલી ને તપ માંથી ઊઠ્યા.દેવતા ગણો ની હાજરી માં કાર્તિકેય સ્વામી એ શ્રી શૈલમ માં "મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ"ની વિધિવત સ્થાપના પૂજા કર્યા બાદ નિત્ય માતા પિતાના સાંનિધ્ય માં રહેવાનો સંકલ્પ કર્યા હતો. માતા પિતા ની આજ્ઞા ને લીધે જ દેવાસુર સંગ્રામમાં દેવો ના સેનાપતિ કાર્તિકેય સ્વામી બન્યા હતા. બ્રહ્માજી એ આપેલ વરદાન ને લીધે તારકાસુર નો વધ કાર્તિકેય સ્વામી એ કર્યો ત્યારે દેવલોક માં આનંદ ઉત્સાહ વ્યાપી ગયો હતો.સ્વર્ગના રાજા ઇન્દ્ર એ એની પુત્રી દેવસેના વિવાહ ભગવાન શિવ પાર્વતી ના પુત્ર કાર્તિકેય સ્વામી સાથે કર્યા હતા. કાર્તિકેય સ્વામી એ એની પત્ની દેવસેના સાથે વિવાહ કર્યા બાદ શ્રીશૈલમ્ પર્વત તરફ પ્રસ્થાન કર્યું હતું.



કાર્તિકેય સ્વામી માતા પિતા થી નારાજ કેમ થયા હતા? માતા પિતા થી નારાજ થઈ ને કૈલાસ પર્વતથી દૂર નાલ્લા પાલ્લા જંગલ માં આવેલ શ્રી શૈલમ ના પર્વત પર જઈને કેમ વસ્યા? શિવ પુરાણ અનુસાર ગણેશજી અને કાર્તિકેય જી ના વિવાહ સબંધી કથા વર્ણવી છે.શિવ પુરાણ ના રુદ્ર સંહિતા અનુસાર ગજાનંદ ગણપતિ અને કાર્તિકેય ભગવાન વચ્ચે વિવાદ થયો કે પહેલા લગન કોણ કરે? માતા પાર્વતીજી અને પિતા સદાશિવ એ બન્ને પુત્રો ના સમાધાન માટે ઉપાય આપતા કહ્યું કે જે પહેલા અડસઠ તીર્થ ની યાત્રા કરીને પરત આવશે એના લગન પ્રથમ થશે. માતાપિતા ની આજ્ઞા અને આશીર્વાદ પ્રાપ્ત કરીને કાર્તિકેય ભગવાન એના વાહન મોર પર આરૂઢ થઈને અડસઠ તીર્થ ની યાત્રા એ નીકળી પડ્યા. ગજાનંદ ગણપતિ બાપ્પા એ વિચાર્યું કે આ શરીર અને વાહન ઉંદર થી ઝડપ થી અડસઠ તીર્થ યાત્રા થવી અશક્ય છે એટલે ગણપતિ બાપ્પા બુધ્ધિ ના સ્વામી એટલે બુધ્ધિ થી મનમાં વિચારી ને નિર્ણય કર્યા બાદ માતા પાર્વતી અને ભગવાન



- રુપાલી દવે

ભોળાનાથ ની આસપાસ પ્રદક્ષિણા કરવા લાગ્યા.ગણપતિ બાપ્પા એ માતાપિતા આસપાસ એક લાખ અડસઠ પ્રદક્ષિણા કર્યા બાદ માતા પિતાનું વિધિવત પૂજન કર્યા બાદ પ્રાર્થના કરતા કહ્યું કે મારા માટે તો અડસઠ તીર્થ મારા માતાપિતા ના આશીર્વાદ,પ્રદક્ષિણા અને ચરણોનું પૂજન છે. માતા પાર્વતી જી અને પિતા સદાશિવ એના પુત્ર ની પૂજાથી સંતુષ્ટ થયા ને ગણપતિ બાપ્પા ના લગ્ન રિદ્ધિ સિદ્ધિ સાથે ધામધૂમપૂર્વક કરી નાખ્યાં.આ વાત થી તદન અજાણ કાર્તિકેય ભગવાન અડસઠ તીર્થ ધામ ની યાત્રા કર્યા બાદ પુનઃ કૈલાસ પધાર્યા ત્યારે ગણપતિ બાપ્પા લાભ શુભ નામે પુત્ર ના પિતા પણ બની ગયા હતા.

કાર્તિકેય સ્વામી એ કૈલાસ પર્વત નું દ્રશ્ય નિહાળતા જ એ ક્રોધિત થઈ ગયા ને મનોમન માતા પિતા દ્વારા પક્ષપાત નો વ્યવહાર થયો છે એવું અનુભવી ને ચૂપચાપ માતાપિતા ના આશીર્વાદ લઈને દક્ષિણ દિશામાં શ્રીશૈલમ્ પર્વત ના નલલામલ્લા જંગલો માં જઈને તપશ્ચર્યા કરવા લાગ્યા. પ્રત્યેક માતાપિતા માટે પુત્ર ની નારજગી એ સૌથી મોટું દુઃખ હોય છે.પુત્ર ચૂપચાપ નારાજ થઈ ને કૈલાસ પર્વત પર થી નીકળી ગયા બાદ પરત ના ફરતા માતા પાર્વતી અને પિતા સદાશિવ ને પુત્ર ની ચિંતા થતાં એની શોધમાં નીકળી પડ્યા. શિવજી એ ધ્યાન અવસ્થામાં જોયું તો પુત્ર કાર્તિકેય શ્રીશૈલમ્ પર્વત ના જંગલો માં ઉગ્ર તપ કરી રહ્યા હતા.આ ક્રોંચ પર્વત એટલે જ શ્રીશૈલમ્. શિવ પુરાણ અનુસાર ભગવાન ભોળાનાથ અને માતા પાર્વતી જી એના કુમાર ને મનાવવા ક્રોચ પર્વત એટલે શ્રીશૈલમ્ પધાર્યા છે એની ખબર પડતાં જ કાર્તિકેય સ્વામી જંગલ થી બાર કોસ દૂર પર્વતની તળેટી પર જતા રહ્યા હતા. મલ્લી એટલે પાર્વતીજી અને અર્જુન એટલે સ્વયં ભોળાનાથ.પુત્ર ને મનાવવા બન્ને એ ખૂબ પ્રયત્ન કર્યા પરંતુ કાર્તિકેય સ્વામી ને મનાવવા માં સફળતા પ્રાપ્ત થતી નહતી પરંતુ પિતા પુત્ર ના સબંધો માં નાનકડા ખટરાગ તો થાય પણ બન્ને વચ્ચે ના પ્રેમ ના સબંધો ઋણાનું બંધન ના હોય છે એટલે તો નારાજગી લાંબા સમય રહેતી નથી. શિવપુરાણના કોટીરુદ્ર સંહિતાના પંદરમાં અધ્યાય મુજબ પુત્ર કાર્તિકેય સ્વામી એ "અર્ધ નારેશ્વર" સ્વરૂપનું શ્રીશૈલમ્ માં "મલ્લિકા અર્જુન જ્યોતિર્લિંગ" નામે શિવલિંગ સ્થાપિત કર્યું ત્યારે ભગવાન શિવ એ વરદાન આપ્યું હતું કે જે ભક્ત નંદી ની આજ્ઞા પ્રાપ્ત કરીને મલ્લિકા અર્જુન જ્યોતિર્લિંગ ના દર્શન કરશે એના ભવોભવ ના પાપ નાશ પામશે ને એના ઉન્નતિ ના માર્ગ ખુલી જશે..

90નો દશક હતો. મુંબઈના રસ્તા પર બે ગાડીઓ અચાનક સામસામે આવી ગઈ. એક કારમાં એક યુવાન અભિનેતા પોતાની પાર્ટનર અને મિત્ર સાથે બેઠો હતો. એટલામાં બીજી કારના ડ્રાઈવરે અચાનક ખોટો વળાંક લઈ લીધો. ગાડી ચલાવી રહેલા અભિનેતાએ તેને ગુસ્સામાં ઈશારો કર્યો. વાત એટલી વધી કે બંને ગાડીઓના લોકો રસ્તા પર ઉતરી આવ્યા. થોડી જ વારમાં રસ્તા પર મારામારી શરૂ થઈ ગઈ. લડાઈ દરમિયાન બંનેએ ગુસ્સામાં એકબીજાને બચકાં ભરી લીધા. પરંતુ આ પછી જે થયું, તે કોઈ ફિલ્મી દ્રશ્યથી કમ નહોતું. થોડીવાર પહેલાં સુધી એકબીજા સાથે ઝઘડી રહેલા બંને લોકો અચાનક હસવા લાગ્યા અને પછી એકબીજાને ભેટી પડ્યા. આ યુવાન અભિનેતા બીજા કોઈ નહીં, પરંતુ સૈફ અલી ખાન હતા. આજે તેમના 56માં જન્મદિવસે જાણીએ તેમના જીવન સાથે જોડાયેલા કેટલાક આવા રસપ્રદ કિસ્સા...

# સૈફ અલી ખાને રસ્તા વચ્ચે બચકું ભર્યું : નવાબ પરિવારમાંથી હોવા છતાં સરકારી બસોમાં મુસાફરી કરી, ડિરેક્ટરને નગ્ન થવાનું કહ્યું; પડોશી બની 'બીજી મા'

(એજન્સી) મુંબઈ | તા 16

મા શૂટિંગમાં વ્યસ્ત હતા, પડોશી બની 'બીજી મા' સૈફ અલી ખાનનું બાળપણ કોઈ સામાન્ય સ્ટારકિડ જેવું નહોતું. પિતા મન્સૂર અલી ખાન પટૌડી ભારતીય ક્રિકેટનું મોટું નામ હતા અને માતા શર્મિલા ટાગોર હિન્દી સિનેમાના પ્રખ્યાત અભિનેત્રી, પરંતુ સૈફના બાળપણનો એક એવો દૌર પણ રહ્યો, જ્યારે તેમની મા ઈચ્છવા છતાં તેમની સાથે એટલો સમય વિતાવી શકતી નહોતી, જેટલો એક મા પોતાના બાળક સાથે વિતાવવા ઈચ્છે છે.

સૈફના જન્મ પછીના કેટલાક વર્ષોમાં શર્મિલા તેમના કારકિર્દીના અત્યંત વ્યસ્ત દૌરમાં હતી. તે દિવસમાં બે-બે શિફ્ટમાં કામ કરતી હતી. એક શિફ્ટ સવારે 7 વાગ્યાથી બપોરે 2 વાગ્યા સુધી અને બીજી બપોરે 2 વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધી ચાલતી હતી.

પરંતુ શર્મિલા એ પણ માને છે કે સૈફના ઉછેરમાં તે એકાકી નહોતી. તેમના પતિ મન્સૂર અલી ખાન પટૌડી અને આસપાસના લોકોએ આ દરમિયાન તેમનો સાથ આપ્યો.

આ જ દરમિયાન સૈફના જીવનમાં એક એવી મહિલા આવ્યા, જેમણે માની ગેરહાજરીને ઘણી હદ સુધી પૂરી કરી. તેમનું નામ હતું સુનીતા ગોસ્વામી. સુનીતા ફક્ત સૈફના પડોશી જ નહોતા, પરંતુ તે તેમની શાળામાં ભણાવતા પણ હતા. શર્મિલાએ ડીએનએ (DNA)ને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે સુનીતા તે સમયે સૈફની શાળા 'સૈફી મહેલ'માં શિક્ષક હતા.

સુનીતા તેમના પતિ જતિન ગોસ્વામી સાથે સૈફનું ખૂબ ધ્યાન રાખતી હતી. શર્મિલાએ જણાવ્યું હતું કે તે સૈફના જીવનના મહત્વપૂર્ણ તબક્કાઓ પર હાજર રહેતી હતી, પરંતુ બાળકની રોજિંદી જરૂરિયાતો અને નાની-નાની બાબતો માટે તે સુનીતા અને તેમના પરિવારની મદદ પર નિર્ભર હતી. આ જ કારણે શર્મિલાએ સુનીતાને ફક્ત પડોશી કે શાળાના શિક્ષક ન ગણ્યા, પરંતુ સૈફની 'બીજી માં' સુધી કહ્યું.

નવાબ પરિવારના સૈફ DTC બસ પકડીને ઓફિસ જતા હતા સૈફ અલી ખાનનો જન્મ ભલે પટૌડીના નવાબ પરિવારમાં થયો હતો, પરંતુ ફિલ્મોમાં આવતા પહેલા તેમનું જીવન કોઈ શાહી રાજકુમાર જેવું નહોતું. શાળા પૂરી કર્યા પછી સૈફએ દિલ્હીની એક જાહેરાત એજન્સીમાં લગભગ બે મહિના કામ કર્યું.

રસપ્રદ વાત એ હતી કે તે વખતે સૈફના પિતા મન્સૂર અલી ખાન પટૌડી તેમને શાહી ઠાઠમાઠમાં ઓફિસ મોકલવાને બદલે ડીટીસી બસથી કામ પર જવા દેતા હતા.

ઈન્ડિયા ટુડેના જૂના અહેવાલ મુજબ, સૈફના પિતા તેમને બસથી ઓફિસ મોકલતા હતા અને ખર્ચ માટે માત્ર 200 રૂપિયા અઠવાડિયાની પોકેટ મની આપતા હતા.

સૈફ અલી ખાન જ્યારે દિલ્હીમાં જાહેરાત એજન્સીમાં કામ કરી રહ્યા હતા. આ જ દરમિયાન એક ફેમિલી ફ્રેન્ડે તેમને 'ગ્વાલિયર શૂટિંગ્સ'ની એક ટીવી જાહેરાતમાં કામ કરવાનું સૂચન કર્યું. સૈફએ જાહેરાત કરી. જાહેરાતમાં સૈફના લુક અને વ્યક્તિત્વએ ડિરેક્ટર આનંદ મહેન્દ્રુનું ધ્યાન ખેંચ્યું. તેમણે સૈફને પોતાની ફિલ્મમાં મુખ્ય ભૂમિકા આપવાનો નિર્ણય કર્યો.

ફિલ્મમાં કામ કરવાની તક મળ્યા પછી તેમણે દિલ્હી છોડીને મુંબઈ જવાનો નિર્ણય કર્યો. તેમને લાગ્યું કે હવે કદાચ ફિલ્મોમાં પોતાની કારકિર્દી શરૂ કરવાનો રસ્તો મળી ગયો છે.

પરંતુ મુંબઈ પહોંચ્યા પછી કહાનીએ અચાનક પલટો લઈ લીધો. જે ફિલ્મ માટે સૈફને સાઈન કરવામાં આવ્યા હતા, તે બની જ શકી નહીં અને પ્રોજેક્ટ બંધ થઈ ગયો.

ફિલ્મ 'બેખુદી'માંથી સૈફને કાઢવામાં આવ્યા હતા આનંદ મહેન્દ્રુની ફિલ્મ બંધ થયા પછી સૈફ અલી ખાનને રાહુલ રવૈલની ફિલ્મ 'બેખુદી'થી લોન્ચ કરવાના હતા. ફિલ્મમાં તેમની સાથે કાજોલ હતા, પરંતુ ફિલ્મ પૂરી થાય તે પહેલા જ સૈફને પ્રોજેક્ટમાંથી હટાવી દેવામાં આવ્યા હતા. સૈફએ અનેક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તેમને પોતાની પર્સનલ લાઈફ અને ફિલ્મ વચ્ચે પસંદગી કરવાની હતી. આ ઘટના પછી લાંબા સમય સુધી આ ચર્ચા રહી કે સૈફને તેમની ગર્લફ્રેન્ડ અમૃતા સિંહના કારણે ફિલ્મમાંથી કાઢવામાં આવ્યા હતા.

જોકે, 2026માં ડિરેક્ટર રાહુલ રવૈલે આ વાતને ખોટી ગણાવી. તેમના મતે, સૈફને ફિલ્મમાંથી અમૃતા સિંહના કારણે નહીં, પરંતુ શૂટિંગ પ્રત્યેના તેમના ડિસિપ્લિન અને ગંભીરતાની કમીના કારણે હટાવવામાં આવ્યા હતા. રવૈલે કહ્યું કે સૈફ શૂટિંગ માટે સમય પર આવતા નહોતા અને તેમની કમિટમેન્ટમાં મુશ્કેલીઓ હતી.

'ઓમકારા'માં નગ્ન થઈને સીન કરવાનું કહેવામાં આવ્યું હતું સૈફ અલી ખાનની કારકિર્દીમાં 'ઓમકારા' ખૂબ જ ખાસ ફિલ્મ હતી. એક અભિનેતા તરીકે તેમની અભિનયની પ્રશંસા પણ થઈ. સૈફએ આ પાત્ર માટે મહેનત પણ કરી હતી, કારણ કે આ રોલ માટે તેમને પશ્ચિમ ઉત્તર પ્રદેશની બોલી શીખવાની હતી. શૂટિંગ પહેલા તેમણે ભાષા પર મહેનત કરી.

અહીં સુધી કે તે સમયે જ્યારે તે રજાઓ ગાળવા માલદીવ ગયા હતા, ત્યારે રજાઓ દરમિયાન પણ તેમના હાથમાં 'ઓમકારા'ની સ્ક્રિપ્ટ હતી. લોકો સમુદ્ર કિનારે રજાઓ મનાવી રહ્યા હતા અને સૈફ છત્રીની નીચે બેસીને ડાયલોગ યાદ કરી રહ્યા હતા. સૈફએ ખુદ જણાવ્યું હતું કે તે માલદીવમાં છત્રીની નીચે બેસીને સ્ક્રિપ્ટ વાંચતા અને સતત પ્રેક્ટિસ કરતા હતા.

હોલીવુડ રિપોર્ટરને આપેલા ઈન્ટરવ્યુમાં સૈફએ એ પણ જણાવ્યું હતું કે ફિલ્મ ઓમકારામાં બિલકુલ અલગ વ્યક્તિનું પાત્ર ભજવવાની તક મળી. આ બદલાવ માટે સૈફે પોતાનો પ્રખ્યાત લુક પણ છોડી દીધો અને પાત્ર મુજબ વાળ કપાવ્યા અને મેકઅપ કરાવ્યો.

સૈફ માટે આ સરળ નિર્ણય નહોતો. તેમની માતા શર્મિલા ટાગોરે પણ તેમને સાવચેત કર્યા હતા. તેમણે સૈફને પૂછ્યું હતું કે આશા છે કે ડિરેક્ટર સમજદાર અને સારા ફિલ્મમેકર હશે, કારણ કે કેટલાક ડિરેક્ટર્સ ફક્ત અલગ દેખાડવા માટે કલાકારનો લુક બદલી નાખે છે.

ફિલ્મના શૂટિંગ દરમિયાન વધુ એક રસપ્રદ બનાવ બન્યો. એક દ્રશ્યમાં તેમણે અરીસા સામે લાંબો ડાયલોગ બોલવાનો હતો. ત્યારે ડિરેક્ટર વિશાલ ભારદ્વાજે તેમને પૂછ્યું- શું તમે આ સીન નગ્ન થઈને કરશો? વિશાલનો વિચાર હતો કે સૈફને પાછળથી સિલુએટ (પડછાયો દેખાય)માં દેખાડવામાં આવે, જેથી સીન વધારે રહસ્યમય અને ડરામણો લાગે.

સૈફએ જણાવ્યું હતું કે સેટ પર ઘણા લોકો હાજર હતા, તેથી તે થોડા સંકોચમાં મુકાય ગયા. તેમણે મજાકમાં વિશાલને કહ્યું- "જુઓ, જો તમે નગ્ન થઈને મને ડિરેક્ટ કરશો, તો હું આ કરી લઈશ." વિશાલે તરત ના પાડી દીધી અને બંને વચ્ચે આ વાત મજાકમાં પૂરી થઈ ગઈ. સૈફએ પછીથી કહ્યું કે હવે પાછળ વળીને જોઈએ છીએ તો તેમને લાગે છે કે કદાચ તે સીન કરી લેવો જોઈતો હતો, કારણ કે સિલુએટમાં તે વધુ ડરામણો દેખાઈ શક્યો હોત.

સૈફ અલી ખાનના પ્રથમ લગ્ન અમૃતા સિંહ સાથે થયા હતા. લગ્ન સમયે સૈફની ઉંમર લગભગ 20-21 વર્ષ હતી અને અમૃતાની ઉંમર 32-33 વર્ષ હતી, એટલે કે બંનેની વયમાં 12 વર્ષનું અંતર હતું.

માએ કહ્યું હતું- અમૃતા સિંહ સાથે લગ્ન ન કરતો તમને જણાવી દઈએ કે સૈફ અને અમૃતાની લવ સ્ટોરીની વાત કરીએ તો બંનેની પહેલી મુલાકાત તે વખતે થઈ, જ્યારે એક ફોટોશૂટ માટે અનેક કલાકારોને બોલાવવામાં આવ્યા હતા. અમૃતા તે સમયના ઈન્ડસ્ટ્રીના મોટા સ્ટાર હતા, જ્યારે સૈફ પોતાની કારકિર્દીની શરૂઆત કરી રહ્યા હતા. ફોટોશૂટ દરમિયાન સૈફે સહજ અંદાજમાં અમૃતાના ખભા પર હાથ મૂકી દીધો. અમૃતાને તેમનો આ અંદાજ કંઈક એવો ગમ્યો કે તેમણે સૈફને ધ્યાનથી જોયો. જોકે તે વખતે બંનેના મનમાં પ્રેમ જેવું કંઈ નહોતું.







# હિપ ઈજા પછી રશ્મિકા મંદાનાનું દર્દ છલકાયું...

## તેણે કહ્યું- શરીર સાથે માણસો જેવો વ્યવહાર કરો, આ મશીન નથી

(એજન્સી) મુંબઈ | તા 16

સાઉથ અને બોલિવૂડની લોકપ્રિય અભિનેત્રી રશ્મિકા મંદાના આ દિવસોમાં હિપ ઈજામાંથી સાજા થઈ રહી છે. ફિલ્મ 'માયસા'ના શૂટિંગ દરમિયાન ડાન્સ સીક્વન્સ કરતી વખતે તેને ઈજા થઈ હતી. હવે અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર પોતાની તબિયત વિશે અપડેટ આપ્યું છે. તેણે જણાવ્યું કે તે પહેલા કરતા સારી છે અને આ બ્રેકમાં પરિવાર સાથે સમય વિતાવી રહી છે.

રશ્મિકાએ પહેલા જણાવ્યું હતું કે તેના જમણા હિપને પગ સાથે જોડતો એક ટેન્ડન અલગ થઈ ગયો હતો. તેને ફરીથી જોડવા માટે રિકવરી અને આરામની જરૂર છે. રિપોર્ટ્સ અનુસાર, 'માયસા'ના ડાન્સ સીક્વન્સ દરમિયાન તે લપસી ગઈ હતી. આ તેના કરિયરની સૌથી વધુ આક્રમક અને ફિઝિકલ ફિલ્મોમાંથી એક હોવાનું કહેવાય છે.

રશ્મિકાએ કહ્યું હતું કે આ સતત ત્રીજી ઈજા છે. તેણે અનુભવ્યું કે તેણે પોતાના શરીરને મશીનની જેમ નહીં, પરંતુ માનવીય શરીરની જેમ ગણવું જોઈએ. ઈજા પછી તે વર્કઆઉટ અને રનિંગથી દૂર છે. રિકવરી દરમિયાન તે પઝલ્સ જેવી વસ્તુઓમાં પોતાને વ્યસ્ત રાખી રહી છે.

તાજેતરના હેલ્થ અપડેટમાં રશ્મિકાએ જણાવ્યું કે સતત દોડધામવાળી જિંદગી વચ્ચે અચાનક અટકી જવું શરૂઆતમાં તેને ડરામણું લાગ્યું. પરંતુ હવે તેને લાગી રહ્યું છે કે જિંદગીમાં ક્યારેક ધીમા થવું જરૂરી છે. તેણે ચાહકોની પ્રાર્થના અને સકારાત્મકતા માટે આભાર વ્યક્ત કર્યો. અભિનેત્રી નીના ગુપ્તાએ પણ તેની પોસ્ટ પર કોમેન્ટ કરીને તબિયત પૂછી, જેના જવાબમાં રશ્મિકાએ કહ્યું કે હવે તે સારી છે.

### રણાબાલી'ની રિલીઝ પર પણ અસર

રશ્મિકાની ઈજાની અસર તેના સ્વાસ્થ્યની સાથે અન્ય પ્રોજેક્ટ્સના શેડ્યૂલ પર પણ પડી છે. વિજય દેવરકોંડા સાથેની તેની ફિલ્મ 'રણાબાલી' પહેલા સપ્ટેમ્બર 2026માં રિલીઝ થવાની હતી. ઈજા બાદ તેની રિલીઝ ઓક્ટોબર સુધી લંબાવવાની શક્યતા છે. જોકે, મેકર્સ તરફથી અંતિમ રિલીઝ ડેટ અંગે સ્થિતિ સ્પષ્ટ થવી બાકી છે.

આ ફિલ્મ એટલા માટે પણ ખાસ છે કારણ કે તેમાં રશ્મિકા અને વિજય દેવરકોંડાની જોડી લાંબા સમય બાદ સાથે જોવા મળશે. ફિલ્મની રિલીઝ ડેટમાં ફેરફારની સીધી અસર તેના પ્રમોશનલ પ્લાન અને આગળના શેડ્યૂલ પર પડી શકે છે.

રશ્મિકાની ઈજાથી સૌથી મોટી અસર અલ્લુ અર્જુન અને ડિરેક્ટર એટલીની ફિલ્મ 'રાકા' પર જણાવવામાં આવી રહી છે. રિપોર્ટ્સ અનુસાર, ફિલ્મનું શૂટિંગ લગભગ 45 દિવસ સુધી આગળ ધકેલાઈ ગયું છે. રશ્મિકાના કેટલાક મહત્વના અને ફિઝિકલ સીન્સ શૂટ થવાના બાકી છે, તેથી એટલીએ તેની રિકવરીને પ્રાથમિકતા આપવાનો નિર્ણય કર્યો છે.

રિપોર્ટ્સ અનુસાર, રશ્મિકા વિના ફિલ્મના કેટલાક ભાગોનું શૂટિંગ ચાલુ રાખી શકાય છે, પરંતુ તેના સીન માટે ટીમને સંપૂર્ણપણે ફિટ થવાની રાહ જોવી પડશે.



# 'આવારાપન 2'એ બીજા દિવસે ₹33.75 કરોડ કમાયા

## કુલ કમાણી ₹72.90 કરોડ થઈ, 'બંટવારા 1947'ના કલેક્શનમાં પણ ઉછાળો, બીજા દિવસે ₹13.50 કરોડ કમાયા

(એજન્સી) મુંબઈ | તા 16

સની દેઓલ અભિનીત ફિલ્મ 'બંટવારા 1947'ને બોક્સ ઓફિસ પર 14 ઓગસ્ટે રિલીઝ થયેલી 'આવારાપન 2' તરફથી સખત સ્પર્ધા મળી રહી છે. સેકનિલ્ક અનુસાર, 'આવારાપન 2'એ રિલીઝના બીજા દિવસે 33.75 કરોડ નેટનું કલેક્શન કર્યું. આ સાથે ભારતમાં ફિલ્મની કુલ નેટ કમાણી 55.75 કરોડ અને વર્લ્ડવાઈડ ગ્રોસ કલેક્શન 72.90 કરોડ પર પહોંચી ગયું છે જ્યારે, 'બંટવારા 1947'એ બીજા દિવસે 13.50 કરોડ નેટ કમાયા. ફિલ્મનું ભારતમાં કુલ નેટ કલેક્શન 19.25 કરોડ અને વર્લ્ડવાઈડ ગ્રોસ કલેક્શન 26.41 કરોડ થઈ ગયું છે. રાજકુમાર સંતોષીના નિર્દેશનમાં બનેલી 'બંટવારા 1947'માં સની દેઓલ સાથે પ્રીતિ ઝિન્ટા, શબાના આઝમી, અલી ફઝલ, કરણ દેઓલ અને અભિમન્યુ સિંહ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં છે. ફિલ્મ ભારતના વિભાજનની બેકગ્રાઉન્ડ પર આધારિત છે અને તેને આમિર ખાને પ્રોડ્યુસ કરી છે. સ્વતંત્રતા દિવસના અવસરે ફિલ્મના કલેક્શનમાં બીજા દિવસે ઉછાળો જોવા મળ્યો. સૈકનિલ્ક અનુસાર, ફિલ્મે બીજા દિવસે 8,071 શો દરમિયાન 13.50 કરોડ નેટ કમાણી કરી. ભારતમાં ફિલ્મનું ગ્રોસ કલેક્શન 22.91 કરોડ અને ઓવરસીઝ ગ્રોસ 3.50 કરોડ છે.

**મુંબઈમાં થઈ સ્પેશિયલ સ્ક્રીનિંગ** આ દરમિયાન શનિવાર, 15 ઓગસ્ટના રોજ મુંબઈમાં 'બંટવારા 1947'ની સ્પેશિયલ સ્ક્રીનિંગ રાખવામાં આવી. ફિલ્મની સ્ક્રીનિંગમાં શરદ શુક્લા, અભિમન્યુ સિંહ, મકરંદ દેશપાંડે અને પરિતોષ ત્રિપાઠી સહિત ઘણા બોલિવૂડ સેલેબ્સ જોવા મળ્યા. નિતિન કક્કડના નિર્દેશન અને વિશેષ ભટ્ટના પ્રોડક્શનમાં બનેલી 'આવારાપન 2'માં ઈમરાન હાશ્મી 'શિવમ પંડિત'ના પોતાના જાણીતા પાત્રમાં પાછા ફર્યા છે. ફિલ્મમાં શબાના આઝમી, દિશા પાટની અને સુવિંદર વિકી પણ મહત્વની ભૂમિકાઓમાં છે. ત્યાં જ, ફિલ્મના શાનદાર પ્રદર્શન વચ્ચે ઈમરાન હાશ્મીએ 'આવારાપન 3'ના ત્રીજા ભાગને લઈને સંકેત આપ્યો. શુક્રવારે ઈમરાન એક થિયેટરમાં પહોંચ્યા અને તેમણે લોકોને કહ્યું કે આ ફિલ્મ તમારા લોકોના કારણે શક્ય બની છે. 19 વર્ષમાં શિવમ અને 'આવારાપન'ને જે પ્રેમ મળ્યો છે, આ ફિલ્મ મેકર્સ કરતાં વધુ ચાહકોની છે.

'બિગ બોસ 13' ફેમ હિમાંશી ખુરાનાએ તેના એક્સ-બોયફ્રેન્ડ આસિમ રિયાઝ સાથેના સંબંધોને લઈને વર્ષો પછી મોટો ખુલાસો કર્યો છે. પારસ છાબડાના પોડકાસ્ટમાં હિમાંશીએ દાવો કર્યો કે એક સમયે તે આસિમના દબાણમાં ઈસ્લામ કબૂલ કરવાના ખૂબ નજીક પહોંચી ગઈ હતી.
તેણે જણાવ્યું કે સંબંધ દરમિયાન તેના પૂજા-પાઠ અને ધાર્મિક માન્યતાઓ પર વાંધો ઉઠાવવામાં આવતો હતો. હિમાંશીના મતે, માનસિક દબાણ એટલું વધી ગયું હતું કે એક રાત્રે તેને લાગ્યું કે કદાચ તેની જિંદગીનો છેલ્લો દિવસ છે. તેણે ધર્મ બદલતા પહેલા ચાર ધામ યાત્રા કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી.

# હિમાંશી ખુરાનાએ કહ્યું- દબાણમાં ઈસ્લામ કબૂલ કરવાની હતી...

(એજન્સી) મુંબઈ | તા 16

હિમાંશી ખુરાના અને આસિમ રિયાઝની મુલાકાત 'બિગ બોસ 13' દરમિયાન થઈ હતી. શોમાં બંનેની નિકટતા સતત ચર્ચામાં રહી અને થોડા સમય પછી બંનેએ પોતાના સંબંધોને આગળ વધાર્યા. શોમાંથી બહાર આવ્યા પછી પણ બંને લાંબા સમય સુધી રિલેશનશિપમાં રહ્યા. ચાહકોએ આ જોડીને 'આસિમાંશી' નામ આપ્યું હતું. જોકે, બાદમાં બંનેનો સંબંધ તૂટી ગયો. ડિસેમ્બર 2023માં બ્રેકઅપની જાહેરાત કરતા બંનેએ અલગ-અલગ ધર્મ અને ધાર્મિક માન્યતાઓને પણ કારણભૂત ગણાવી હતી. તે સમયે હિમાંશીએ સોશિયલ મીડિયા પર આસિમ સાથે થયેલી અંગત ચેટના સ્ક્રીનશોટ પણ શેર કર્યા હતા, જેમાં ધર્મને લઈને વાતચીતનો ઉલ્લેખ હતો.

હવે પારસ છાબડાના પોડકાસ્ટમાં હિમાંશીએ સંબંધ દરમિયાન આવેલા મુશ્કેલ સમયનો ઉલ્લેખ કર્યો. તેણે દાવો કર્યો કે તે સમયે તેના પાર્ટનર તરફથી તેના પૂજા-પાઠને લઈને વાંધો ઉઠાવવામાં આવતો હતો.

હિમાંશીના મતે, તેને કહેવામાં આવ્યું હતું કે પૂજા-પાઠ હવે નહીં ચાલે. તેણે દાવો કર્યો કે સામેના પરિવાર અને તેની ધાર્મિક વિચારસરણીનું દબાણ પણ તેના પર બનાવવામાં આવી રહ્યું હતું. ધીમે ધીમે આ દબાણ એટલું વધી ગયું કે તે ઈસ્લામ કબૂલ કરવાના ખૂબ નજીક પહોંચી ગઈ હતી.

હિમાંશીએ વાતચીત દરમિયાન તે રાતનો પણ ઉલ્લેખ કર્યો, જેને તેણે પોતાના જીવનનો ખૂબ જ



મુશ્કેલ સમય ગણાવ્યો. તેના મતે, તે પ્રેમમાં એટલા આગળ વધી ચૂકી હતી કે ધર્મ બદલવાના નિર્ણય માટે પણ તૈયાર થઈ ગઈ હતી.

તેણે જણાવ્યું કે ધર્મ બદલતા પહેલા તે ચાર ધામની યાત્રા કરવા માંગતી હતી. તેને એવું લાગી રહ્યું હતું કે ધર્મ બદલ્યા પછી કદાચ તે પોતાની જૂની ધાર્મિક માન્યતાઓ અને તેની સાથે જોડાયેલા લોકોથી ફરીથી મળી નહીં શકે. આ જ કારણે તે ચાર ધામ યાત્રાને છેલ્લી વાર કરવાની ઈચ્છા રાખતી હતી. હિમાંશી અને આસિમના બ્રેકઅપ સમયે પણ ધર્મનો મુદ્દો સામે આવ્યો હતો. હિમાંશીએ તે સમયે સોશિયલ મીડિયા પર બંને વચ્ચે થયેલી વાતચીતના સ્ક્રીનશોટ શેર કર્યા હતા. રિપોર્ટ્સ અનુસાર, ચેટમાં આસિમે સંબંધ પૂરા થવાનું કારણ અલગ-અલગ ધર્મ અને ધાર્મિક માન્યતાઓને જણાવ્યું હતું. હિમાંશીએ એમ પણ કહ્યું હતું કે તેણે પોસ્ટમાં ધર્મ વિશે લખ્યું હતું.



# શાહરૂખ, અજય અને ટાઈગર ભારે મુશ્કેલીમાં મુકાયા...!

(એજન્સી) મુંબઈ | તા 16

મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) એ શાહરૂખ ખાન, અજય દેવગણ અને ટાઈગર શ્રોફને કારણદર્શક નોટિસ જારી કરી છે. FDAનો આરોપ છે કે 'વિમલ ઈલાયચી'ની જાહેરાતથી રાજ્યમાં પ્રતિબંધિત 'વિમલ પાન મસાલા'નો પરોક્ષ પ્રચાર કરવામાં આવી રહ્યો છે.

ન્યૂઝ એજન્સી PTI અનુસાર, FDAએ 11 ઓગસ્ટે ત્રણેયને નોટિસ મોકલીને જાહેરાતમાં તેમની ભૂમિકા અંગે 15 દિવસમાં જવાબ અને સ્પષ્ટતા માગી છે. શાહરૂખ ખાનને બાંદ્રા સ્થિત તેમના ઘર 'મન્નત', અજય દેવગણને જુહુ સ્થિત આવાસ અને ટાઈગર શ્રોફને તેમની પ્રોડક્શન કંપની 'ટાઈગર શ્રોફ પ્રોડક્શન્સ એલએલપી'ના સરનામે નોટિસ મોકલવામાં આવી છે. FDAનું કહેવું છે કે જાહેરાતમાં 'વિમલ' નામ, પ્રોડક્ટ અને ડાયલોગનો ઉપયોગ એવી રીતે કરવામાં આવ્યો છે કે તેનાથી 'વિમલ' બ્રાન્ડનો પ્રચાર થતો દેખાય છે. જેમ કે 'વિમલ' બ્રાન્ડ પાન મસાલા સાથે પણ સંકળાયેલી છે, તેથી FDAને શંકા છે કે જાહેરાત દ્વારા પ્રતિબંધિત પાન મસાલાનો પરોક્ષ પ્રચાર કરવામાં આવી રહ્યો છે.

મહારાષ્ટ્રમાં તમાકુ કે નિકોટિનયુક્ત ગુટખા અને પાન મસાલા પર 2012થી પ્રતિબંધ છે. આ પ્રતિબંધ દર વર્ષે લંબાવવામાં આવે છે. હાલનો પ્રતિબંધ 13 જુલાઈ 2026થી એક વર્ષ માટે લાગુ છે. આ અંતર્ગત પાન મસાલા બનાવવા, રાખવા, લાવવા-લઈ જવા અને વેચવા પર પ્રતિબંધ છે.

આ કાયદાને દર વર્ષે રિન્યુ કરવામાં આવે છે. તાજેતરમાં 13 જુલાઈ 2026ના રોજ આ પ્રતિબંધની અવધિ ફરી લંબાવવામાં આવી છે. FDA કમિશનર તુકારામ મુંઢેએ 12 જૂને અધિકારીઓને નિર્દેશ આપ્યા હતા કે સંગઠિત ગુટખા અને તમાકુ નેટવર્કના કેસોમાં પોલીસ સાથે મળીને 'મકોકા' (MCOCA - મહારાષ્ટ્ર સંગઠિત અપરાધ નિયંત્રણ અધિનિયમ) હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

## જસપ્રિત બુમરાહને રાષ્ટ્રીય સંપત્તિ'ની જેમ સાચવો આકાશ ચોપરાની વર્કલોડ મેનેજમેન્ટ'ને સલાહ



(એજન્સી) નવી દિલ્હી । તા. 16

ભારતીય ક્રિકેટ જગતમાંથી એક મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે, જ્યાં ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ ડાબા ઘૂંટણની સમસ્યા અને સોજાના કારણે શ્રીલંકા સામેની આગામી બે ટેસ્ટ મેચની સિરીઝમાંથી બહાર થઈ ગયા છે. ઈંગ્લેન્ડ સામેની વન-ડે મેચ દરમિયાન ફીલ્ડિંગ કરતી વખતે તેમને આ ઈજા થઈ હતી. હાલમાં ૩૨ વર્ષીય બુમરાહ બેંગલુરુ સ્થિત 'બીસીસીઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સ' ખાતે રિહેબિલિટેશનમાંથી પસાર થઈ રહ્યા છે અને તેમની વાપસી અંગે હજુ સુધી કોઈ ચોક્કસ સમય નક્કી થયો નથી. આ સિરીઝ માટે બુમરાહના સ્થાને યુવા ફાસ્ટ બોલર આકિબ નબીનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

બુમરાહની આ ઈજાને કારણે ભારતીય ક્રિકેટમાં ફરી એકવાર 'વર્કલોડ મેનેજમેન્ટ' અંગે ગંભીર ચર્ચા શરૂ થઈ ગઈ છે. પૂર્વ ભારતીય ક્રિકેટર અને પ્રખ્યાત કોમેન્ટેટર આકાશ ચોપરાએ બુમરાહને 'જીનિયસ' ગણાવતાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે જો તેમના શરીરને આરામની આવશ્યકતા હોય તો ક્રિકેટ બોર્ડે ચોક્કસપણે તેમને પૂરતો આરામ આપવો જોઈએ. ચોપરાના મતે, બુમરાહ વિના પણ ભારતીય ટીમ મેદાન પર રમી શકે છે, પરંતુ આવા અસાધારણ અને પ્રતિભાશાળી બોલરની કારકિર્દી લાંબી ચાલે તે માટે તેમના શરીરની ક્ષમતા મુજબ આરામ આપવો અને તેમને 'રાષ્ટ્રીય સંપત્તિ'ની જેમ સાચવવા ખૂબ જ અનિવાર્ય છે.

શુભમન ગિલની આગેવાની હેઠળ ભારતીય ટીમ શ્રીલંકા સામે ગૉલ ખાતે પ્રથમ ટેસ્ટ મેચ રમવા માટે સજ્જ છે. આ મહત્વપૂર્ણ ટેસ્ટ ટીમમાં કે.એલ. રાહુલ, યશસ્વી જયસ્વાલ, ઋષભ પંત, રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ અને મોહમ્મદ સિરાજ જેવા અનુભવી ખેલાડીઓ સામેલ છે. જસપ્રિત બુમરાહની ગેરહાજરીમાં ભારતીય ફાસ્ટ બોલિંગ આક્રમણે તદ્દન નવી વ્યૂહરચના સાથે મેદાનમાં ઉતરવું પડશે, પરંતુ હાલના તબક્કે ટીમ મેનેજમેન્ટ અને પસંદગીકારો માટે બુમરાહની લાંબા ગાળાની ફિટનેસ જ સર્વોચ્ચ પ્રાથમિકતા બની રહી છે.

એકાવતરમાં ચેમ્પિયન બનેલી ટીમનો જલવો

# ભારતે રચ્યો ઈતિહાસ, વેગનર સ્ટેડિયમમાં રચાયો નવો રેકોર્ડ

(એજન્સી) એમસ્ટેલવીન । તા. 16



ભારતીય રમતગમત જગતના ઈતિહાસમાં સોનેરી અક્ષરોથી લખા જાય તેવો એક અત્યંત ગર્વભર્યો અને ઐતિહાસિક દિવસ તાજેતરમાં જ સામે આવ્યો છે, જ્યાં દેશના સ્વતંત્રતા પર્વ એટલે કે ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ના પવિત્ર અવસર પર ભારતીય પુરુષ હોકી ટીમે મેદાન પર ઉતરતાની સાથે જ વિશ્વભરમાં એક અનોખો અને અવિસ્મરણીય ઈતિહાસ રચી દીધો છે. નેધરલેન્ડ્સના એમસ્ટેલવીન શહેર ખાતે આવેલા પ્રખ્યાત વેગનર સ્ટેડિયમમાં એફઆઈએચ પુરુષ હોકી વર્લ્ડ કપ ૨૦૨૬ની પોતાની પ્રથમ રોમાંચક મેચ રમવા માટે વેલ્સ સામે ઉતરતાની સાથે જ ભારત દુનિયાની સર્વપ્રથમ એવી ટીમ બની ગઈ છે, જેણે હોકી વર્લ્ડ કપની અત્યાર સુધી યોજાયેલી તમામ ૧૬ એડિશનમાં ભાગ લેવાનું અદભુત ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

આંકડાકીય દ્રષ્ટિએ જોઈએ તો, ભારત ઉપરાંત સ્પેન, નેધરલેન્ડ્સ અને જર્મની જેવી દિગ્ગજ ટીમો પણ અગાઉના તમામ ૧૫ વર્લ્ડ કપ રમી ચૂકી છે, પરંતુ વર્તમાન ૨૦૨૬ના આ મહાકુંભમાં ભારતીય ટીમની મેચ આ અન્ય દેશોની તુલનામાં સૌથી વહેલી શેડ્યૂલ થયેલી હોવાથી, યુવા અને કુશળ કેપ્ટન હરપ્રીત સિંહની મજબૂત આગેવાની હેઠળ મેદાન પર પગ મૂકતા જ ૧૬મો વર્લ્ડ કપ રમવાનો આ ગૌરવવંતો રેકોર્ડ સત્તાવાર રીતે ભારતના નામે પક્કો થઈ ગયો છે.

આ સિદ્ધિ હાંસલ થવાથી દેશભરના હોકી પ્રેમીઓમાં ભારે ખુશી અને ઉત્સાહની લહેર દોડી ગઈ છે, કારણ કે આ રેકોર્ડ ભારતીય હોકીની ચિરંજીવી અનન્ય પરંપરા અને સતતતાની સાક્ષી પૂરે છે.

ભારતીય હોકી ટીમની આ સફર દાયકાઓ જૂની અને અત્યંત પ્રેરણાદાયક રહી છે. ઈતિહાસ પર નજર કરીએ તો, વર્ષ ૧૯૭૧માં બાર્સિલોના ખાતે યોજાયેલા સૌપ્રથમ વર્લ્ડ કપમાં ભારતે કાંસ્ય પદક એટલે કે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું, જ્યારે ૧૯૭૩માં નેધરલેન્ડ્સમાં યોજાયેલી ટુર્નામેન્ટમાં ટીમ ઉપવિજેતા રહી હતી. આ તમામ સિદ્ધિઓમાં સર્વોચ્ચ શિખર ૧૯૭૫નું વર્ષ રહ્યું હતું, જ્યારે મલેશિયાના કુઆલાલંપુરમાં રમાયેલી રોમાંચક ફાઈનલ મેચમાં ભારતે પોતાના કટ્ટર હરીફ પાકિસ્તાનને ૨-૧ ના શાનદાર ગોલથી ધૂળ ચટાડીને પ્રથમ અને એકમાત્ર વર્લ્ડ કપ ખિતાબ પોતાના નામે કર્યો હતો. જો કે, ત્યારપછીના વર્ષોમાં ઉતાર-ચઢાવ આવ્યા અને ઓડિશામાં યોજાયેલા અગાઉના વર્લ્ડ કપમાં ભારતીય ટીમને નવમા સ્થાનેથી સંતોષ માનવો પડ્યો હતો, પરંતુ આ વખતે ટીમ ફરીથી જોશ સાથે મેદાનમાં છે.

વર્તમાન ટુર્નામેન્ટમાં ભારતીય ટીમ સ્ટાર ડિફેન્ડર અને કુશળ રણનીતિકાર હરપ્રીત સિંહના મજબૂત નેતૃત્વ હેઠળ મેદાનમાં ઉતરી છે. ટીમની આ તાકાતમાં પૂર્વ કેપ્ટન મનપ્રીત સિંહ, અનુભવી ખેલાડી અમિત રોહિદાસ અને તેજસ્વી મિડફિલ્ડર વિવેક સાગર પ્રસાદ જેવા દિગ્ગજ ખેલાડીઓ સામેલ છે, જેઓ ભારતને ફરી એકવાર વિશ્વ વિજેતા બનાવવાની પૂરી ક્ષમતા ધરાવે છે. ગ્રુપ સ્ટેજ અંતર્ગત ભારતીય ટીમનો પ્રથમ મુકાબલો વેલ્સ સામે સફળતાપૂર્વક સંપન્ન થયો છે.

# હોમગ્રાઉન્ડ પર બીડબ્લ્યુએફ વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે પી.વી. સિંધુ ઉત્સાહિત

(એજન્સી) નવી દિલ્હી । તા. 16



ભારતીય બેડમિન્ટન જગતમાંથી એક અત્યંત ઉત્સાહવર્ધક અને ગર્વની ક્ષણ સામે આવી છે, જ્યાં દેશની સ્ટાર બેડમિન્ટન ખેલાડી પી.વી. સિંધુ પોતાના ઘરઆંગણે યોજાનારી બીડબ્લ્યુએફ વર્લ્ડ ચેમ્પિયનશિપ ૨૦૨૬માં ભાગ લેવા માટે પૂરી રીતે તૈયાર છે અને હોમ સપોર્ટનો પૂરો લાભ લઈને દેશ માટે વધુ એક મેડલ જીતવા માટે આતુર છે. એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વાતચીત કરતા સિંધુએ જણાવ્યું હતું કે ભારતની ધરતી પર આ વૈશ્વિક સ્પર્ધા યોજાઈ રહી છે તે બાબત તેના માટે અત્યંત ખાસ છે, કારણ કે વર્ષ ૨૦૧૯માં વર્લ્ડ ચેમ્પિયનશિપ જીત્યા બાદ આશરે સાત વર્ષ પછી ફરીથી પોતાના દેશમાં આ ટૂર્નામેન્ટ રમાઈ રહી છે અને તે ફરીથી શાનદાર પ્રદર્શન કરવા માટે આશાવાદી છે.

ભારતીય શટલરે જણાવ્યું હતું કે તાજેતરમાં જ જાપાન ઓપનનું ટાઈટલ જીતવાના કારણે તેનો આત્મવિશ્વાસ સાતમા આસમાને પહોંચી ગયો છે અને તે આ જ સકારાત્મક ઉર્જા સાથે આગામી મુકાબલાઓમાં મેદાન પર શે. તે દરેક મેચને એક સમયે એક એમ લઈને આગળ વધી રહી છે. ભારતીય દર્શકોનો અપાર સહકાર ખેલાડીઓ માટે એક વધારાનું પ્રોત્સાહન બની રહેશે તેવી આશા વ્યક્ત કરતા સિંધુએ કહ્યું હતું કે તે ઘરઆંગણે રમવા માટે ખૂબ જ ખુશ છે. ઉલ્લેખનીય છે કે બીડબ્લ્યુએફ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં સિંધુનો ઈતિહાસ અત્યંત શાનદાર રહ્યો છે, જ્યાં તેણે એક ગોલ્ડ, બે સિલ્વર અને બે બ્રોન્ઝ સહિત કુલ પાંચ મેડલ જીતીને ચીનની દિગ્ગજ ખેલાડી ઝાંગ નિંગના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. આ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભારત એક કરતાં વધુ મેડલ જીતવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરી રહ્યું છે, અને તમામની નજર સિંધુના પ્રદર્શન પર રહેશે. ડ્રો અનુસાર, સિંધુ તેના શરૂઆતના રાઉન્ડમાં વિશ્વની નંબર વન ખેલાડી એન સે યંગ કે ડિફેન્ડિંગ ચેમ્પિયન અકાને યમાગુચી સામે મેડલ રાઉન્ડ પહેલા નહીં ટકરાય, જો કે પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં તેનો મુકાબલો ચીનની ત્રીજી ક્રમાંકિત વાંગ ઝી યી સામે થવાની સંભાવના છે. આ ઉપરાંત, પુરુષ યુગલની જોડી સાત્વિક અને ચિરાગ તેમજ મિશ્ર યુગલમાં ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટો તથા રોહન કપૂર અને જી. રુથવિકા શિવાની પણ પોતપોતાની શ્રેણીમાં મજબૂત શરૂઆત કરવા માટે સજ્જ છે.

## રાવલપિંડી એક્સપ્રેસની અધૂરી રહી ગઈ ખ્વાહીશ

### ફાસ્ટ બોલિંગ જાળવવા રોજ કરવો પડતો સંઘર્ષ



(એજન્સી) લાહોર । તા. 16

વૈશ્વિક ક્રિકેટ જગતમાં પોતાની અકલ્પનીય અને ખતરનાક ઝડપથી બેટ્સમેનોના દિલમાં ફફડાટ પેદા કરનાર પાકિસ્તાનના પ્રખ્યાત પૂર્વ ફાસ્ટ બોલર શોએબ અખ્તરે એક ટીવી ચેનલ પર વાતચીત દરમિયાન અત્યંત ચોંકાવનારો અને ભાવુક ખુલાસો કર્યો છે. 'રાવલપિંડી એક્સપ્રેસ' તરીકે જગવિખ્યાત બનેલા અખ્તરે જણાવ્યું છે કે જો તેને પોતાની ક્રિકેટ કારકિર્દી દરમિયાન મહાન ખેલાડી ઈમરાન ખાન જેવી પ્રેરણાદાયક કપ્તાની મળી હોત, તો તેની ટેસ્ટ કારકિર્દીનું ચિત્ર આજે તદ્દન અલગ હોત અને તેના ખાતામાં માત્ર ૧૭૮ નહીં પરંતુ ચારસોથી પણ વધુ ટેસ્ટ વિકેટો જમા હોત.

પોતાના ક્રિકેટ રેકોર્ડ્સ વિશે વાત કરતા શોએબ અખ્તરે જણાવ્યું હતું કે તેણે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં તો ૪૦૦થી વધુ વિકેટો ઝડપી છે, પરંતુ આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાં તે માત્ર ૪૬ મેચો રમીને ૧૭૮ વિકેટ જ લઈ શક્યો હતો. જ્યારે તેણે ૧૯૯૭માં ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું, ત્યારે પાકિસ્તાનના દિગ્ગજ ખેલાડી ઈમરાન ખાન આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી પહેલેથી જ નિવૃત્તિ લઈ ચૂક્યા હતા. અખ્તરના મતે, ઈમરાન ખાન પાસે ખેલાડીઓની અંદર રહેલી ક્ષમતાને બહાર લાવીને તેમની પાસેથી સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કઢાવવાની અદ્ભુત કુશળતા હતી, જેની કમી તેને આખી કારકિર્દી દરમિયાન વર્તાયા રાખી હતી.

પોતાની કારકિર્દીના કાળાં ડિબાંગ સત્યો અને શારીરિક સંઘર્ષ વિશે ખુલાસો કરતા અખ્તરે ઉમેર્યું હતું કે પોતાની અપ્રતિમ ઝડપને ટકાવી રાખવા માટે તેણે દરરોજ એક પ્રકારનું મોટું યુદ્ધ લડવું પડતું હતું. ઘૂંટણમાં જામી જતા પ્રવાહીને બહાર કાઢવા માટે તેને રોજ સિરીંજનો સહારો લેવો પડતો હતો અને ટીમ જાગે તે પહેલાં જ વહેલી સવારે જિમ તથા સાઈકલિંગ કરવું પડતું હતું. મેચ પૂરી થયા પછી શરીરને ફરીથી સામાન્ય સ્થિતિમાં લાવવા માટે તેને રોજ પાંચ કલાક જેટલો લાંબો સમય લાગતો હતો.

૨૮ ઓગસ્ટથી દુબઈમાં એશિયા કપનો થશે પ્રારંભ

## ફાતિમા સના પાકિસ્તાન મહિલા ટીમની કેપ્ટન તરીકે નિયુક્ત

(એજન્સી) લાહોર । તા. 16

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા મહિલા ક્રિકેટ ટીમ માટે આગામી મોટી સ્પર્ધાઓને લઈને એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે મહિલા એશિયા કપ અને એશિયન ગેમ્સ માટે ૧૫ સભ્યોની પોતાની સત્તાવાર સ્ક્વોડ જાહેર કરી દીધી છે, જેમાં ઓલરાઉન્ડર ફાતિમા સના ફરી એકવાર ટીમની કેપ્ટન તરીકે પુનરાગમન કરી રહી છે. અગાઉ શ્રીલંકા સામેની ટી-ટ્વેન્ટી શ્રેણીમાં તે 'ધ હંડ્રેડ' સ્પર્ધામાં ભાગ લેવાને કારણે રમી શકી ન હતી, પરંતુ હવે તે બંને મહત્વપૂર્ણ ટૂર્નામેન્ટમાં પાકિસ્તાની ટીમનું નેતૃત્વ સંભાળશે. મહિલા એશિયા કપ આગામી ૨૮ ઓગસ્ટથી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાનાર છે, જેમાં પાકિસ્તાનને ભારત, થાઈલેન્ડ અને હૉંગકૉંગ-ચાઈના સાથે ગ્રુપ 'એ'માં સ્થાન મળ્યું છે. પાકિસ્તાન ટીમ પોતાના અભિયાનની શરૂઆત ૧ સપ્ટેમ્બરે થાઈલેન્ડ સામે કરશે, ત્યારબાદ ૫ સપ્ટેમ્બરે ભારત સામે અને ૭ સપ્ટેમ્બરે હૉંગકૉંગ સામે મુકાબલો રમશે. આ ટુર્નામેન્ટની સેમિ-ફાઈનલ મેચો ૧૦ અને ૧૧ સપ્ટેમ્બરે તથા ખિતાબી મુકાબલો ૧૩ સપ્ટેમ્બરે રમાશે. એશિયન ગેમ્સની શરૂઆત ૧૭ સપ્ટેમ્બરથી જાપાનના આઈચી ખાતે આવેલા કોરોગી એથલેટિક પાર્ક ખાતે થશે, જ્યાં પાકિસ્તાન પોતાની પ્રથમ ક્વાર્ટર ફાઈનલ મેચ થાઈલેન્ડ સામે રમશે. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાની મહિલા ટીમે અગાઉ વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૪માં એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતવાની સિદ્ધિ મેળવી છે.



મેસીની પેનલ્ટી નિષ્ફળ જતાં પરાજય મળ્યો

## મેસીની પેનલ્ટી મિસ છતાં ઈન્ટર મિયામીની હાર

(એજન્સી) નેશવિલ । તા. 16



ફૂટબૉલ જગતના મહાન ખેલાડી લિઓનેલ મેસી અને તેમની ટીમ ઈન્ટર મિયામી માટે શનિવારનો દિવસ અત્યંત નિરાશાજનક રહ્યો હતો, જ્યાં મેજર લીગ સોકર અંતર્ગત રમાયેલી એક રોમાંચક મેચમાં નેશવિલ સામે ઈન્ટર મિયામીને પરાજયનો સામનો કરવો પડ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ મુકાબલા દરમિયાન અર્જેન્ટિનાના દિગ્ગજ ફૂટબૉલર લિઓનેલ મેસી પોતાની કારકિર્દીમાં પહેલીવાર સતત ત્રીજી પેનલ્ટી કિક ગોલ કરવામાં નિષ્ફળ ગયા છે, જેના કારણે ટીમની મુશ્કેલીઓમાં મોટો વધારો થયો છે અને ઈન્ટર મિયામીને સતત ત્રીજી હાર સહન કરવી પડી છે.

મેચની શરૂઆતના તબક્કામાં જ એટલે કે ત્રીજી મિનિટમાં જ ઈન્ટર મિયામી પાસે સ્કોર બરાબર કરવાનો સુવર્ણ અવસર આવ્યો હતો, જ્યારે ટીમને પેનલ્ટી મળી હતી. પરંતુ નેશવિલના ગોલકીપર બ્રાયન શ્વાકે શાનદાર રમત દાખવીને મેસીના આ શાનદાર શોર્ટને સફળતાપૂર્વક બચાવી લીધો હતો.

આ રીબાઉન્ડ પર સર્જિયો રેગ્યુલિને બોલ નેટમાં નાખીને ગોલ કર્યો હતો, પરંતુ વીડિયો આસિસ્ટન્ટ રેફરીની ચકાસણી બાદ એન્ક્રોચમેન્ટના નિયમ હેઠળ તે ગોલ રદ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મિયામીએ એન્ડી nાijarના શરૂઆતના ગોલ બાદ ટેલાસ્કો સેગોવિયા દ્વારા સ્કોર સરખો કર્યો હતો, પરંતુ નેશવિલના પૂર્વ એમવીપી ખેલાડી હની મુખ્તાર દ્વારા શાનદાર પ્રદર્શન કરીને બે ગોલ નોંધાવવામાં આવ્યા હતા અને પોતાની ટીમને વિજયી બનાવી હતી.

પ્રતિબંધિત વિસ્તારમાં ફોન વાપરવો પડ્યો ભારે

## મેચ દરમિયાન ગર્લફ્રેન્ડને મેસેજ કરતા ક્રિકેટર દંડાયો

(એજન્સી) ચેન્નઈ । તા. 16

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા ખેલાડીઓની શિસ્ત અને મેદાનના નિયમોના પાલન માટે હંમેશા કડક વલણ અપનાવવામાં આવતું હોય છે, ત્યારે રમતગમત જગતમાંથી એક અત્યંત ચર્ચાસ્પદ અને રોમાંચક કિસ્સો સામે આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, તમિલનાડુના એક પ્રતિભાશાળી રણજી ક્રિકેટરને મેચ દરમિયાન ડ્રેસિંગ રૂમમાંથી પોતાની ગર્લફ્રેન્ડને મેસેજ કરવાનું ભારે પડી ગયું છે. ભારતીય ક્રિકેટ બોર્ડની એન્ટી કરપ્શન એન્ડ સિક્યુરિટી યુનિટ દ્વારા સુરક્ષા પ્રોટોકોલનું ઉલ્લંઘન કરવા બદલ આ ખેલાડી પર એક લાખ રૂપિયાનો મસમોટો દંડ ફટકારવામાં આવ્યો છે એટલું જ નહીં પરંતુ તેને આગામી તમિલનાડુ પ્રીમિયર લીગમાંથી પણ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે.

આ સમગ્ર મામલો પ્લેયર્સ એન્ડ મેચ ઓફિશિયલ્સ એરિયા એટલે કે પીએમઓસી વિસ્તારમાં બન્યો હતો. આ એવો અત્યંત સંવેદનશીલ અને પ્રતિબંધિત વિસ્તાર ગણવામાં આવે છે જ્યાં ડ્રેસિંગ રૂમની અંદર કોઈપણ ખેલાડી કે સપોર્ટ સ્ટાફ માટે મોબાઈલ ફોન, સ્માર્ટવોચ કે અન્ય કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રોનિક કોમ્યુનિકેશન ડિવાઈસનો ઉપયોગ કરવાની સખત મનાઈ હોય છે. તમિલનાડુ ક્રિકેટ એસોસિએશનના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ, છવ્વીસ વર્ષીય આ ડાબોડી બેટ્સમેને ગત રણજી સિઝનમાં ઉત્તમ પ્રદર્શન કર્યું હતું, પરંતુ આ ગંભીર શિસ્તભંગના કારણે તેની કારકિર્દી પર મોટો પ્રશ્નાર્થ ચિહ્ન લાગી ગયો છે.

અધિકારીઓએ આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે આ ક્રિકેટર પર મેચ ફિક્સિંગ, સટ્ટાબાજી કે અન્ય કોઈ ભ્રષ્ટાચારનો આરોપ નથી, પરંતુ માત્ર ડ્રેસિંગ રૂમની અંદર બેસીને મોબાઈલ વાપરવા અને સુરક્ષાના કાયદા તોડવા બદલ જ આ શિક્ષા કરવામાં આવી છે. બીસીસીઆઈના સ્પષ્ટ નિયમ મુજબ, તમામ ખેલાડીઓએ આવા પ્રતિબંધિત ક્ષેત્રમાં પ્રવેશતા પહેલા પોતાના ફોન સ્વિચ ઓફ કરીને તૈનાત સુરક્ષા અધિકારી પાસે જમા કરાવવાના હોય છે, જેથી મેચ દરમિયાન બહારની દુનિયા સાથેનો બિનજરૂરી સંપર્ક ટાળી શકાય.

જીત // બાંગ્લાદેશી ટીમની કમાલથી દેશમાં ઉજવણી, વિશ્વની નંબર વન ટીમને ઘરઆંગણે હરાવી

# બાંગ્લાદેશની ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ મેચમાં ઐતિહાસિક જીત

(એજન્સી) નવી દિલ્હી । તા. 16



વૈશ્વિક ક્રિકેટ જગતમાં પ્રભુત્વ ધરાવતા શક્તિશાળી દેશો સામે રમતગમત ક્ષેત્રે અચાનક એવા ચોંકાવનારા પરિણામો સામે આવતા હોય છે જે સૌ કોઈને દંગ કરી દે છે, અને તેવો જ એક અત્યંત ગર્વભર્યો ઈતિહાસ પડોશી દેશ બાંગ્લાદેશ દ્વારા રચવામાં આવ્યો છે. બાંગ્લાદેશની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમે ઓસ્ટ્રેલિયાના ડાર્વિન ખાતે રમાયેલી ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચમાં યજમાન ઓસ્ટ્રેલિયાની ટીમને ૯ વિકેટના મોટા માર્જિનથી કારમી હાર આપીને એક નવો જ કિર્તિમાન સ્થાપિત કર્યો છે. ઓસ્ટ્રેલિયાની ધરતી પર ઈતિહાસમાં પહેલીવાર ટેસ્ટ મેચ જીતીને બાંગ્લાદેશી ખેલાડીઓએ સમગ્ર વિશ્વમાં ડંકો વગાડી દીધો છે.

બાંગ્લાદેશના પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદન અનુસાર, બાંગ્લાદેશી ટીમે ઓસ્ટ્રેલિયાની ધરતી પર પોતાની પહેલી જ ટેસ્ટ શ્રેણીના પ્રારંભે આ અભૂતપૂર્વ સફળતા હાંસલ કરી છે. જ્યારે બાંગ્લાદેશી ટાઈગર્સે આ સદીઓની યાદગાર જીત મેળવી ત્યારે દેશના વડાપ્રધાન તારિક રહેમાન કિશોરગંજ જવાના માર્ગ પર હતા. મેચનું પરિણામ આવતાની સાથે જ પ્રધાનમંત્રીએ તાત્કાલિક ધોરણે વિડિયો કૉલના માધ્યમથી ટીમના તમામ ખેલાડીઓ સાથે સીધી વાતચીત કરી હતી અને સમગ્ર દેશવાસીઓ તરફથી તેમને આ ઐતિહાસિક વિજય બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. પ્રધાનમંત્રી તારિક રહેમાને ખેલાડીઓ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ઓસ્ટ્રેલિયા જેવી અત્યંત મજબૂત અને વિશ્વની નંબર-વન ટેસ્ટ ટીમને તેમના જ ઘરે હરાવીને મેળવેલી આ જીતથી સમગ્ર રાષ્ટ્રનું ગૌરવ અનેકગણું વધી ગયું છે. તેમણે આ અસાધારણ સિદ્ધિનો શ્રેય ખેલાડીઓની દ્રઢ મનોબળ, આત્મવિશ્વાસ, કુશળતા અને ઉત્કૃષ્ટ ટીમ વર્કને આપ્યો હતો. પ્રધાનમંત્રીએ માત્ર ખેલાડીઓ જ નહીં પરંતુ કોચિંગ સ્ટાફ અને આ સમગ્ર અભિયાન સાથે જોડાયેલા તમામ લોકોની પ્રશંસા કરી હતી અને એવી આશા વ્યક્ત કરી હતી કે આગામી મેચોમાં પણ ટીમ આ જ પ્રકારનું શાનદાર પ્રદર્શન જાળવી રાખશે અને સીરિઝ જીતવાના સપનાને વાસ્તવિકતામાં ફેરવશે.

ક્રિકેટ ઈતિહાસ પર નજર કરીએ તો, અગાઉ બાંગ્લાદેશે વર્ષ ૨૦૧૭માં મીરપુર ખાતે ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ટેસ્ટ મેચ જીતી હતી, પરંતુ વિદેશી ધરતી પર ઓસ્ટ્રેલિયાને હરાવવું એ બાંગ્લાદેશી ક્રિકેટ માટે સૌથી મોટી ઉપલબ્ધિ ગણવામાં આવી રહી છે. મીડિયા અહેવાલ અનુસાર, આ ભવ્ય વિજય બાદ બાંગ્લાદેશમાં દિવાળી જેવું માહોલ સર્જાઈ ગયો છે અને હજારો ક્રિકેટ પ્રેમીઓ રસ્તાઓ પર ઉતરીને ઉજવણી કરી રહ્યા છે. આગામી સમયમાં રમાનારી ટેસ્ટ મેચો માટે પણ ખેલાડીઓનો ઉત્સાહ સાતમા આસમાને પહોંચી ગયો છે, અને આ જીતથી બાંગ્લાદેશી ટીમનું મનોબળ આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ જ મજબૂત બન્યું છે.

મોગરા પોલીસે હાઈકોર્ટના નિર્દેશ બાદ કરી હતી ધરપકડ

# આઈપીએલ સ્ટાર અભિષેક પોરેલ જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલાયો

(એજન્સી) ચિનસુરા । તા. 16

ભારતીય ક્રિકેટ જગતમાંથી એક અત્યંત ચોંકાવનારા અને વિવાદાસ્પદ સમાચાર સામે આવ્યા છે, જ્યાં બંગાળ અને આઈપીએલની પ્રખ્યાત ટીમ દિલ્હી કેપિટલ્સના યુવા વિકેટકીપર-બેટ્સમેન અભિષેક પોરેલને કોર્ટ તરફથી મોટો આંચકો મળ્યો છે.

લગ્નનું વચન આપીને શારીરિક સંબંધ બાંધવા અને દુર્વ્યવહાર કરવા જેવા ગંભીર આરોપો હેઠળ ધરપકડ કરાયેલા ૨૩ વર્ષીય અભિષેક પોરેલના જામીન અરજીને ચિનસુરા કોર્ટે ફગાવી દીધી છે અને તેને ૧૪ દિવસની ન્યાયિક (જ્યુડિશિયલ) કસ્ટડીમાં મોકલવાનો આદેશ કર્યો છે.

આ સમગ્ર મામલાની શરૂઆત કર્ણાટકમાં મેડિકલનો અભ્યાસ કરી રહેલી એક યુવતી દ્વારા મોગરા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદથી થઈ હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ૨૩ જૂનથી આ કેસની તપાસ ચાલી રહી હતી અને બંને વચ્ચે છેલ્લા સાડા ત્રણ વર્ષથી પ્રેમસંબંધ હોવાનું તેમજ સાથે વિદેશ પ્રવાસ કર્યા હોવાનું પણ સામે આવ્યું છે. અગાઉ અદાલતે તેને ત્રણ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલ્યો હતો, અને પોલીસ કસ્ટડીની મુદત પૂરી થતાં સોમવારે તેને ફરીથી અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાંથી તેને જેલ હવાલે કરવાનો હુકમ કરાયો છે.

પોલીસે અગાઉ અભિષેક પોરેલના ચંદનનગર સ્થિત નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા પરંતુ તે હાથ લાગ્યો ન હતો. આ મામલે ફરિયાદી અને નીચલી કોર્ટે કલકત્તા હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા, ત્યારબાદ હાઈકોર્ટે મોગરા પોલીસને પોરેલની તાત્કાલિક ધરપકડ કરવાના સખત નિર્દેશ આપ્યા હતા.

હાઈકોર્ટના આદેશને પગલે પોલીસે કોલકાતાથી તેની ધરપકડ કરીને વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. ક્રિકેટની દુનિયામાં બંગાળની રણજી ટીમ અને દિલ્હી કેપિટલ્સ માટે રમી ચૂકેલા આ ખેલાડી માટે આ કાનૂની વિવાદ કારકિર્દી સામે મોટું સંકટ બનીને ઉભો રહ્યો છે.

### મિશિગનમાં અલગ અલગ જગ્યાઓથી મળ્યા શબ, યુનિવર્સિટી કેમ્પસમાં ફાયરિંગથી પાંચ લોકો ઘાયલ

# અમેરિકાના મિશિગનમાં અંધાધૂંધ ગોળીબારથી 6ના મોત

(એજન્સી) ન્યૂયોર્ક । તા. 16

